(૨) સક્ષમ કોર્ટ, ટ્રિબ્યુનલ ભારતીય સરકારી દસ્તાવેજીકરણ તંત્ર દ્વારા કોઇપણ કાયદાના અર્થઘટનમાં ફેરફાર, આવા અર્થઘટન માટે ઉક્ત તંત્રો આખરી તંત્રો છે અથવા

(૩) કોઇપણ સક્ષમ વૈધાનિક તંત્ર દ્વારા કોઇપણ સંમતિ, મંજૂરી કે લાઇસન્સમાં ફેરફાર

(૧૮) **આયોગ** એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

(૧૯) **નિયંત્રણ મુદત** એટલે ૧ લી એપ્રિલ, ૨૦૧૧ થી ૩૧ માર્ચ,૨૦૧૬ સુધીના પાંચ વર્ષની મુદત અને આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર વરતારો રજૂ કરવા ત્યારપછી પાંચ વર્ષનો દરેક બ્લોક

(૨૦) **કટ ઓફ ડેટ** એટલે પ્રોજેક્ટના વાણિજ્યિક સંચાલનના વર્ષના બે વર્ષ પછી બંધ થતા વર્ષની ૩૧મી માર્ચ અને પ્રોજેક્ટની જાહેરાત વર્ષના છેલ્લા ત્રિમાસમાં વાણિજ્યિક સંચાલન હેઠળ કરાય તો, વાણિજ્યિક સંચાલનના વર્ષના બાદ ત્રણ વર્ષ પછી બંધ થતાં વર્ષની ૩૧ માર્ચ કટ ઓફ તારીખ ગણાશે.

(૨૧) **દિવસ** એટલે ૦ કલાકે શરૂ થતી ૨ ii કલાકની મુદત

(૨૨) **વાણિજ્યિક સંચાલનની તારીખ** (COD) એટલે

(ક) થર્મલ વીજ ઉત્પાદન મથકના યુનિટો બ્લોકના સંબંધમાં, વીજ ઉત્પાદન કંપનીએ, હિતાધિકારીઓને નોટીસ આપ્યા પછી સફળ અજમાયશ રન મારફત્ત અધિકતમ સત્તા દર નિર્ધારણ (MCR) અથવા સ્થાપિત શક્તિ દર્શાવીને ૦૦-૦૦ કલાકથી જાહેર કરેલી તારીખ, જેની આયોગના હુકમ અનુસાર અનુસૂચિત પ્રકિયા સંપૂણર્પણે અમલમાં મૂકાય છે.

(ખ) વીજ ઉત્પાદન મથકના સંબંધના વાણિજ્યિક સંચાલનથી તારીખ એટલે વીજ ઉત્પાદન મથકના છેલ્લા યુનિટના વાણિજ્યિક સંચાલનની તારીખ

(૧) જળ-વિદ્યુત ઉત્પાદન મથકના યુનિટના સંબંધમાં વીજ ઉત્પાદન કંપનીએ ૦૦-૦૦ કલાકથી જાહેર કરેલી તારીખ, જેની હિતાધિકારીઓને નોટિસ આપ્યા પછી, આયોગનાં હુકમ અનુસાર અનુસૂચિત પ્રકિયા પૂરેપૂરી અમલમાં મૂકાય છે અને સમગ્ર તરીકે વીજ ઉત્પાદન મથકના સંબંધમાં હિતાધિકારીઓને નોટિસ આપ્યા પછી સફળ અજમાયશ રન મારફત વીજ ઉત્પાદન મથક સ્થાપિત શક્તિનું અનુરૂપ ટોચની ક્ષમતા દર્શાવ્યા બાદ, વીજ ઉત્પાદન મથકે જાહેર કરેલી તારીખ,

નોંધ :-

(૧) તળાવ કે સંગ્રહ સાથેના જળ-વિદ્યુત ઉત્પાદન મથક, અપર્યાપ્ત જળાશય કે તળાવની સપાટીના કારણસર સ્થાપિત શક્તિને આનુષંગિક ટોચની ક્ષમતા દર્શાવી ન શકે તો, વીજ ઉત્પાદન મથકના છેલ્લા યુનિટની વાણિજ્યિક સંચાલનની તારીખ તરીકે ગણાશે. પરંતુ આવા જળાશય/ તળાવની સપાટી હાંસલ થાય તેમ અને ત્યારે વીજ ઉત્પાદન યુનિટ કે વીજ ઉત્પાદક મથકની સ્થાપિત શક્તિને સમતુલ્ય ટોચની ક્ષમતા દર્શાવવી. આવા જળવિદ્યુત મથક માટે આદેશાત્મક બનશે.

(૨) સંપૂર્ણપણે રન-ઓફ-રિવર જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં યુનિટ કે વીજ ઉત્પાદન મથકને આવા નિર્દશન માટે પૂરતું પાણી ન હોય ત્યારે નબળા પ્રવાહના ગાળા દરમ્યાન વાણિજ્યિક સંચાલન હેઠળ હોવાનું જાહેર કરાય તો, આવા જળવિદ્યુત ઉત્પાદન મથક કે યુનિટ માટે પૂરતો પ્રવાહ ઉપલબ્ધ થાય તેમ અને ત્યારે સ્થાપિત શક્તિને સમતુલ્ય ટોચની ક્ષમતા દર્શાવવાનું આદેશાત્મક બનશે.

(ઘ)પ્રવાહન સિસ્ટમના સંબંધમાં પ્રવાહન સિસ્ટમને ૧૦.૦૦ કલાકે જાહેર કરેલી તારીખ, જે તારીખથી સફળ ચાર્જીંગ અને અજમાયશ સંચાલન બાદ પ્રવાહન સિસ્ટમ નિયમિત સર્વિસ આપે છે.

પરંતુ તે તારીખ કેલેન્ડર મહિનાનો પ્રથમ દિવસ રહેશે અને તે ઘટક માટે પ્રવાહન ચાર્જ ચૂકવવાપાત્ર થશે અને તેની પ્રાપ્યતા તે તારીખથી હિસાબે લેવાશે.

વધુમાં પ્રવાહન સિસ્ટમનો ઘટક નિયમિત સર્વિસ માટે તૈયાર હોય, પરંતુ પ્રવાહન પરવાનેદારો, તેના પૂરવઠાકારો કે કન્ટ્રાકટરોને કારણે ન હોય તેવા કારણો માટે આવી સર્વિસ પૂરી પાડતા અટકાવે તો આયોગ તે ઘટક નિયમિત સર્વિસમાં આવે તો પહેલાં વાણિજ્યિક સંચાલનની તારીખ મંજૂર કરી શકશે.

(૨૩) **જાહેર કરેલી ક્ષમતા** એટલે :

ક. થર્મલ ઉત્પાદન મથક માટે, બળતણની પ્રાપ્યતા ધ્યાનમાં લઈને દિવસની કોઇ મુદત કે આખા દિવસના સંબંધમાં આવા વીજ ઉત્પાદન મથક દ્વારા જાહેર કરાયેલ એક્સ-બસ-વીજળી-મે.વો.માં આપવાની વીજ ઉત્પાદન મથક ક્ષમતા :

પરંતુ ગેસ ટર્બાઇન વીજ ઉત્પાદન મથક કે સંયુક્ત ચક્રીય વીજ ઉત્પાદન મથક ગેસ બળતણ અને પ્રવાહી બળતણ પર આધારિત યુનિટો અને મોડ્યુલની ક્ષમતા અલગ દર્શાવશે અને આનો અલગ સમય અનુસૂચિત કરાશે. વીજ ઉત્પાદન મથક માટે કુલ જાહેર કરેલી ક્ષમતા અને કુલ અનુસૂચિત વીજ ઉત્પાદન પ્રાપ્યતા અને પ્લાન્ટ ટ્રેકટરની અનુક્રમે ગણતરી કરવાના હેતુસર ગેસ બળતણ અને પ્રવાહી બળતણ માટે જાહેર કરેલ ક્ષમતા અને અનુસૂચિત ઉત્પાદનનો સરવાળો થશે.

INDEX

ખ. જળ વિદ્યુત ઉત્પાદન મથકો માટે મહિનાના પ્રથમ દિવસે વીજ ઉત્પાદન મથકેથી એક્સ-બસ ક્ષમતા-મે.વો.માં મળવાની શક્ય છે કે, મથક દિવસ પૂરો થતાં પાણીની પ્રાપ્યતા ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે ઓછામાં ઓછા ૩ કલાક માટે ડીલીવર કરી શકશે.

(૨૪) **ડીઝાઇન ઉર્જા** : જળ વિદ્યુત ઉત્પાદન મથકોના સંદર્ભમાં ઉર્જાનો જથ્થો કે જે, આધાર રાખી શકાય તેવા વર્ષના ૯૦%માં, ૯૫% સ્થાપિત ક્ષમતા મુજબ પેદા કરી શકાય.

(૨૫) વિતરણ ધંધો એટલે વિતરણ પરવાનેદારના પુરવઠા વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો

(૨૬) **વિતરણ વાયરનો ધંધો** એટલે વિતરણ પરવાનેદારના વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો

(૨૭) **પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક** એટલે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદારને કે વિતરણ પરવાનેદારને પ્રશુલ્કના પ્રવર્તમાન દરે નિયંત્રિત ધંધામાંથી મળનાર અંદાજીત આવક

(૨૮) **હાલનું વીજ ઉત્પાદન યુનિટ/મથક** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પહેલાં વાણિજ્યિક, સંચાલન હેઠળ જાહેર કરાયેલ વીજ ઉત્પાદન યુનિટ/મથક

(૨૯) **હાલનો પ્રોજેક્ટ** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પૂર્વે વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરાયેલ પ્રોજેક્ટ

(૩૦) **પ્રસંગ** એટલે ભૂલો, બનાવો અને ભંગાણ સહિત આંતર-રાજ્ય પ્રવાહન સિસ્ટમમાં બિન-અનુસૂચિત કે બિન-આયોજિત ઘટના

(૩૧) **કુદરતી આપત્તિની ઘટના** એટલે કોઇપણ પક્ષકાર, કોઇ ઘટના કે સંજોગ જે વાજબી કાબૂમાં ન હોય, અને જે તે પક્ષકારની ચૂક કે કરેલ કાર્યને કારણે ન થયેલ હોય અને યોગ્ય સંભાળ અને ખંતપૂર્વક પ્રયત્ન કરીને તેને અટકાવી શકાત નહીં અને આગળ જણાવ્યા પ્રમાણે જેની સામાન્યતાને મર્યાદિત કર્યા વિના નીચેની ઘટનાઓને સમાવિષ્ટ કરશે.

(ક) દૈવી કૃત્યો જેમાં વીજળી વાવાઝોડું, તત્વોનું કાર્ય, ભૂકંપ, પૂર, અનરાધાર વરસાદ, દુષ્કાળ અને કુદરતી આપત્તિ, સમાવિષ્ટ છે પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નથી.

(ખ) હડતાલો, તાળબંધી, બંધ કે અન્ય ઔદ્યોગિક ધમાલો, જેની કોઇ પક્ષકાર દ્વારા ઉશ્કેરણી ન કરાઇ હોય,

(ગ) જાહેર દુશ્મનનાં કૃત્યો, શુદ્ધ(જાહેર કરેલ કે જાહેર ન કરેલ), નકાબંધી, હુલ્લડ, રમખાણ, ક્રાંતિ, તોડફોડ, ગુંડાગીરી અને મુલકી અશાંતિ

(ઘ) નિવારી ન શકાય તેવા અકસ્માત, આગ, વિસ્ફોટ, રેડીયોએકટીવ પ્રદૂષણ અને ઝેરી ભયંકર રાસાયણિક પ્રદૂષણો સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં.

(ચ) ગ્રિડ કે જે રાજ્ય કે કેન્દ્ર સરકાર કે આયોગ દ્વારા કે ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા જરૂરી અથવા આદેશ અપાય તેમાં કામબંધી કે અવરોધ.

(૩૨) **વીજ ઉત્પાદન ધંધો** એટલે (૧) કોઇપણ મકાનને વીજપુરવઠો આપવા અથવા આ રીતે આપેલ પુરવઠાને સક્ષમ બનાવવા અથવા (૨) અધિનિયમ અને તે હેઠળ ઘડેલ નિયમો અને વિનિયમો અનુસાર કોઇપણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા (૩) અધિનિયમની કલમ-૧૨૩ની પેટા-કલમ (૨) અધિનિયમ અને તે હેઠળ ઘડેલ નિયમો અને વિનિયમો અનુસાર કોઇપણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા (૩) અધિનિયમની કલમ-૧૨૩ની પેટા-કલમ(૨) અન્વયે કરેલ વિનિયમોને અધીન રહીને કોઇ વપરાશકારને વીજળી પૂરી પાડવા વીજ ઉત્પાદન મથકેથી વીજળી ઉત્પાદનનો ધંધો.

(૩૩) **એકંદર કેલરીરિક મૂલ્ય** થર્મલ વીજઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ - એક કીલોગ્રામ દાન- બળતણ અથવા એક ઘોરણસર ઘનમીટર ગેસયુક્ત બળતણ, યથાપ્રસંગ, સંપૂર્ણપણે દહન કરીને કિલો કેલરીમાં ઉત્પન્ન થતી ઉષ્મા

(૩૪) **એકંદર મથકની ઉષ્માનો દર** એટલે જનરેટર ટર્મિનલો ખાતે એક કિલો વોટ કલાકની વીજળી ઉર્જા ઉત્પાદન કરવા જરૂરી ઉષ્મા ઉર્જા નિવેશ

(૩૫) **હાઇટેન્શન અથવા HT** એટલે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોના નિયમ-૨ ના પેટા-નિયમ (૧)ના ખંડ (av) અન્વયે ઊંચું અથવા વધુ ઊંચું તરીકે નિયત કરેલ તમામ વોલ્ટેજ અને અધિનિયમની કલમ-૧૮૫ પેટા કલમ(૨)ના ખંડ (c) અનુસાર નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આનુષંગિક વોલ્ટેજ વર્ગીકરણ

INDEX

(૩૬) **નબળી વીજળી** એટલે વીજ ઉત્પાદન મથકના યુનિટ કે બ્લોકના વાણિજ્યિક સંચાલન પૂર્વે ગ્રિડમાં નાંખેલ વિજળી.

(૩૭) **સ્થાપિત શક્તિ** એટલે આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે વીજ ઉત્પાદન મથકોના તમામ યુનિટોને નેમ-પ્લેટ ક્ષમતાઓ અથવા વીજ ઉત્પાદન મથક કે જનરેટર ટર્મિનલ ખાતે ગણતરી કરેલ) ક્ષમતાનો સરવાળો

(૩૮) **અધિકતમ સત્ત દરનિર્ધારણ** અથવા MCR થર્મલ વીજ ઉત્પાદન મથકના યુનિટના સંબંધમાં તેનો અર્થ છે - નિર્ધારિત પારમિતિએ ઉત્પાદકે બાંયધરી આપેલ જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન અને સંયુક્ત ચક્રીય થર્મલ વીજ ઉત્પાદન મથકના બ્લોકના સંદર્ભમાં તેનો અર્થ છે - પાણી અને બાષ્પના ઇંજેક્ષન (લાગુ પડે તો) અને સુધારેલ Hz ગ્રિડ ફ્રિકવન્સી અને નિર્દિષ્ટ સ્થળની સ્થિતિ સાથે ઉત્પાદકે બાંયધરી આપેલ, જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન

(૩૯) **મધ્ય-સત્રીય સમીક્ષા** એટલે આ વિનિયમોના વિનિયમ ૧૯.૧ નો પરંતુક અને વિનિયમ ૧૬.૨(૧)ના બીજા પરંતુક અનુસાર હાથ ધરવાની સમીક્ષા

(૪૦) **નવું વીજ ઉત્પાદન યુનિટ/ મથક** એટલે આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખે અથવા તે પછી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ વીજ ઉત્પાદન એકમ/મથક

(૪૧) **ધોરણસરનું વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર** - અથવા NAPAF થર્મલ વીજ ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ - થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે વિનિયમ ૫૪% માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેકટર અને જળવિદ્યુત ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે વિનિયમ ૫૭.૧ માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેકટર

(૪૨) **બિન-પ્રશુલ્ક આવક** એટલે અન્ય ધંધામાંથી થતી કોઇપણ આવક બાદ કરીને અને વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાના કેસમાં પ્રતિ-સહાયકી સરચાર્જ અને વ્હીલીંગના ચાર્જ પર વધારાના સરચાર્જને કારણે વ્હીલીંગ અને પ્રાપ્તિમાંથી થતી આવક બાદ કરીને પ્રશુલ્કમાંથી હોય તે સિવાયની અન્ય નિયંત્રિત ધંધાને લગતી આવક

(૪૩) **સંચાલન અને જાળવણી ખર્ચ અથવા O & M :**

(ક) વીજ ઉત્પાદન કંપનીના સંબંધમાં વીજ ઉત્પાદન કંપનીના પ્રોજેક્ટના સંચાલન અને જાળવણી પર અથવા તેના ભાગ અંગે કરેલું ખર્ચ અને તેમાં માનવ શક્તિ, મરામત, છૂટક ભાગો, વપરાતી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે.

(ખ) પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના સંબંધમા, પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા સિસ્ટમ/ સંચાલન અને જાળવણી અંગે કરેલું ખર્ચ અને તેમાં માનવ શક્તિ, મરામત, છૂટક ભાગો, વપરાશી ચીજ વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે.

(૪૪) **મૂળ પ્રોજેક્ટ કિંમત એટલે કે :** વિજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર જે લાગુ પડતું હોય તે, મૂડીખર્ચ કે જે મૂળ કાર્ય અવકાશમાં આવતું હોય અને કટ ઓફ તારીખ સુધીમાં કરવામાં આવેલ હોય

(૪૫) **અન્ય ધંધા** એટલે આયોગ દ્વારા નિયંત્રિત ધંધા સિવાયના અન્ય, વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારે હાથ ધરેલ કોઇપણ ધંધો

(૪૬) **પ્રોજેક્ટ** એટલે યથાપ્રસંગ, વીજ ઉત્પાદન મથક કે પ્રવાહન સિસ્ટમ અને જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં, પેનસ્ટોક, આગળ અને છેડાના કામ, મુખ્ય અને નિયંત્રક જળાશયો, બંધો તથા અન્ય જલીય કામો, નિવેશિત જળ વાહક સિસ્ટમ, વીજ ઉત્પાદન મથક અને વીજળી ઉત્પાદનને વિભાજિત કર્યા મુજબ યોજનાના વીજ ઉત્પાદન યુનિટોનો સમાવેશ થાય છે.

(૪૭) **નિર્ધારિત વોલ્ટેજ** એટલે ઉત્પાદકની ડિઝાઇન વોલ્ટેજ, પ્રવાહન સિસ્ટમના વપરાશકર્તા સાથે ચર્ચા-વિચારણા કરીને જ્યાંથી સંચાલન પ્રવાહન સિસ્ટમની ડિઝાઇન કરાઇ છે અથવા એટલું નીચું વોલ્ટેજ કે જ્યાંથી તત્સમય પૂરતું લાઇન ચાર્જ કરાઇ છે

(૪૮) **નિયંત્રિત વેપાર** એટલે કોઇપણ વીજળી વેપાર જેનું નિયંત્રણ આયોગ દ્વારા થાય છે.

(૪૯) **છૂટક પુરવઠા ધંધો** એટલે વિતરણ પરવાનેદાર વીજળીનું વેચાણ કરવાનો ધંધો

(૫૦) **રન-ઓફ-રિવર વીજ ઉત્પાદન મથક** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જેને સાચા પ્રવાહે પોન્ડેજ હોતું નથી.

(૫૧) **રન-ઓફ-રિવર વીજ ઉત્પાદન મથક પોન્ડેજ સાથે** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, કે જે વિજ માંગમાં થતી દૈનિક વધ- ઘટ ને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં પોન્ડેજ ધરાવતું હોય.

(૫૨) **નાનું ગેસ ટર્બાઇન વીજ ઉત્પાદન મથક** એટલે તેમાં સમાવિષ્ટ ૧૫૦ મે.વો કે તેથી ઓછી રેન્જની ક્ષમતામાં ખુલ્લો ચક્રિય ગેસ ટર્બાઇન અથવા ગેસ ટર્બાઇન સાથે સંયુક્ત ચક્રિય વીજ ઉત્પાદન મથકો

(૫૩) **અનુસૂચિત વીજ ઉત્પાદન** અથવા SG - કોઇપણ સમયે અથવા કોઇપણ મુદત માટે અને સમય બ્લોક એટલે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા આપેલ વીજ ઉત્પાદન અનુસૂચિ-મે.વો એક્સ બસના

INDEX

(૫૪) **સ્ટોરેજ પ્રકારનું વીજ મથક** એટલે માંગ પ્રમાણે વીજળીના ઉત્પાદનના ફેરફાર કરી શકાય તે માટે વિશાળ સંગ્રહ ક્ષમતા સાથે જોડાયેલ જળવિદ્યુત ઉત્પાદન મથક

(૫૫) **પ્રવાહન સિસ્ટમ** સંલગ્ન પેટા-મથક સાથે કે તે વિના લાઇન કે લાઇનોનું જૂથ અને પ્રવાહન લાઇનો તથા પેટા-મથકો સાથે સંકળાયેલ સાધન-સામગ્રીનો સમાવેશ કરે છે.

(૫૬) **પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તા** એટલે લાગુ પડે તેમ અને વખતોવખત સુધાર્યા મુજબ-૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) વિનિયમો-૨૦૦૫ માં જોગવાઇ કરી છે તે સિવાય, જેને જથ્થાબંધ વીજળી પ્રવાહન સમજૂતિ અનુસાર આંતર રાજ્ય પ્રવાહન સિસ્ટમમાં પ્રવેશ કરવાના પ્રવાહન ક્ષમતા હક્કો ફાળવવામાં આવ્યા છે, તેવી વ્યક્તિ

(૫૭) **સંયુક્ત ચક્રિય થર્મલ** ઉત્પાદન મથક સિવાયના અન્ય થર્મલ વીજ ઉત્પાદન મથક સંબંધમાં યુનિટ એટલે બાષ્પ ઉત્પાદક, ટર્બાઇન ઉત્પાદક અને સહાયક સામગ્રી અથવા સંયુક્ત ચક્રિય થર્મલ વીજ ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ ટર્બાઇન ઉત્પાદક અને તેની સહાયક સામગ્રી એવો થાય છે.

(૫૮) **ઉપયોગી આવરદા : વાણિજ્યિક સંચાલનની તારીખથી વીજ ઉત્પાદન મથક, પ્રવાહન સિસ્ટમ અને વિતરણ સિસ્ટમના સંબંધમાં ઉપયોગી આવરદા નીચે મુજબ રહેશે જેમકે :**

(૧) કોલસો/ લિગ્નાઇટ આધારિત થર્મલ ઉત્પાદન-૨૫ વર્ષ
(૨) ગેસ/ પ્રવાહી બળતણ આધારિત થર્મલ ઉત્પાદન મથક - ૨૪ વર્ષ
(૩) જળવિદ્યુત ઉત્પાદન મથક -૩૫ વર્ષ
(૪) AC અને DC પેટા મથક-૨૫ વર્ષ
(૫) પ્રવાહન લાઇન - ૩૫ વર્ષ
(૬) વિતરણ લાઇન - ૩૫ વર્ષ

(૫૯) **વર્ષ** એટલે નાણાકીય વર્ષ (FY)

(૬૦) આ વિનિયમોમાં વપરાયેલ અને તેમાં વ્યાખ્યા ન અપાયેલ, પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ અધિનિયમ અન્વયે તેને આપેલ અર્થ રહેશે.

૩. **વિનિયમનો વ્યાપ અને તેને લાગુ પાડવાની:**

૩.૧ આયોગને નીચેના કેસો સહિત અધિનિયમ અન્વયે જે અધિકારક્ષેત્ર છે તેની તમામ બાબતો માટે બહુવર્ષિય પ્રશુલ્ક માળખાની અંદર આયોગ પ્રશુલ્ક નક્કી કરશે.

(૧) વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો આપવો.

પરંતુ આયોગ માને કે વીજળી પુરવઠાની તંગી છે, ત્યાં તે વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદાર વચ્ચે અથવા વિતરણ પરવાનેદારો વચ્ચે વીજળીના વાજબી ભાવ સુનિશ્ચિત કરતાં વધુમાં વધુ એક વર્ષ માટે કરાયેલી સમજૂતિ અનુસાર વિજળીના વેચાણ માટે પ્રશુલ્કની ન્યૂનતમ અને અધિકતમ ટોચ-મર્યાદા નક્કી કરી શકે,

(૨) વીજળીનું આંતર-રાજ્ય પ્રવાહન
(૩) વીજળીનું આંતર-રાજ્ય વ્હીલીંગ
(૪) વીજળીનો છૂટક પુરવઠો

પરંતુ બે કે વધુ વિતરણ પરવાનેદારો સમાન વિસ્તારમાં વીજળીનું વિતરણ કરે તો, આયોગ, વિતરણ પરવાનેદારોમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવા, વીજળીના છૂટક વેચાણ માટે જ અધિકતમ ટોચ-મર્યાદા નક્કી કરશે.

વધુમાં આયોગે અધિનિયમની કલમ-૪૨ની પેટા કલ-(૨) અન્વયે ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં આવા ગ્રાહકો અધિનિયમની કલમ-૬૨ની પેટા કલમ(૧)ના ખંડ(d)ની જોગવાઇઓ છતાં તેઓ સમજૂતિ કરે તેવી શરતોએ (પ્રશુલ્ક સહિત) વીજળીના પુરવઠા કે ખરીદી માટે કોઇપણ વ્યક્તિ સાથે સમજૂતિ કરી શકશે.

વધુમાં આયોગ, આ વિનિયમ અન્વયે તેને કરાયેલી અરજી પર પ્રશુલ્ક નક્કી કરતી વખતે આવી લેવડ-દેવડ કરનાર કોઇપણ પક્ષકારો આવા રાજ્ય આયોગ કે કેન્દ્રિય આયોગના અધિકારક્ષેત્ર હેઠળ આવે ત્યાં આવા રાજ્ય આયોગ કે કેન્દ્રિય આયોગના અધિકારક્ષેત્ર હેઠળ આવે ત્યાં આવા અન્ય રાજ્યના રાજ્ય આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે પ્રશુલ્કની શરતો અને/અથવા કેન્દ્રિય આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાય તે પ્રશુલ્કની શરતો પણ ધ્યાનમાં રાખશે.

INDEX

૩.૨ આયોગ વિતરણ પરવાનેદાર રાજ્યમાં અન્ય વિતરણ પરવાનેદારોને કયા દરે વીજળી પૂરી પાડી શકે તે પણ નક્કી કરશે.

૩.૩ આ વિનિયમોમાં ઠરાવેલા સિદ્ધાંતો અનુસાર, આયોગ નીચેના માટે અલગ એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરશે.

(ક) વિતરણ વાયર ધંધો અને

(ખ) છૂટક પુરવઠાનો ધંધો

૩.૪ વિતરણ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ફાળવણી મેટ્રિકને આધારે વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે ARR નક્કી કરવા અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન દાખલ કરશે.
પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે ARR નક્કી કરવાની અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન નિયંત્રણ હિસાબોને આધારે કરશે.

૩.૫ વિતરણ વાયર ધંધા માટે નક્કી કરેલી એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે વ્હીલીંગ પ્રશુલ્ક/ ચાર્જ નક્કી કરાશે.

૩.૬ વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે નક્કી કરાયેલ ARR ને આધારે વીજળીના છૂટક વેચાણ માટે છૂટક પુરવઠા પ્રશુલ્ક નક્કી કરાશે.

૩.૭ આયોગ, ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજ્ય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) વિનિયમો તથા આયોગે વખતોવખત આદેશો ઇશ્યૂ કરીને કરેલા સુધારા અનુસાર અધિનિયમની કલમ-૪૨ની પેટા કલમ(૨)ના પ્રથમ પરંતુક અન્વયે વ્હીલીંગ ચાર્જ ઉપરાંત સરચાર્જ પણ નક્કી કરશે.

૩.૮ આયોગ, ૨૦૦૫ના ગુજરાત વીજળી નિયંત્રણ આયોગ(આંતરરાજ્ય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) વિનિયમો તથા આયોગે વખતોવખત આદેશો ઇશ્યૂ કરીને કરેલા સુધારા અનુસાર, અધિનિયમની કલમ-૪૨ની પેટા કલમ(૪) અન્વયે વ્હીલીંગ માટેના ચાર્જ અંગે વધારાનો સરચાર્જ પણ નક્કી કરશે.

૩.૯ આ વિનિયમોમાં કોઇપણ સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગ અધિનિયમની કલમ-૮૩ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાયેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર બોલીની પારદર્શક પ્રક્રિયા મારફત આવો પ્રશુલ્ક નક્કી કરવાનો હોય તો આ પ્રશુલ્ક અપનાવશે.

૪. <u>સંચાલનનાં ધોરણો, ટોચ-મર્યાદાના ધોરણો બનશે.</u>

૪.૧ શંકા દૂર કરવા એ બાબતનો ખુલાસો કરવાનો કે, આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ સંચાલન ધોરણો ટોચ મર્યાદાનાં ધોરણો છે અને આ યથાપ્રસંગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર અને હિતાધિકારીઓને સંચાલનનાં સુધારેલા ધોરણો બાબત સંમત થતાં અટકાવશે નહીં અને સુધારેલા ધોરણો સ્વીકારવામાં આવે તો આવા સુધારેલાં ધોરણો પ્રશુલ્ક નક્કી કરવા માટે લાગુ પડશે.

૫. <u>ધોરણોથી વિચલન (બીજા માર્ગે જવું)</u>

૫.૧ વીજ ઉત્પાદન કંપની દ્વારા વીજળીના વેચાણ માટે પ્રશુલ્ક આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોથી વિચલન કરીને નીચેની શરતોને અધીન રહીને નક્કી કરાશે.

(૧) ધોરણોમાં વિચલન કરીને તેને આધારે ગણી કાઢેલ અસ્કયામતની સમક્ષ આવરદા દરમ્યાન વીજળીના યુનિટ દીઠ એકંદર પ્રશુલ્ક આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને આધારે ગણી કાઢેલા યુનિટ દીઠ પ્રશુલ્કથી વધવું જોઇએ નહીં.

(૨) આવું કોઇપણ વિચલન આયોગે મંજૂર કર્યા પછી જ અમલમાં આવશે.

૬. <u>સામાન્ય માળખું :</u>

૬.૧ આ વિનિયમો સામાન્ય માળખા સ્વરૂપે હોય છે, જેના આધારે પ્રશુલ્ક નક્કી કરવાનો બાયાન કરાશે. આમ છતાં આયોગ હકીકતો અને સંજોગોથી તેમ કરવું આવશ્યક બને તેમ અને ત્યારે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિઓ પારમિતિઓમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.

૭. <u>આયોગની અંતર્ગત સત્તાની બચત :</u>

૭.૧ આ વિનિયમોમાંનું કશું પણ આયોગને ન્યાયના હેતુ માટે કે આયોગની પ્રક્રિયાનો દુરૂપયોગ અટકાવેલ જરૂરી બને તેવા આદેશો કરવાની તેની અંતર્ગત સત્તાને મર્યાદિત કે અન્યથા અસર કરતી હોવાનું ગણવામાં આવશે નહીં.

૭.૨ આ વિનિયમોમાંનું કશું પણ જે કાર્યપદ્ધતિ આયોગ આવી બાબત કે બાબતોના વર્ગને હાથ ધરવા જરૂરી કે આવશ્યક ગણે તેમાં લેખિતમાં નોંધવાનાં કારણોસર અને બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતાં આયોગ આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં ફેરફાર કરે તેવી કાર્યપદ્ધતિ અધિનિયમોની જોગવાઇઓ સાથે સુસંગત રહીને અપનાવવા માટે આયોગને અટકાવશે નહી.

INDEX

૭.૩ આ વિનિયમોમાંનું કશું પણ સ્પષ્ટ કે ગર્ભિત રીતે આયોગને જેના માટે કોઇ વિનિયમો ઘડવામાં ન આવ્યા હોય તે અધિનિયમો હેઠળ કોઇ બાબત હાથ ધરવા કે કોઇ સત્તા અમલમાં મૂકવા બાબત આયોગને અટકાવશે નહીં અને આયોગ તેને યોગ્ય લાગે તે રીતે આપી બાબતો સત્તાઓ અને કાર્યો હાથ ધરશે.

૮. **પાલન નહીં કરવાની અસર :**

૮.૧ આ વિનિયમોની કોઇપણ જોગવાઇનું પાલન કરવાની નિષ્ફળતા, આયોગની દ્રષ્ટિએ ન્યાયની વિફળતાનું પરિણામ હોય, તે સિવાય આવી નિષ્ફળતાના કારણ માત્રથી કોઇપણ કાર્યપદ્ધતિને ગેરકાયદેસર બનાવશે નહીં.

૯. **સામાન્ય**

૯.૧ આયોગ નીચેની બાબતોમાંથી માર્ગદર્શન મેળવશે.

(૧) વીજ ઉત્પાદન કંપનીઓ અને પ્રવાહન પરવાનેદારોને લાગુ પડતા પ્રશુલ્કના નિર્ણય માટે વખતોવખત અમલમાં આવે તે પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ સિદ્ધાંતો અને પદ્ધતિ વિસ્તાર

(૨) વખતોવખત અમલમાં હોય તે મુજબ રાષ્ટ્રીય વીજળી નીતી અને પ્રશુલ્ક નીતિ અને પ્રશુલ્ક નીતિ અને

(૩) વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૬૧માં દર્શાવ્યા મુજબના સિદ્ધાંતો

૧૦. **હુકમો અને પ્રેકટિસ આદેશો ઇશ્યૂ કરવા :**

૧૦.૧ આયોગ અધિનિયમ અને આ નિયમોની જોગવાઇને અધીન રહીને આયોગને આ વિનિયમો અન્વયે આદેશ આપવાની સત્તા હોય તેવી વિવિધ બાબતો અને તેને સંબંધિત કે આનુષંગિક બાબતો અંગે અનુસરવાના આ વિનિયમો અને કાર્યપદ્ધતિના અમલીકરણ સંબંધમાં આયોગ વખતોવખત હુકમો અને પ્રેકટિસ આદેશો ઇશ્યૂ કરશે.

૧૦.૨ આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઇપણ હોય તેમ છતાં આયોગને કોઇ હિત ધરાવતી અથવા અસર પામેલ પાર્ટીએ દાખલ કરેલ અરજી પર અથવા સ્વયં કોઇપણ અરજદારનું પ્રશુલ્ક નક્કી કરવાની સત્તા રહેશે.

૧૧. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા :**

૧૧.૧ આ વિનિયમોની કોઇપણ જોગવાઇઓ અમલી બનાવવામાં કોઇ મુશ્કેલી ઉભી થાય તો આયોગ સામાન્ય કે ખાસ હુકમથી આ વિનિયમો કે અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તે રીતે આ મુશ્કેલીઓ દૂર કરવાના હેતુસર જરૂરી કે આવશ્યક જણાય તેવી વસ્તુઓ કરશે કે કરવાની બાંયધરી આપશે અથવા વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિરતણ પરવાનેદાર આવી વસ્તુઓ કરવા કે તે અંગે બાંયધરી આપવા ફરમાવશે.

૧૨. **છૂટછાટની સત્તા :**

૧૨.૧ આયોગ લેખિતમાં નોંધવાનાં કારણોસર તેની પોતાની દરખાસ્તને આધારે કે હિત ધરાવતી વ્યક્તિએ તેની સમક્ષ કરેલી અરજીને આધારે આ વિનોયમોની કોઇપણ જોગવાઇમાં છૂટછાટ મૂકી શકશે.

૧૩. **અર્થઘટન :**

૧૩.૧ આ વિનિયમોની કોઇપણ જોગવાઇના અર્થઘટન સંબંધમાં કોઇ પ્રશ્ન ઉભો થાય તો આયોગનો નિર્ણય આખરી બનશે.

૧૪. **પૂછપરછ અને તપાસ :**

૧૪.૧ આયોગ ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ધંધાના સંચાલન માટે)ના વિનિયમોની વખતોવખત સુધાર્યા મુજબની જોગવાઇઓ અનુસાર આયોગ કાર્યવાહી મારફત આ વિનિયમો હેઠળની તમામ પૂછપરછો તપાસ અને ન્યાય-નિર્ણયો કરશે.

૧૫. **સુધારો કરવાની સત્તા :**

૧૫.૧ આયોગ લેખિતમાં નોંધવાના કારણોસર કોઇપણ સમયે, સુધારા દ્વારા વિનિયમોની કોઇપણ જોગવાઇમાં ફેરફાર બદલાવ કે સુધારો કરશે.

પ્રકરણ-૨
સામાન્ય સિદ્ધાંતો

૧૬. **બહુવર્ષિય પ્રશુલ્ક માળખું :**

૧૬.૧ આયોગ ૧લી એપ્રિલ-૨૦૧૧થી બહુવર્ષિય પ્રશુલ્ક માળખા હેઠળ ઉપર્યુક્ત વિનિયમ ૩.૧ ના ખંડો (૧)(૨) અને (૩) અન્વયે આવરી લીધેલી બાબતો માટે પ્રશુલ્ક નક્કી કરશે.

પરંતુ આયોગ સ્વયં અથવા અરજદારે તેને કરેલી અરજીના આધારે, વીજ ઉત્પાદન કંપની અથવા પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને બહુવર્ષિય પ્રશુલ્ક માળખા હેઠળ નક્કી કરવામાંથી મુક્તિ આપશે. આવી મુક્તિ તે મંજૂર કરતા હુકમમાં સમાવિષ્ટ હોય તે મુજબની મુદત માટે રહેશે.

INDEX

૧૬.૨ બહુવર્ષિય પ્રશુલ્ક માળખું એકંદર મહેસૂલી જરૂરિયાતનો નિર્ણય માટે અને વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર
વિતરણ વાયર ધંધો તથા છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવકના ઘટકો પર આધારિત રહેશે.

(૧) અરજદાર આ વિનિયમમાં નિર્દિષ્ટ સિદ્ધાંતોને આધારે નિયંત્રિત મુદતના દર વર્ષે વિગતવાર ધંધાકીય યોજના, આયુક્તની મંજૂરી માટે રજૂ કરશે.
પરંતુ કામગીરી પારમિતિઓ જેનો ગમનમાર્ગ વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે તે ધંધાકીય યોજનામાં આ કામગીરી પારમિતિના પ્રોજેકશનનો આધાર બનશે.

પરંતુ વધુમાં વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર નિયંત્રણ મુદતમાં બીજા વર્ષ માટે ચોક્કસ બનવા અને નિયંત્રણ મુદતના ચોથા બીજા વર્ષ માટે પ્રશુલ્ક નક્કી કરવા પીટીશન દાખલ કર્યાના ત્રણ મહિના પૂર્વે દાખલ કરેલી અરજી મારફત ધંધાકીય યોજનાની મધ્ય સત્રિય સમીક્ષા કરવાની માંગણી કરી શકે.

(૨) ધંધાકીય યોજનાને અધારે અરજદાર સમગ્ર નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે હાલના પ્રશુલ્કમાંથી અપેક્ષિત મહેસૂલની આગાહી રજૂ કરશે અને આયોગ સમગ્ર નિયંત્રણ મુદત માટે ARR તથા વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર વિતરણ વાયર ધંધો અને છૂટક પુરવઠા ધંધા માટે નિયંત્રણ વર્ષના પ્રથમ વર્ષ માટે પ્રશુલ્ક નક્કી કરશે.

(૩) માન્ય આગાહીની તુલનામાં ઓડિટ કરાયેલ હિસાબો પર આધારિત આગલા વર્ષના ખર્ચ અને આવકને ચોક્કસ કરવાનુ અને અરજદારના કાબૂ બહારના (કાબૂમાં ન રહી શકે તેવાં પરિબળો) પરિબળો દ્વારા થયેલ કામગીરીના ફેરફાર સુનિશ્ચિત કરવાનું કામ આયોગ દ્વારા હાથ ધરાશે.

પરંતુ એકવાર નિયંત્રણ હિસાબો રજૂ કરવા માટે આયોગ વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નક્કી કરવા અને ચોક્કસ કરવા માટેની અરજીઓ નિયંત્રણ હિસાબોને આધારે કરાશે.

(૪) આ વિનિયમોમાં આયોગ દ્વારા નિર્દિષ્ટ કાબૂ વ્યવહારના પરિબળોને કારણે માન્ય પ્રાપ્તિ કે નુકશાનમાંથી પસાર થવાની તંત્ર-વ્યવસ્થા

(૫) આ વિનિયમોમાં આયોગે નિર્દિષ્ટ કર્યા મુજબ કાબૂ હેઠળના પરિબળોને કારણે મંજૂર કરેલ પ્રાપ્તિ અને નુકશાનીની હિસ્સેદારી માટે તંત્ર વ્યવસ્થા

(૬) મંજૂર કરેલ આગાહી અને ચોક્કસાઇ કરવાના વ્યાયામના પરિણામને આધારે નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાકીય વર્ષ માટે વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્કનો વાર્ષિક નિર્ણય

૧૭. **<u>હિસાબ પત્રક અને બહુવર્ષિય પ્રશુલ્ક હેઠળ દાખલ કરવા બાબત:</u>**

૧૭.૧ વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર દ્વારા MYT હેઠળ હિસાબ પત્રક આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમયરેખા અનુસાર અને આ વિનિયમોમાં નિર્દિષ્ટ ARR નક્કી કરવા માટેના સિદ્ધાંતોનું પાલન કરીને આયોગ વખતોવખત નક્કી કરે તે મુજબના ફોર્મમાં દાખલ કરશે.

૧૭.૨ આ વિનિયમો અન્વયે નિયંત્રણ મુદત માટે ફાઇલિંગ નીચે મુજબ કરાશે.

(ક) MYT પીટીશનમાં નીચેનાનો સમાવેશ થશે.

(૧) ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રશુલ્કની શરતો) અને ૨૦૦૭ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક માળખું) વિનિયમો અન્વયે હાથ ધરવાનું ૨૦૦૪-૧૦ના નાણાંકીય વર્ષ માટે ચોક્કસ કરવા

(૨) ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રશુલ્કની શરતો) અને ૨૦૦૭ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક માળખું) અન્વયે હાથ ધરવાની નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે વાર્ષિક કમગીરી સમીક્ષા

(૩) સમગ્ર નિયંત્રણ મુદત માટે વર્ષવાર વિગતો સાથે બહુવર્ષિય એકંદર મહેસૂલી જરૂરિયાત

(૪) આ વિનિયમો અન્વયે પ્રથમ નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જ પ્રમાણે વીજળી વેચાણમાંથી આવક, નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨

(૫) નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે પ્રશુલ્ક નક્કી કરવા અરજી

INDEX

(ખ)નિયંત્રણ વર્ષના પ્રથમ વર્ષથી અને ત્યારપછી પીટીશનમાં સમાવિષ્ટ થશે.

(૧) ૨૦૦૫ના વીજળી નિયંત્રણ આયોગ(પ્રશુલ્કની શરતો) અન્વયે અને ૨૦૦૭ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષિય પ્રશુલ્ક માળખું) અન્વયે હાથ ધરવાનું નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ચોક્કસ કરવાની કામગીરી તથા ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે અને ત્યારપછી આ વિનિયમો અનુસાર ચોક્કસ કરવાનું કામ

(૨) આગામી વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જની વીજળીના વેચાણમાંથી થતી આવક

(૩) પ્રશુલ્ક હુકમ કે બહુવર્ષિય પ્રશુલ્ક હુકમમાં મંજૂર કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે આગામી વર્ષ માટે ગણી કાઢેલ મહેસૂલી ગાળો અને આગલા વર્ષ માટે પ્રશુલ્ક નક્કી કરવા અરજી

(૪) આગળના વર્ષ માટે પ્રશુલ્ક નકકી કરવા અરજી

(ગ) વિનિયમ ૧૬.૨(i) અન્વયે ધંધાકીય યોજનાની મધ્યસત્રિય કેસમાં પીટીશનમાં નીચેનો સમાવેશ થાય છે.

(૧) આગલા વર્ષ માટે ચોક્કસ કરવું

(૨) નિયંત્રણ મુદતના બાકીના વર્ષો માટે એકંદર મહેસૂલી જરૂતિયાત(ARR)નો સુધારો જો કોઇ હોય તો સાથે તે માટે પૂરતું વાજબી કારણ

(૩) હાલના પ્રશુલ્ક અને ચાર્જની આગમી વર્ષ માટે વીજળીની વેચાણમાંથી આવક

(૪) બહુવર્ષિય પ્રશુલ્ક હુકમ (MYT)માં મંજૂર કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે ગણી કાઢેલ આગામી વર્ષનો મહેસૂલી ગાળો અને આગલા વર્ષ માટે તે ચોક્કસ કરવો

(૫) આગામી વર્ષ માટે પ્રશુલ્ક નક્કી કરવાની અરજી

૧૭.૩ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક નક્કી કરવાની અરજી સાથે અને વિનિયમ-૨૨ હેઠળ ચોક્કસ કરવા માટે અલગ ઓડિટ કરેલા હિસાબી પત્રકો દાખલ કરાશે.

પરંતુ વાયરના ધંધા અને પુરવઠાના ધંધા વચ્ચે સંપૂર્ણ હિસાબી વિભાજન ન કરવામાં આવ્યું હોય તેવા કેસમાં, વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતનું વાયરના ધંધા અને છૂટક પુરવઠાના ધંધા વચ્ચે આ વિનિયમોના પ્રકરણ-૬ માં નિર્દિષ્ટ ફાળવણી મેટ્રિક્સ અનુસાર વિભાજન કરાશે.

૧૭.૪ ક્રમિક સમન્વિત ધંધાના કેસમાં યુટિલિટીએ વીજ ઉત્પાદન ધંધા, પ્રવાહન ધંધા, વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક નક્કી કરવા અલગ અરજીઓ દાખલ કરવી જોઇશે.

પરંતુ વિતરણ ધંધા માટે વિતરણ પરવાનેદાર આ વિનિયમોના વિનિયમ ૩.૪ અનુસાર પીટીશન દાખલ કરશે.

પરંતુ વધુમાં વિવિધ ધંધાઓ વચ્ચે સંપૂર્ણ હિસાબ વિભાજન કરવામાં ન આવ્યું હોય તે યુટિલિટિ આ વિનિયમોના જાહેરનામા એક વર્ષની અંદર આ બધું કરવું જોઇશે. આટલા સમય સુધીમાં ઉત્પાદન, પ્રવાહન, વ્હીલીંગ અને પુરવઠાના ધંધા વચ્ચે ઓડિટ કરેલા હિસાબોનું સંપૂર્ણ વિભાજન થાય છે. દરેક ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક નક્કી કરવાની અરજીનું ફાળવણી પત્રક દ્વારા સમર્થન કરાશે, જેમાં તે ધંધા માટે ખર્ચ અને આવકનું વિભાજન સમાવિષ્ટ છે. ફાળવણી પત્રકમાં વિભાજન માટે વાપરેલ પદ્ધતિનો પણ સમાવેશ થશે.

૧૮. <u>પ્રયોજ્યતા/ લાગુ પડવું તે :</u>

૧૮.૧ વિતરણ વાયરના ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર માટે પ્રશુલ્ક નક્કી કરવા કરેલી અરજીઓને બહુવર્ષિય પ્રશુલ્ક માળખું લાગુ પડશે.

૧૯. <u>ધંધાકીય યોજના :</u>

૧૯.૧ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વિતરણ પરવાનેદાર ૧લી એપ્રિલ-૨૦૧૧ થી ૩૧ માર્ચ-૨૦૧૬ સુધી પાંચ(૫) નાણાંકીય વર્ષોની નિયંત્રણ મુદત માટે ધંધાકીય યોજના દાખલ કરશે, જેમાં વિગતવાર કક્ષાવાર વેચાણ અને માત્ર ધારણાઓ, વીજળી પ્રાપ્તિ યોજના, મૂડી રોકાણ યોજના, નાણાં-વ્યવસ્થા યોજના અને ભૌતિક લક્ષ્યાંકો આયોગ વખતોવખત ઠરાવે તે મુજબની માર્ગદર્શક સૂચનાઓ અને ઢાંચા મુજબ સમાવિષ્ટ કરાશે, પરંતુ તેટલા પુરતું મર્યાદિત રહેશે નહીં.

INDEX

પરંતુ નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટે ચોક્કસ કરવા અને નિયંત્રણ મુદતના ચોથા વર્ષે પ્રશુલ્ક નિયંત્રણ માટે પીટીશન દાખલ કર્યાની નિર્દિષ્ટ તારીખના ત્રણ(૩) મહિના પૂર્વે દાખલ કરેલી અરજી મારફત વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર ધંધાકીય યોજના/ પીટીશનની મધ્ય સત્રિય સમીક્ષાની માંગ કરી શકે.

૧૯.૨ મૂડી રોકાણ યોજના નિયંત્રણ મુદતમાં આગળ ખેંચેલી ચાલુ પરિયોજનાઓ અને નિયંત્રણ મુદતમાં ચાલુ થનાર (વાજબીપણા સાથે) પરંતુ નિયંત્રણ મુદતમાં કે તે પછી પૂરી થનાર નવી યોજનાઓ અલગ રીતે દર્શાવશે. આયોગ મૂડી રોકાણ યોજના વિચારીને મંજૂરી આપશે. જે માટે વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન કંપની તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના વિતરણ પરવાનેદારે ટેકનિકલ અને વાણિજ્યિક વિગતો પૂરી પાડવી જોઇશે.

૧૯.૩ વિતરણ પરવાનેદાર ૨૦૧૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ)ના વિનિયમ-૪ અને ઉર્જા કાર્યક્ષમતા અને માંગણી બાજુની વ્યવસ્થા યોજના માટે કોઇ લક્ષ્યાંક સેટ હોય તો તે અન્વયે વિચારાયેલ તમામ વીજ ઉત્પાદન મથકોના ગુણવત્તા ઓર્ડર રવાનગી સિદ્ધાંતોને આધારે વીજ ખરીદી જરૂરિયાતની વિચારણા કરશે.

૧૯.૪ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના વિતરણ પરવાનેદાર ધંધાકીય યોજનાને આયોગ દ્વારા મંજૂર કરાવશે,

૨૦. **બહુવર્ષિય પ્રશુલ્ક અરજી :**

૨૦.૧ અરજદાર નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલ જરૂરિયાતની આગાહી અને પ્રશુલ્ક દરખાસ્ત આ વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ તેવી સમય-મર્યાદામાં અને તેવી રીતે રજૂ કરશે અને વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૦૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ચાર્જ) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવી ચૂકવવાપાત્ર ફી સાથે રાખશે.

૨૦.૨ અરજદાર વ્યક્તિની વૈવિધ્યભરી વર્તણૂંક સંબંધમાં ધારણાઓનો ઉપયોગ કરીને એકંદર મહેસૂલી જરૂરિયાતની આગાહી વિકસાવશે. જેમાં નિયંત્રણ મુદત દરમ્યાન એકંદર મહેસૂલી જરૂરિયાતનો સમાવેશ થાય છે.

૨૦.૩ અરજદાર નીચેની બાબતોને આધારે પ્રશુલ્ક અને ચાર્જીસમાંથી અપેક્ષિત મહેસૂલની આગાહી વિકસાવશે.
(ક) વીજ ઉત્પાદન કંપનીના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે દરેક યુનિટ/ મથક દ્વારા ઉત્પન્ન થનાર વીજળીના જથ્થાના અંદાજ
(ખ) પ્રવાહન પરવાનેદારના કેસમાં નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાંકીય વર્ષ માટે પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તાઓને ફાળવેલ પ્રવાહન ક્ષમતાના અંદાજ
(ગ) વિતરણ પરવાનેદારના કેસમાં નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાંકીય વર્ષ માટે વિતરણ સિસ્ટમ વપરાશકર્તા ગણી વ્હીલીંગ કરવાની અને ગ્રાહકોને પૂરી પાડવાની વીજળીનો જથ્થો
(ઘ) અરજી કર્યાની તારીખે પ્રવર્તમાન પ્રશુલ્ક

૨૦.૪ એકંદર મહેસૂલી જરૂરિયાત તથા પ્રશુલ્ક અને ચાર્જીસમાંથી અપેક્ષિત મહેસૂલી આગાહી પર આધાર રાખીને, વીજ ઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર અને વિતરણ વાયર ધંધા તથા છૂટક પુરવઠા ધંધા માટેના વિતરણ પરવાનેદાર, પ્રશુલ્કનો પ્રસ્તાવ કરશે, જે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઇ ગાળો હશે તો તેને પરિપૂર્ણ કરશે.

૨૦.૫ અરજદાર આગાહીનું સમર્થન કરતી વિગતો મૂલ્યાંકન કરી શકે તે સારૂ, ભૂતકાળની પ્રવૃતિની વિગતો, કાર્યક્ષમતા કે ઉત્પાદકતાના લાભ મેળવવા માટે સૂચિત પહેલ કર્યો, ટેકનિકલ અભ્યાસ કરાર વિષયક ગોઠવણો અને/અથવા ગૌણ સંશોધન સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી પૂરેપૂરી વિગતો પૂરી પાડશે.

૨૦.૬ **અરજી મળ્યેથી આયોગ**
(ક) ઉકત હુકમમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સુધારા અને શરતોને અધીન રહીને, સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે પ્રશુલ્ક મંજૂર કરતો હુકમ ઇશ્યૂ કરવો અથવા
(ખ) આયોગને યોગ્ય જણાય તે મુજબ અરજી રદ કરવી જેના કારણો લેખિતમાં નોંધવાના હોય છે, પરંતુ અરજદારની અરજી રદ કરતાં પહેલાં તેને સાંભળવાની વાજબી તક આપવી.

૨૧. **કેટલીક પરિવર્તી બાબતો માટે ખાસ પ્રક્ષેપ માર્ગ-(ટ્રેજેક્ટરી)**

૨૧.૧ ધંધાકીય યોજના/ બહુવર્ષિય પ્રશુલ્ક પીટીશન મંજૂર કરતી વખતે આયોગ પરિવર્તી બાબતો માટે પ્રક્ષેપ માર્ગ નક્કી કરશે જેમાં સંચાલન અને નિભાવ ખર્ચ, લક્ષ્યાંકિત પ્લાન્ટ વીજભાર ફેકટર અને વિતરણ ઘટનો સમાવેશ થતો પરંતુ તેટલા પૂરતું મર્યાદિત રહેશે નહીં.

પરંતુ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ વાયર ધંધા તથા છૂટક પુરવઠા ધંધા, ધંધાકીય યોજનાની મધ્ય સત્રિય સમીક્ષા વખતે પ્રક્ષેપ માર્ગની સમીક્ષા કરાવવા માંગી શકશે.

૨૨ **ચોક્કસ કરવું (Tuning Up)**

૨૨.૧ વીજ ઉત્પાદન કંપની અથવા પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક માળખા હેઠળ આવરી લેવાય ત્યારે આવી વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર, યથાપ્રસંગ આ વિનિયમો અનુસાર નિયંત્રણ મુદત દરમ્યાન ખર્ચ અને આવકને ચોક્કસ કરવાની બાબતને અધીન રહેશે.

૨૨.૨ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં આગલા વર્ષની આવક ચોક્કસ કરવા અને આગામી વર્ષનું પ્રશુલ્ક નક્કી કરવાની અરજી દાખલ કરશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ આયોગને મંજૂર કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવક પરથી નાણાંકીય કામગીરીમાં થયેલ કોઇપણ પરિવર્તનમાં કારણો અને તેની વ્યાપનું મૂલ્યાંકન કરવા માંગે ત્યારે ઓડિટ કરેલા હિસાબો, હિસાબોના ચોપડામાંથી ઉતારા અને બીજી આવી વિગતો સાથે આયોગે નિયત કર્યા મુજબના ફોર્મમાં માહિતી રજૂ કરવી.

પરંતુ આયોગ એક વખતે નિયંત્રણ હિસાબો રજૂ કરવાના વિનિયમો જાહેર કરે, એટલે પ્રશુલ્ક નક્કી કરવા અને ચોક્કસ કરવાની અરજીઓ નિયંત્રક હિસાબો પર આધારિત રહેશે.

૨૨.૩ ચોક્કસ કરવાનું ક્ષેત્ર, એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની સાથે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર કામગીરીની સરખામણીનું રહેશે અને તેમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) નિયંત્રણ બહારના ઘટકોની અસરમાંથી પસાર થવા સહિત શાણપણ તપાસને અધીન રહીને આવા આગલા નાણાંકીય વર્ષ માટે અરજદારની ઓડિટ કરાયેલી કામગીરીની સરખામણી

(ખ) આયોગ દ્વારા વખતોવખત બહાર પડાયેલા આદેશોના પાલનની સમીક્ષા

(ગ) બીજી પ્રસ્તુત વિગતો જો હોય તો

૨૨.૪ નિયંત્રણપાત્ર અને બિનનિયંત્રણ પાત્ર પારમિતિઓ માટે વર્ષ દરમ્યાન વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર દ્વારા કરાયેલ ખર્ચ બાબતમાં આયોગ ચોક્કસ કરવાના ભાગ તરીકે મંજૂર કરેલ આગાહીના સંબંધમાં અરજદારની કામગીરીની વિગતવાર સમીક્ષા કરશે.

૨૨.૫ વિનિયમ ૨૨.૪ અન્વયે ચોક્કસ કરવાની કામગીરી પૂરી થતાં આયોગ વિનિયમ ૨૩ હેઠળ નિર્દિષ્ટ પરિવર્તનો માટે કામગીરીનો કોઇપણ ફેરફારો કે અપેક્ષિત ફેરફારો માટે અરજદારના કાબૂ હેઠળનાં નિયંત્રણપાત્ર પરિબળો) અથવા અરજદારના કાબૂ બહારનાં નિયંત્રણપાત્ર ન હોય તેવા પરિબળો) પરિબળોને કારણભૂત હોવાનું ગણશે.

પરંતુ નીચે વિનિયમ ૨૩.૧ હેઠળ નિર્દિષ્ટ હોય તે સિવાયના બીજા ફેરફાર માટે કામગીરીમાં કોઇપણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર સંપૂર્ણપણે નિયંત્રણપાત્ર પરિબળોને કારણે હોવાનું ગણાશે.

૨૨.૬ ચોક્કસ કરવાની કામગીરી પૂરી થતાં આયોગ નીચેની બાબતોનું રેકર્ડીંગ કરવાનો હુકમ પસાર કરશે.

(ક) નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર લાભ કે નુકશાન અને આવા લાભ કે નુકશાનનું આ વિનિયમના વિનિયમ ૨૫ અનુસાર વહેંચણી કરવાનું પ્રમાણ

(ખ) આગલા વર્ષ દરમ્યાન જેની વસૂલાત કરાઈ ન હતી, તે બિનનિયંત્રણપાત્ર પરિબળોને લગતા મંજૂર કરેલ ખર્ચના ઘટકો આ વિનિયમોના વિનિયમ ૨૪ અનુસાર પસાર થશે.

(ગ) આગામી વર્ષ માટે નક્કી કરેલ પ્રશુલ્ક

૨૩. **નિયંત્રણપાત્ર અને બિનનિયંત્રણપાત્ર પરિબળો :**

૨૩.૧ આ વિનિયમોના હેતુ માટે બિનનિયંત્રણપાત્ર પરિબળો એ શબ્દમાં નીચેના પરિબળોનો સમાવેશ થશે, જે અરજદારના કાબૂ બહાર હોય છે અને અરજદાર દ્વારા તેમાં ઘટાડો કરી શકાતો નથી.

(ક) કુદરતી આફતના પ્રસંગો

(ખ) કાયદામાં અદાલતી ઘોષણાઓ તથા કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર કે આયોગના હુકમોમાં ફેરફાર

(ગ) આયોગ દ્વારા વખતોવખત મંજૂર કરાતી FPPPA ફોર્મ્યુલા અનુસાર બળતણના ભાવ અને/ અથવા વીજળી ખરીદીના ભાવમાં ફેરફાર

(ઘ) મિશ્ર વપરાશકારોની સંખ્યામાં અથવા વપરાશકારોને પૂરી પડાતી વીજળીના જથ્થામાં ફેરફાર

પરંતુ અરજદારના પુરવઠા વિસ્તારમાં એક કરતાં વધુ વિતરણ પરવાનેદાર હોય ત્યાં એક વિતરણ પરવાનેદાર બીજામાં સમાવિષ્ટ કરી જાય તેના કારણે બે કે વધુ વિતરણ પરવાનેદારો દ્વારા સેવા અપાતી હોય ત્યાં વિસ્તારમાં વપરાશકારોની સંખ્યામાં કે વપરાશકારોને પૂરી પડાતી વીજળીના જથ્થામાં કોઇપણ ફેરફાર નિયંત્રણપાત્ર પરિબળોને કારણે હોવાનું ગણાશે.

પરંતુ કોઇ વપરાશકાર અથવા વપરાશકારોનો વર્ગ અરજદારના પુરવઠા વિસ્તારની અંદર અધિનિયમની કલમ-૪૨ની પેટા કલમ(૩) અન્વયે ખુલ્લા પ્રવેશ માટે પાત્ર હોય તો, આવા વપરાશકારોની સંખ્યામાં કે મિશ્રતામાં અથવા આવા હકદાર વપરાશકારોને પૂરી પડાતી વીજળીના જથ્થામાં કોઇપણ ફેરફાર નિયંત્રણપાત્ર પરિબળોને કારણે હોવાનું ગણાશે.

(ચ) પ્રવાહન ઘટ

(છ) બજાર વ્યાજ દરમાં ફેરફાર

(જ) કર અને વૈધાનિક વેરા

(ઝ) આવક પર કર

પરંતુ અરજદાર કે કોઇ હિત ધરાવનાર કે અસર પામેલ પક્ષકાર એમ માને કે ઉપર નિર્દિષ્ટ ન કરેલ કોઇ ફેરફારો અંગે બિનનિયંત્રણપાત્ર પરિબળોને કારણે કોઇ નાણાંકીય વર્ષની કામગીરીમાં મહત્વપૂર્ણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર થયેલ છે તો આવા અરજદાર કે હિત ધરાવનાર કે અસર પામેલ પક્ષકાર આયોગને આવા ફેરફાર આવા નાણાકીય વર્ષ માટે આ વિનિયમ અન્વયે અયોગના વિવેકાધિકાર પ્રમાણે સમાવિષ્ટ કરવા આયોગને અરજી કરી શકશે.

૨૩.૨ અરજદારની કામગીરીમાં કેટલાક વર્ણાત્મક ફેરફારો કે અપેક્ષિત ફેરફારો અને આયોગ દ્વારા નિયંત્રણપાત્ર પરિબળોને કારણે થયા હોવાનું ગણાય તેમાં નીચેનાં પરિબળોનો સમાવેશ થાય છે પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નથી.

(ક)આવી પરિયોજના ક્ષેત્રમાં મંજૂર કરાયેલ ફેરફારને કારણે ન હોય તેવી મૂડી ખર્ચ પરિયોજનાના અમલમાં સમય અને/અથવા અતિશય ખર્ચ/ કાર્યક્ષમતાને કારણે મૂડી કિંમતમાં ફેરફાર વૈધાનિક વેરામાં ફેરવાર અથવા કુદરતી આફતોની ઘટનાઓ

(ખ) ઉપર ખંડ(ક) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જ ઇકવીટી પર મળતર તથા મૂડી કિંમતનાં ફેરફારને કારણે ઘસારા ખર્ચમાં ફેરફાર

(ગ) વિતરણ પરવાનેદારની ટેક્નિકલ અને વાણિજ્યિક ઘટમાં ફેરફાર

(ઘ) કામગીરી પારમિતિમાં ફેરફાર

(ચ) કાર્યકારી મૂડી જરૂરિયાતોમાં ફેરફાર

(છ) તે વિનિયમો અનુસાર છૂટછાટ આપી હોય તે સિવાય, ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ)માં નિર્દિષ્ટ ધોરણો પહોંચી વળવામાં નિષ્ફળતા

(જ) શ્રમ ઉત્પાદકતામાં ફેરફાર

(ઝ) સંચાલ અને નિભાવ ખર્ચમાં ફેરફાર

(ટ) વાયર પ્રાપ્યતામાં ફેરફાર

૨૪. **બિનનિયંત્રણપાત્ર પરિબળોને કારણે લાભ કે નુકશાનમાંથી પસાર થવાની તંત્ર-વ્યવસ્થા :**

૨૪.૧ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને બિનનિયંત્રણપાત્ર પરિબળોને કારણે મંજૂર કરેલ એકંદર લાભ કે નુકશાન આ વિનિયમો હેઠળ આયોગના હુકમમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવી મુદત દરમ્યાન વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં સમાયોજન તરીકે પસાર કરાશે.

૨૪.૨ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારે કરેલા ખર્ચ અને સર્જિત મહેસૂલ વચ્ચેના ફેરફારની તથા આયોગે મંજૂર કરેલા આંકડાની વિગતો આયોગને ખરાઇ માટે જરૂરી સમર્થક દસ્તાવેજો તથા વિગતવાર ગણતરીઓની સાથે નિયત ઢાંચામાં આયોગને મોકલશે.

૨૪.૩ વિનિયમ-૨૪ માં સમાવિષ્ટ કશું પણ બળતણ ભાવ અને વીજ ખરીદીના ભાવમાં ફેરફારને કારણે થતો કોઇપણ લાભ કે નુકશાન સંબંધમાં લાગુ પડશે નહીં, જે અંગેની કામગીરી આયોગે વખતોવખત નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કરાશે.

૨૫. **નિયંત્રણપાત્ર પરિબળોને કારણે લાભ કે નુકશાનની હિસ્સેદારી માટે તંત્ર-વ્યવસ્થા :**

૨૫.૧ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાસ પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર લાભ અંગે નીચે દર્શાવેલ રીતે કામ હાથ ધરાશે.

(ક) આવા લાભની એક તૃતિયાંશ રકમ, વિનિયમ ૨૨.૬ અન્વયે આયોગના હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબની તેવી મુદત દરમ્યાન પ્રશુલ્કમાં રિબેટ તરીકે પસાર થશે.

(ખ) બાકીની રકમ જે આવા લાભના બે તૃતિયાંશ થશે, તેનો ઉપયોગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના વિવેકાધિકાર પ્રમાણે વાપરી શકાશે.

૨૫.૨ નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર નુકશાન નીચેની રીતે હાથ ધરાશે.

(ક) આવા નુકશાનની એક તૃતિયાંધ રકમ વિનિયમ ૨૨.૬ અન્વયે આયોગના હુકમમાં નિયત કર્યા પ્રમાણે તેટલી મુદત દરમ્યાન પ્રશુલ્કમાં વધારાના ચાર્જ તરીકે પસાર કરી શકાશે અને

(ખ) નુકશાનની બાકીની રકમ જે આવા નુકશાનની બે તૃતિયાંશ થાય છે, તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા ચૂકવાશે.

૨૬. **પ્રશુલ્કનો નિર્ણય :**

૨૬.૧ પ્રશુલ્ક નિર્ણય માટે આયોગ દ્વારા હાથ ધરાવનાર કાર્યવાહી, ૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કામકાજ સંચાલન) વિનિયમો અનુસાર હાથ ધરાશે.

૨૬.૨ આ વિનિયમોમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગને હંમેશ સ્વયંના ધોરણે કે હિત ધરાવતા કે અસર પામેલા પક્ષકારે દાખલ કરેલી પીટીશનને આધારે અસર પામેલ પક્ષકારે દાખલ કરેલી પીટીશનને આધારે તેની શરતો સહિત, કોઇપણ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક નક્કી કરવાની સત્તા રહેશે.

પરંતુ પ્રશુલ્કનો નિર્ણય અનુસાર હોય અન્યથા આયોગ દ્વારા અગાઉથી મંજૂર કરાયેલ હતા કે ન હોય અને આ વિનિયમો લાગુ પડ્યા પહેલા કે પછી કોઇપણ સમયે કરેલ સમજૂતિ કે ગોઠવણ અનુસાર હોઇ શકે.

INDEX

૨૬.૩ આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઇપણ વસ્તુ હોય તેમ છતાં આયોગ કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શન સૂચનાઓ અનુસાર બોલીની પારદર્શક પ્રક્રિયા દ્વારા આવું પ્રશુલ્ક નક્કી કરવામાં આવે તો પ્રશુલ્ક અપનાવશે.

પરંતુ અરજદાર આવી માહિતી પૂરી પાડશે કેમકે આયોગે પોતે ખાતરી કરવી જોઇશે કે કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શક સૂચનાઓ યોગ્ય રીતે અનુસરવામાં આવી છે.

૨૭. **વીજ ઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવું:**

૨૭.૧ આ વિનિયમોના પ્રકરણ-૪ માં સમાવિષ્ટ કરેલ શરતોને આધારે આયોગ વિજળી ઉત્પાદન માટેના પ્રશુલ્ક નકકી કરશે.

૨૭.૨ **ચાલુ વીજ ઉત્પાદન મથક**

૨૭.૨.૧ આયોગે આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પહેલાં કોઇપણ સમયે વીજ ઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણ મંજૂર કરેલ હોય અથવા ચાલુ વીજ ઉત્પાદન યુનિટ/ મથકેથી વીજળીના પુરવઠા માટે તેમાં સમાવિષ્ટ પ્રશુલ્ક અપનાવેલ હોય ત્યાં વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા અંગે પ્રશુલ્ક આયોગે આ રીતે મંજૂર કર્યા કે અપનાવ્યા પ્રમાણે તેટલી મુદત માટે આવી વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણમાં દર્શાવેલ પ્રશુલ્ક પ્રમાણે રહેશે.

૨૭.૨.૨ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખથી વીજ ઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે હાલની વીજ ઉત્પાદન મથક પાસેથી વીજળી પુરવઠા માટે વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણને આયોગે મંજૂરી આપી ન હતી અથવા તેમાં સમાવિષ્ટ પ્રશુલ્કને આયોગે અપનાવ્યો ન હતો અથવા કોઇ વીજ ખરીદી સમજૂતી કે ગોઠવણ થઈ નથી ત્યાં આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પછી આવી વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો આયોગે મંજૂર કરેલ વીજળી ખરીદી સમજૂતિ અનુસાર અપાશે.

પરંતુ આવી વીજળી ખરીદી સમજૂતિ કે ગોઠવણની મંજૂરી માટેની અરજી વિતરણ પરવાનેદારે આયોગને આ વિનિયમોના જાહેરનામાની તારીખ ત્રણ(૩) મહિનાની મુદતની અંદર કરવાની રહેશે.

પરંતુ વધુમાં વીજ પુરવઠો, આયોગ આવી વીજ ખરીદી સમજૂતી મંજૂર કરે તેટલા સમય સુધી હાલની સમજૂતિ કે ગોઠવણ હેઠળ યથાપ્રસંગ ચાલુ રાખવાની છૂટ રહેશે અને આવી વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણને આયોગ લેખિતમાં નોંધેલા કારણોસર રદ કરે તો તે તત્કાલ બંધ કરાશે.

૨૭.૩ **નવા વીજ ઉત્પાદન મથકો :**

૨૭.૩.૧ વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને નવા વીજ ઉત્પાદન યુનિટ/મથકેથી વીજળીનો પુરવઠો મોકલવા માટેનું પ્રશુલ્ક આયોગે મંજૂરી કરેલ વીજ ખરીદી સમજૂતિ અનુસારના પ્રશુલ્ક મુજબ રહેશે.

૨૭.૪ **પોતાનાં વીજ ઉત્પાદન મથકો :**

૨૭.૪.૧ જ્યાં વિતરણ પરવાનેદાર વીજળી ઉત્પાદનનું કામકાજ હાથ ધરે ત્યાં વિતરણ પરવાનેદારના વીજ ઉત્પાદન ધંધા દ્વારા તેના છૂટક પુરવઠા ધંધાને વીજળી જે તબદીલી ભાવે પૂરી પાડવામાં આવે તે ભાવ આયોગ નક્કી કરશે.

૨૭.૪.૨ વિતરણ પરવાનેદાર વીજ ઉત્પાદન ધંધા માટે અલગ રેકર્ડ રાખશે અને ફાળવણી પત્રક જાળવશે, જેથી આયોગ આવા ધંધાને લગતા પ્રત્યક્ષ અને પરોક્ષ ભાવ અને આવા ધંધામાંથી મળતી ઇકવીટી પરનું રીટર્ન સ્પષ્ટપણે મુકરર કરશે.

પરંતુ એકવાર આયોગ નિયંત્રણના હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નક્કી કરવાથી અને ચોક્કસ કરવાની અરજીઓ નિયંત્રણ હિસાબોને આધારે કરાશે.

૨૭.૫ વિતરણ પરવાનેદાર વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવાની અલગ અરજીની સાથે ઉત્પાદન ધંધાને લગતા આ વિનિયમોના પ્રકરણ-૪ અન્વયે જરૂરી માહિતી રજૂ કરશે.

૨૮ **પ્રવાહન, વિતરણ વાયર ધંધો અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક નક્કી કરવું:**

૨૮.૧ આયોગ પરવાનેદારે આ વિનિયમોમાં સમાવિષ્ટ કાર્યપદ્ધતિ અનુસાર કરેલી અરજીને આધારે પ્રવાહન ધંધો, વિતરણ વાયર ધંધો અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક નક્કી કરશે.

INDEX

૨૮.૨ આયોગ નીચે માટે પ્રશુલ્ક નક્કી કરશે.
(૧) આ વિનિયમોના પ્રકરણ-૫ માં સમાવિષ્ટ શરતો અનુસાર વીજળીનું પ્રવાહન
(૨) આ વિનિયમોના પ્રકરણ-૬ માં સમાવિષ્ટ શરતો અનુસાર વિતરણ વાયર ધંધો
(૩)આ વિનિયમોના પ્રકરણ-૭ માં સમાવિષ્ટ શરતો અનુસાર પૂરવઠો ધંધો

૨૯. **ફાઇલીંગ કાર્યપદ્ધતિ :**

૨૯.૧ અરજદાર આયોગને કરેલી તેની અરજીના ભાડા તરીકે મંજૂર કરાયેલ ધંધાકીય યોજનાને આધારે આયોગ વખતોવખત નક્કી કરે તેવા ફોર્મમાં એકંદર મહેસૂલી જરૂરિયાતની તેની ગણતરી અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની પૂરેપૂરી વિગતો પૂરી પાડશે અને ત્યારપછી આયોગ કે સચિવ કે આયોગે આ માટે નામ-નિર્દિષ્ટ કરેલ કોઇપણ અધિકારી આવી ગણતરીનું મૂલ્યાંકન કરવા માટે વાજબીપણે માંગે તેવી વધુ માહિતી કે વિગતો કે દસ્તાવેજો આપશે.

પરંતુ અરજીમાં પ્રસ્તુત હોય ત્યાં ક્ષાવાર પ્રશુલ્ક તથા નિયંત્રણ મુદત સંબંધિત વર્ષ માટે એકંદર મહેસૂલી જરૂરિયતમાં કોઇ ગાળો હોય તો તેને આવો સુધારો કેવી રીતે પહોંચી વળશે તે દર્શાવતી વિગતવાર પ્રશુલ્ક સુધારણા દરખાસ્ત તેની સાથે રખાશે.

વધુમાં આયોગ અરજદારે વખતોવખત રજૂ કરવાની વિગતો માટે વધારાનો/ વૈકલ્પિક ઢાંચો નિર્દિષ્ટ કરશે ત્યારે એકંદર મહેસૂલી જરૂરિયાત આકારવા અને પ્રશુલ્ક નક્કી કરવા તે વાજબીપણે જરૂરી બને.

૨૯.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ તમામ જરૂરિયાતોનું પાલન કરીને તમામ જરૂરી માહિતી વિગતો અને દસ્તાવેજો સાથેની સંપૂર્ણ અરજી મળતાં અરજી મળી હોવાનું ગણવામાં આવશે અને આયોગ કે સચિવ કે નામનિર્દિષ્ટ અધિકારી અરજદારને જણાવશે કે અરજીની નોંધણી કરાઇ છે અને પ્રકાશન માટે તૈયાર છે.

૨૯.૩ કરાયેલી અરજીનું, અરજીમાં જણાવેલી હકીકતોથી વાકેફ વ્યક્તિની એફિડેવિટ દ્વારા સમર્થન કરાશે.

૨૯.૪ અરજદાર અરજીની નોંધણી થયા પછીના ૭ દિવસમાં તેની અરજીની નોટિસ પ્રસ્તુત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં - એક અંગ્રેજી અને એક ગુજરાતીમાં પ્રસિદ્ધ કરાવશે.

૨૯.૫ કોઇપણ વ્યક્તિ આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર પ્રશુલ્ક નિર્ણયની દરખાસ્ત અંગે કોઇ સૂચનો અને વાંધા હોય તો તે સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ દાખલ કરશે અને અરજદારને તેની નકલ મોકલશે.

૨૯.૬ અરજદાર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર અગાઉ જણાવ્યું તેમ એફિડેવીટ કરીને આયોગને પ્રસિદ્ધ કરાયેથી નોટિસની વિગતો રજૂ કરશે અને જેમાં અને જેમાં નોટિસ પ્રસિદ્ધ થઈ તે વર્તમાન પત્રોની નકલો પણ દાખલ કરશે.

૨૯.૭ અરજદાર-૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કામકાજનું સંચાલન) વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં જવાબમાં કોઇ સૂચનો અને વાંધા મળ્યા હોય તો તે પર પોતાના ટીકા-ટિપ્પણ રજૂ કરશે.

૨૯.૮ અરજદાર આગલા વર્ષના અને ચાલુ નાણાંકીય વર્ષની ૩૦ મી નવેમ્બર સુધીના આગમી નાણાકીય વર્ષ માટેના પ્રશુલ્કને ચોક્કસ કરવાની બાબતની મંજૂરી માટે પોતાની પીટીશન દાખલ કરશે.

પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨થી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેની બહુવર્ષિય પ્રશુલ્ક પીટીશન ધંધાકીય યોજના સાથે ફાઇલ કરવાની રહેશે.

૩૦. **પ્રશુલ્ક હુકમ :**

૩૦.૧ આયોગ સંપૂર્ણ અરજીની નોંધણી તારીખથી એકસોવીસ દિવસની અંદર લોકો પાસેથી મળેલ તમામ સૂચનો અને વાંધા વિચાર્યા પછી
(ક) પ્રશુલ્ક હુકમ બહાર પાડશે, જેમાં તે હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેવા સુધારા કે શરતો સાથેની અરજી સ્વીકારવામાં આવશે.

(ખ) આવી અરજી અધિનિયમની જોગવાઇઓ અને નિયમો તથા તે હેઠળ ઘડાયેલા વિનિયમો અથવા તત્સમયે અમલી બીજા કોઇપણ કામદાર ન હોય તો લેખિતમાં નોંધવાના કારણોસર અરજી રદ કરશે.

પરંતુ અરજદારની અરજી રદ કરવામાં આવે તે પહેલાં તેને સાંભળવાની વ્યાજબી તક આપશે.

૩૦.૨ આ રીતે પ્રસિદ્ધ કરાયેલ પ્રશુલ્ક ઉક્ત હુકમમાં નિર્દિષ્ટ તારીખથી અમલમાં આવશે અને તેને સુધારવામાં કે નકારવામાં આવે નહીં ત્યાં સુધી તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેટલી મુદત માટે અમલમાં ચાલુ રહેશે.

INDEX

૩૧. **પ્રશુલ્ક હુકમો વળગી રહેવું:**

૩૧.૧ આયોગે વખતોવખત મંજૂર કરેલ FPPPA ફોર્મ્યુલા પર આધારીત FPPPA સિવાય, કોઇપણ પ્રશુલ્ક કે તેના કોઇપણ ભાગમાં સામાન્ય રીતે સુધારો કરી શકાશે નહીં.

૩૧.૨ આયોગને લેખિતમાં નોંધવાના કારણોસર પોતાને ખાતરી થાય પછી પ્રશુલ્કના સુધારાને છૂટ આપશે.

૩૧.૩ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર અધિનિયમ કલમ-૬૨ અન્વયે અને આ વિનિયમો અનુસાર નક્કી કરાયેલ પ્રશુલ્કની વધુ ભાવ કે ચાર્જ વસૂલ કરે તો આવો ભાવ કે ચાર્જ ચૂકવનાર વ્યક્તિને વધારાની રકમ ચૂકવવાપાત્ર થશે. જેની સાથે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા ઉત્પન્ન કરાયેલ અન્ય કોઇ જવાબદારીને બાધક બન્યા સિવાય ભારતીય રીઝર્વ બેન્કના બેન્ક દરની સમતુલ્ય રકમ વ્યાજ ચૂકવશે.

૩૧.૪ પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર આયોગ તેના હુકમના અમલ પર દેખરેખ રાખી શકે તે સારૂ સંચાલન અને ખર્ચની વિગતો સમાવિષ્ટ કરવું, આયોગે માંગ્યા મુજબનું સામયિક રિટર્ન રજૂ કરશે.

૩૨. **વાર્ષિક પ્રશુલ્ક નિર્ધારણ :**

૩૨.૧ આયોગ નિયંત્રણ મુદત દરમ્યાન દરેક નાણાંકીય વર્ષ માટે બહુવર્ષિય પ્રશુલ્ક માળખા અન્વયે આવરી લેવાયેલ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક નીચેની બાબતો લક્ષમાં રાખીને આવા નાણાંકીય વર્ષની શરૂઆતમાં નક્કી કરશે.

(ક) વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર માટે ઉપલબ્ધ પ્રોત્સાહન સહિત એકંદર મહેસૂલી જરૂરિયાત અને આવા નાણાંકીય વર્ષ માટે મધ્ય સત્રિય સમીક્ષા કોઇ કરી હોય તો તે સમયે મંજૂર કરેલા સુધારા સહિત પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવકની મંજૂર કરેલી આગાહી,

(ખ) આગલા વર્ષનું પ્રશુલ્ક ચોક્કસ કર્યા પછી પ્રશુલ્કમાંથી પસાર થનાર મંજૂર લાભ અને નુકશાન

૩૩. **સહાયકી તંત્ર વ્યવસ્થા :**

૩૩.૧ એપ્રિલ-૨૦૧૧ના પ્રથમ દિવસથી રાજ્ય સરકાર આયોગ દ્વારા નક્કી કરાયેલ પ્રશુલ્ક અંગે કોઇ ગ્રાહક કે ગ્રાહકોના વર્ગને કોઇ સહાયકી આપવા માંગે તો રાજ્ય સરકાર અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે આપેલ કોઇપણ આદેશ હોય તેમ છતાં પરવાનેદાર કે સંબંધિત બીજી કોઇ વ્યક્તિ માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે રાજ્ય સરકાર દ્વારા જોગવાઇ કરાયેલી સહાયકીનો અમલ કરવાની શરત તરીકે સહાયકી આપવાથી અસર પામેલ વિતરણ પરવાનેદાર/વ્યક્તિને ક્ષતિપૂર્તિ કરી આપવા રકમ અગાઉથી ચૂકવશે.

પરંતુ આ વિનિયમોમાં સમાવિષ્ટ જોગવાઇઓ અનુસાર ચુકવણી ન કરાય તો રાજ્ય સરકારના આવો આદેશ અમલી બનશે નહીં અને આયોગે નક્કી કરેલ પ્રશુલ્ક આ અંગે આયોગે બહાર પાડેલા હુકમની તારીખથી લાગુ પડશે.

પ્રકરણ-૩

નાણાંકીય સિદ્ધાંતો

૩૪. **દેવા ઇકવિટી ગુણોત્તર :**

૩૪.૧ પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે દેવા ઇકવિટી ગુણોત્તર ૧-૪-૨૦૧૧ પછી શરૂ કરાયેલ કે વધારેલી ક્ષમતાવાળા નવાં વીજ ઉત્પાદન મથક, પ્રવાહન કે વિતરણ લાઇન કે પેટા-મથકના કેસમાં વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખે ૭૦:૩૦ રહેશે. રોકેલી ઇક્વિટી ૬૦% કરતાં વધુ હોય ત્યાં પ્રશુલ્કના હેતુસર ઇકવિટીની રકમ ૩૦% સુધી મર્યાદિત રહેશે. પ્રશુલ્કના હેતુસર ઇક્વિટીની રકમ ૩૦% સુધી મર્યાદિત રહેશે. બાકીની રકમ લોન તરીકે ગણાશે. રોકેલ ખરેખરી ઇકવિટી ૩૦% કરતાં ઓછી હોય ત્યાં ખરેખરી ઇક્વિટી વિચારશે,

પરંતુ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર કેસમાં ૧ લી એપ્રિલ, ૨૦૧૧ પૂર્વે મૂડી ખર્ચ પ્રોજેક્ટને કારણે કોઇ સ્થાયી અસ્કયામત મૂડીકૃત કરવામાં આવે તો ૩૧ માર્ચ, ૨૦૧૧ના

INDEX

રોજ પૂરી થતી મુદત માટે પ્રશુલ્ક નક્કી કરવા આયોગે છૂટ આપેલ દેવા ઇકવિટી ગુણોત્તર ગણવામાં આવશે.

પરંતુ અસ્કયામતોની નિવૃતિ કે ફેરબદલીના કેસમાં ઉપર દર્શાવ્યા મુજબ મંજૂર કરેલ ઇકવિટી મૂડી, નિવૃતિ કે ફેરબદલી કરાયેલ અસ્કયામતના મૂળ ખર્ચના (અથવા તે ૩૦%) કરતાં ઓછી હોય તો દસ્તાવેજી પુરાવા પર આધારીત ખરેખર ઇકવિટી ઘટક)૩૦% સુધી ઘટાડો થશે.

પરંતુ તબદીલી યોજનાને પરિણામે કરાયેલ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર માટે તબદીલી યોજનાની તારીખ ઇકવિટી મૂડી કરવા માટેની અસરકારક તારીખ બનશે.

૩૫. **મૂડી ખર્ચ અને મૂડી માળખું :**

૩૫.૧ પ્રોજેક્ટ માટેના મૂડી ખર્ચમાં નીચેનાનો સમાવેશ થશે.

(અ) કરેલ ખર્ચ અથવા અંદાજિત ખર્ચ કે જેમાં બાંધકામ સમયનું વ્યાજ, ધિરાણ માટેના ખર્ચ અને બાંધકામ સમયના ધિરાણ પર વ્યાપારીક કામગીરીની તારીખ સુધીમાં વિદેશી હુંડીયામણના દરોમાં થતાં ફેરફારોને કારણે ઉદ્‌ભવતા લાભ અને નુકશાન કે જે આયોગ દ્વારા ડહાપણપૂર્વક ચકાસાયેલ હોય તેનો સમાવેશ થાય છે.

(બ) આ વિનિયમોમાં સ્પષ્ટ કરવામાં આવેલ હોય તે મુજબના મહત્તમ દરે મૂડીગત શરૂઆતના વધારાના ભાગો અને

(ક) વિનિયમ-૩૬માં નિર્ધારીત કરેલ વધારાનું મૂડીકરણ

પરંતુ એવી અસ્કયામત કે જે પ્રોજેક્ટ ખર્ચનો ભાગ હોય, પરંતુ ઉપયોગમાં મૂકાયેલ ન હોય તેને મૂડી ખર્ચમાંથી બાકત કરવામાં આવશે.

૩૫.૨ શાણપણભરી તપાસ પછી આયોગે સ્વીકારેલ મૂડી ખર્ચ, પ્રશુલ્ક નક્કી કરવા માટે આધાર બનશે.

પરંતુ આ વિવેકપૂર્ણ તપાસમાં મૂડી ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી, નાણાં ધિરાણ યોજના બાંધકામ દરમ્યાન વ્યાજ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, વધુ ખર્ચ તથા વધુ સમય અને આયોગને પ્રશુલ્ક નક્કી કરવા યોગ્ય લાગે તેવી બીજી બાબતો સમાવેશ થશે.

૩૫.૩ મંજૂર કરાયેલ મૂડી ખર્ચ પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે અને મૂડી ખર્ચમાં કોઇપણ વધારા માટે પૂરતું વ્યાજબી કારણ આપવામાં આવે તો આયોગ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને તેની વિચારણા કરશે.

પરંતુ ખરેખરૂં મૂડી ખર્ચ મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં ઓછું હોય તો વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક નક્કી કરવા ખરેખરૂ મૂડી ખર્ચ વિચારણામાં લેવાશે.

૩૫.૪ મૂળ ખર્ચ પૂરતું મર્યાદિત કંપનીના ઓડિટ કરેલા હિસાબોને આધારે કામકાજના મૂળ વ્યાપ માટે COD પરના ખરેખર મૂડી ખર્ચ આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને વિચારણામાં લઈ શકાશે.

૩૫.૫ વીજળી ખરીદી સમજૂતિ કે જથ્થાબંધ વીજળી પ્રવાહન સમજૂતિ મૂડી ખર્ચની ટોચ-મર્યાદા માટે જોગવાઇ કરે ત્યાં વિચારવાનું મૂડી ખર્ચ આવી ટોચ મર્યાદાથી વધવું જોઇએ નહીં.

૩૫.૬ મૂડી ખર્ચમાં મૂડીકૃત પ્રારંભિક બચતનો સમાવેશ થાય છે.

(ક) કોલસા આધારિત/ લિગ્નાઇટ પ્રજવલિત વીજ ઉત્પાદન મથકોના કેસમાં મૂળ મૂડી ખર્ચના ૨૫% સુધી

(ખ) ગેસ-ટર્બાઇન/ સંયુક્ત ચક્રિય વીજ ઉત્પાદન મથકોના કેસમાં મૂળ મૂડી ખર્ચના ૨૫%

(ગ) જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં મૂળ મૂડી ખર્ચના ૧.૫ ટકા સુધી

INDEX

(ઘ) પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદારના કેસમાં મૂળ મૂડી ખર્ચના ૧.૫ % સુધી

૩૫.૭ નિયંત્રણ મુદત દરમ્યાન અસ્કયામતોની ફેરમૂલવણીની અસરને છૂટ અપાશે. પરંતુ તેના પરિણામે વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં વધારો ન થાય. આવી ફેરમૂલવણીમાંથી થતો કોઇપણ લાભ વીજ ઉત્પાદન કંપનીના કેસમાં ક્ષમતા ચાર્જમાં હિસ્સેદાર વ્યક્તિઓને અને વિતરણ પરવાનેદારના કેસમાં પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના લાંબાગાળાના આંતરરાજ્ય ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને કે છૂટક પુરવઠાના ગ્રાહકોને વાર્ષિક ચોક્કસાઇ કરવાના સમયે મળશે.

૩૫.૮ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદારને લાગુ પડે તે પ્રમાણે જૂની સ્થાયી અસ્કયામતો ફેરબદલી નવીકરણ અને આધુનિકીકરણ કે તેની આવરદામાં વિસ્તરણ પરનું કોઇપણ ખર્ચ મૂળ મૂડી ખર્ચમાંથી આવી ફેરબદલી કરાવેલ અસ્ક્યામતોના ચોખ્ખા મૂલ્યની માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે.

ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું ચોખ્ખું મૂલ્ય = OCFA-AD-CC જ્યાં

OCFA = ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું મૂળ મૂડી ખર્ચ

AD = ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતું એકત્રિત ઘસારા ખર્ચ

CC = ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતો ગ્રાહક ફાળો

૩૬. <u>વધારાનું મૂડીકરણ :</u>

૩૬.૧ વાણિજ્યિક સંચાલનની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી ક્ષમતા મૂળ સ્કોપ/ ક્ષેત્રની અંદર નીચેના મુદ્દાઓ અંગે ખરેખર કરેલ કે કરવા વિચારેલ નીચેનું મૂડી ખર્ચ આયોગ વિવેકપૂર્ણ તપાસીને આધીન રહીને સ્વીકારશે.

(ક) કામના મૂળ ક્ષેત્રની અંદર નહીં બજાવેલી જવાબદારીઓને કારણે,

(ખ) કામના મૂળ ક્ષેત્રની અંદર કામો અંગેની અજાણ બજવણીમાં વિલંબ

(ગ) લવાદના ચુકાદા કે કામના મૂળ ક્ષેત્રમાંથી ઉદભવેલ આખરી અને બિન-અપીલપાત્ર, કોર્ટના હુકમ કે ચુકાદાનું પાલન,

(ઘ) કાયદામાં ફેરફારને કારણે

(ચ) વિનિયમ ૩૫.૬ માં ઠરાવેલ ટોચના ધોરણને આધીન રહીને મૂળ પરિયોજના ખર્ચમાં સમાવિષ્ટ પ્રારંભિક બચત પ્રાપ્ત થતાં

(છ) વીજ ઉત્પાદન મથક કે પ્રવાહન સિસ્ટમ કે વિતરણ સિસ્ટમના કાર્યક્ષમ અને સફળ સંચાલન માટે જરૂરી બનેલ પરંતુ મૂળ મૂડી ખર્ચમાં સમાવિષ્ટ ન કરેલ કોઇપણ વધારાના કામો/સેવાઓ

પરંતુ ખર્ચના અંદાજો સાથે કામના મૂળ ક્ષેત્ર(સ્કોપ) ને ધંધાકીય યોજનાના ભાગ તરીકે રજૂ કરાશે,

પરંતુ વિલંબિત જવાબદારીઓ અને અમલ બજવણી માટે વિલંબ થયેલ કામોની યાદી, વીજ ઉત્પાદન યુનિટ/ મથક કે પ્રવાહન સિસ્ટમ કે વિતરણ સિસ્ટમના વાણિજ્યિક સંચાલનની તારીખ પછી આખરી પ્રશુલ્કની અરજી સાથે રજૂ કરાશે.

પરંતુ વધુમાં પરિયોજનાનો ભાગ બનતી પરંતુ ઉપયોગમાં ન મૂકેલ અસ્કયામતો વિચારણામાં લેવાશે નહીં.

૩૬.૨ પ્રશુલ્કના વધારાના મૂડીકરણની અસર યથાપ્રસંગ નિયંત્રણ મુદતના દરેક નાણાંકીય વર્ષના ચોક્કસ કરવાના સમય (turning up) દરમ્યાન વિચારણામાં લેવાશે.

૩૭. <u>ગ્રાહક ફાળો, અનામત કામ અને અનુદાન :</u>

INDEX

૩૭.૧ પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદારે હાથ ધરવાના કામનું નીચેનું સ્વરૂપ આ પ્રકાર હેઠળ વર્ગીકૃત કરાશે.

(ક) અનામત કામોના સંદર્ભમાં વપરાશકારો પાસેથી નાણાંનો અમુક ભાગ કે તમામ નાણાં મેળવ્યાં પછીના કામો.

(ખ) RGGVU, APDRP અન્વયે મળેલા નાણાં સહિત રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી મળેલ અનુદાનોના ઉપયોગ દ્વારા હાથ ધરેલ મૂડી કામો,

(ગ) સમાન પ્રકારનું બીજું કોઇ અનુદાન અને રકમ પાછી વાળવાની કોઇ જવાબદારી વિના મળેલી અને આવી સહાય સાથે કોઇ વ્યાજ ખર્ચ ન જોડાયેલ હોય તેવી રકમ

૩૮. **ઇકવિટી પર રીટર્ન :**

૩૮.૧ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને યથાપ્રસંગ લાગતી વિનિયમ-૩૪ અનુસાર નક્કી કરાયેલી ભરાયેલી ઇકવિટી મૂડી પર ઇકવિટી અંગેનું રિટર્ન ગણાશે અને ૨૫ મે.વો ઉપરના જળવિદ્યુત ઉત્પાદન મથકો પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો સહિત વીજ ઉત્પાદન કંપનીઓ ૧૪ % દર છૂટ અપાશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર માટે ઇકવિટી પરનું રિટર્ન દરેક નાણાંકીય વર્ષની શરૂઆતમાં ઉપયોગમાં મૂકાયેલ. અસ્કયામતો માટે છૂટ અપાયેલ ઇકવિટી મૂડીની રકમ પર અને નાણાંકીય વર્ષ દરમ્યાન ઉપયોગમાં મૂકેલ મૂડી રોકાણ માટે પરવાનગીપાત્ર મૂડી ખર્ચના ઇકવિટી મૂડી ભાગના ૫૦ % મળશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર માટે ચોક્કસ કરવાના(turning up) હેતુસર ઇકવિટી પરનું રિટર્ન વર્ષ દરમ્યાન ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો માટે દસ્તાવેજી પુરાવા પર સમાન હિસ્સાના ધોરણે મળશે.

૩૮.૨ શેર મૂડી ઇશ્યૂ કરતી વખતે અમે મુક્ત રિઝર્વમાંથી ઉભા કરેલ આંતરિત સ્ત્રોતોનાં રોકાણ કરતી વખતે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા ઉભું કરાયેલ પ્રીમીયમ જો કોઇ હોય તો તે ઇકવિટી પરના રીટર્નની ગણતરી માટે ભરાયેલી મૂડી તરીકે પણ ગણવામાં આવશે એ શરત કે આવા પ્રીમીયમની રકમ અને આંતરિત સ્ત્રોતો મૂડી ખર્ચ પહોંચી વળવા ખરેખર વાપરવામાં આવે.

૩૮.૩ વિદેશી હૂંડીયામણમાં રોકેલ ઇકવિટી તે ભરપાઇ કર્યાની તારીખ(ખો)ને વિનિયમના પ્રવર્તમાન દરને આધારે રૂપિયાના ચલણમાં રૂપાંતરિત કરાશે.

૩૯. **લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જ :**

૩૯.૧ વિનિયમ ૩૪ માં દર્શાવેલ રિતે મળેલી લોન, લોન પરના વ્યાજની ગણતરી માટે એકંદર સાધારણ લોન ગણવામાં આવશે.

પરંતુ ચાલુ હોય ત્યાં મૂડી કામો પર વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જ બાદ કરવામાં આવશે.

પરંતુ અસ્કયામતોની નિવૃતિ કે ફેરબદલીના કેસમાં ઉપર દર્શાવ્યા મુજબ મંજૂર કરેલી લોન દસ્તાવેજી પુરાવાને આધારે નિવૃતિ કે ફેરબદલી કરાયેલ અસ્કયામતોની મૂળ કિંમતના બાકી નીકળતા લોનના ઘટક ભાગના પ્રમાણમાં ઘટાડવામાં આવશે.

૩૯.૨ ૧લી એપ્રિલ,૨૦૧૧ના રોજ બાકી નીકળતી સાધારણ લોન, ૩૧ માર્ચ, ૨૦૧૧ સુધી આયોગે સ્વીકાર્યા પ્રમાણે એકંદર સાધારણ લોનમાંથી સંચિત ચુકવણી બાદ કરીને ગણવામાં આવશે.

૩૯.૩ ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષની ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષમાંથી પ્રશુલ્ક મુદત દરમ્યાન વર્ષ માટેની ચુકવણી તે વર્ષ માટે માન્ય ઘસારા ખર્ચની સમતુલ્ય ગણવામાં આવશે.

૩૯.૪ યથાપ્રસંગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને મેળવેલ કોઇપણ દેવા મોકૂફી મુદત હોય તેમ છતાં લોનની ચુકવણી પરિયોજનાના વાણિજ્યિક સંચાલનના પ્રથમ વર્ષથી ગણવામાં આવશે અને તે માન્ય કરેલ વાર્ષિક ઘસારા ખર્ચની સમતુલ્ય રહેશે.

INDEX

૩૯.૫ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને લાગુ પડતા દરેક વર્ષની શરૂઆતમાં ખરેખર લોન પોર્ટ ફોલિયોને આધારે વ્યાજનો દર ગણી કાઢેલ વેઇટેડ (મૂલ્યાંકન કરાયેલ) સરેરાશ વ્યાજ દર રહેશે.
પરંતુ તે ચોક્કસ વર્ષ માટે કોઇ ખરેખરી લોન ન હોય પરંતુ સાધારણ લોન રજુ બાકી હોય તો છેલ્લે પ્રાપ્ય વેઇટેડ વ્યાજનો સરેરાશ દર ગણવામાં આવશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ ખરેખરી લોન ધરાવતા હોય તો વીજ ઉત્પાદન કંપની પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારનો સમગ્ર તરીકે વ્યાજનો વેઇટેડ સરેરાશ દર વિચારણામાં લેવાશે.

૩૯.૬ વેઇટેડ સરેરાશ વ્યાજ દર લાગુ પાડીને વર્ષની સાધારણ સરેરાશ લોન પર લોનનું વ્યાજ ગણાશે.

૩૯.૭ ઉપરની વ્યાજની ગણતરીમાં ગ્રાહક ફાળો પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર કે વીજ ઉત્પાદન કંપનીએ યથાપ્રસંગ હાથ ધરેલ અનુદાન અને અનામત કામો દ્વારા જોગવાઇ કરાયેલ મૂડી ખર્ચના પ્રમાણમાં સાધારણ કે અન્યથા લોન રકમ પરનું વ્યાજ બાદ કરાશે.

૩૯.૮ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પ્રવાનેદાર યથાપ્રસંગ વ્યાજ પર ચોખ્ખી બચત ન થાય ત્યાં સુધી લોનનું પુર્નધિરાણ કરવાના તમામ પ્રયત્ન કરશે અને તેવા પ્રસંગે આવા પુર્નધિરાણ સાથે સંકળાયેલ ખર્ચ હિતાધિકારી ભોગવાશે. ચોખ્ખી બચત, હિતાધિકારીઓ તથા વીજ ઉત્પાદન કંપનીઓ પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર જે હોય તેમની વચ્ચે ૨:૧ ના ગુણોત્તરમાં વહેંચાશે.

૩૯.૯ પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તા વિતરણ સિસ્ટમ વપરાશકર્તા અને છૂટક ગ્રાહકો પાસેથી રોકડમાં જામીન અનામત તરીકે રખાયેલી રકમ પર પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાંકીય વર્ષના ૧ લી એપ્રિલના રોજ બેન્ક દર વ્યાજ આપવામાં આવશે.

૪૦. **<u>ઘસારા ખર્ચ :</u>**

૪૦.૧ ઘસારા ખર્ચના હેતુ માટે મૂલ્ય આધાર આયોગે મંજૂર કરેલ અસ્કયામતનું મૂડી ખર્ચ રહેશે.

૪૦.૨ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારને તેમના સંબંધિત ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતોના મૂલ્ય પર ઘસારા-ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે, જેની ગણતરી નીચે મુજબ કરાશે.
(ક) પરિયોજના/સ્થાયી અસ્કયામતોની મંજૂર કરેલ મૂળ કિંમત, ઘસારા ખર્ચની ગણતરી માટે મૂલ્ય આધાર બનશે.

(ખ) આ વિનિયમોના જોડાણ-૧ માં નિર્દિષ્ટ કરેલા દરે સીધી રેખાની પદ્ધતિને આધારે ઘસારા ખર્ચ વાર્ષિક ગણતરી કરશે :

પરંતુ વાણિજ્યિક સંચાલનની તારીખથી ૧૨ વર્ષની મુદત પછી બંધ થતા વર્ષની ૩૧મી તારીખના રોજ બાકીના ઘસારા-ખર્ચનું મૂલ્ય અસ્કયામતની બાકીની ઉપયોગી આવરદા મુજબ વહેંચવામાં આવશે,

પરંતુ વધુમાં તબદીલી યોજનાને (Transfer Scheme)પરિણામે રચાયેલ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર માટે તબદીલી યોજના હેઠળ તબદીલ કરાયેલ અસ્કયામતો પર ઘસારા ખર્ચ, તબદીલી યોજનાની તારીખથી ૧૨ વર્ષની મુદત માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ રદ અનુસાર ચાર્જ કરાશે અને ત્યારપછી ઘસારા ખર્ચ અસ્કયામતોથી સંતુલિત ઉપયોગ આવરદા પ્રમાણે વહેંચાશે.

પરંતુ તબદીલી યોજનાની તારીખે ચાર્જ કરી દીધેલ ઘસારા-ઘણા ફરીથી જણાવાશે નહીં.

પરંતુ વધુમાં વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર આ વિનિયમો અન્વયે જરૂરી હોય તે પ્રમાણે અને ઉપરના હકદાવા પ્રમાણિત કરવા આયોગે વખતોવખત નિયત કર્યા મુજબ આવી તમામ વિગતો કે દસ્તાવેજી પુરાવા રજૂ કરશે.

(ગ) બચાવેલ અસ્કયામતનું મૂલ્ય છૂટ આપવાપાત્ર મૂડી ખર્ચના ૧૦% ગણવામાં આવશે અને ઘસારા ખર્ચ અસ્કયામતના છૂટ આપવાપાત્ર મૂડી ખર્ચના અધિકતમ ૯૦%ની છૂટ અપાશે.

પરંતુ જળવિદ્યુત ઉત્પાદન મથકોના કિસ્સામાં જો કોઇ બચાવેલ અસ્કયામતની કિંમત હોય તો તે વિકાસકર્તા અને રાજ્ય સરકાર વચ્ચે થયેલા કરાર મુજબની રહેશે.

૪૦.૩ પટા હેઠળની જમીન સિવાયની બીજી જમીન અને જળ વિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં જળાશય માટેની જમીન ઘસારા-પાત્ર મૂલ્ય ગણાતી વખતે મૂડી ખર્ચમાંથી તેનું ખર્ચ બાદ કરાશે.

૪૦.૪ ચાલુ પરિયોજનાઓના કેસમાં ૧લી એપ્રિલ, ૨૦૧૧ના રોજ બાકી ઘસારા પાત્ર મૂલ્યને ૩૧ માર્ચ, ૨૦૧૧ સુધી આયોગે સ્વીકાર્યા પ્રમાણે સંચયી ઘસારા ખર્ચને અસ્કયામતના એકંદર મૂલ્યમાંથી બાદ કરીને ગણવામાં આવશે.

૪૦.૫ વર્ષના ભાગ માટે અસ્કયામતના વિચારેલ વાણિજ્યિક સંચાલનના કેસમાં આયોગે મંજૂર કરેલ અસ્કયામતની ખુલતી અને બંધ થતી સરેરાશ અસ્કયામતના મૂલ્યને આધારે ગણવામાં આવશે.
પરંતુ મૂડીકરણની તારીખે ઘસારા-ખર્ચ પ્રમાણસર ગણી કાઢેલ છે તેવી આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને અરજદારે મૂડીકૃત કરેલ અસ્કયામતના દસ્તાવેજી પુરાવાને આધારે નિયંત્રણ મુદતના દર વર્ષના ચોક્કસ કરવાની કામગીરીના સમયે મૂડીકૃત કરેલ અસ્કયામતો ચોક્કસ કરવા દરમ્યાન ઘસારા-ખર્ચ ફરીથી ગણવામાં આવશે.

૪૧. કાર્યકારી મૂડી પર વ્યાજ :

૪૧.૧ વીજ ઉત્પાદન :

(ક)કોલસા આધારિત/ તેલ આધારિત/લિગ્નાઇટ પ્રજ્વલિત મથકોના કેસમાં કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે.
(૧) પિટ હેડ વીજ ઉત્પાદન મથકો માટે એક મહિનાનું અને પિટ હેડ વગરનાં વીજ ઉત્પાદન મથકો માટે દોઢ મહિનાનું કોલસા કે લિગ્નાઇટનું ખર્ચ, લક્ષ્યાંક પ્રાપ્તિને અનુરૂપ વત્તા
(૨) લક્ષ્યાંક પ્રાપ્તિ અને અનુરૂપ એક(૧) મહિના માટે તેલનું ખર્ચ વત્તા
(૩) લક્ષ્યાંક પ્રાપ્તિ અને અનુરૂપ બે(૨) મહિના માટે ગૌણ બળતણ તેલનું ખર્ચ વત્તા
(૪) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ વત્તા
(૫) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% એ વધેલ ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકાને નિભાવ ખર્ચ
(૬) લક્ષ્યાંક પ્રાપ્તિને આધારે ગણી કાઢેલ વાર્ષિક સ્થાયી ચાર્જ અને વીજળી ચાર્જના એક(૧) મહિનાના સરવાળાની સમતુલ્ય વીજળી વેચાણમાંથી મળવાપાત્ર
પરંતુ પોતાના વીજ ઉત્પાદન મથકોના કેસમાં, આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં, વીજ ઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધા દ્વારા વીજ પુરવઠાના પ્રમાણમાં કોઇ રકમ મળવાપાત્ર રકમ પેટે મળશે નહીં.

(ખ)ગેસ ટર્બાઇન/ સંયુક્ત ચક્રિય વીજ ઉત્પાદન મથકોના કેસમાં કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે.
(૧) ગેસ બળતણ અને/ અથવા પ્રવાહી બળતણને આધારે ઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિ યોગ્ય રીતે ધ્યાનમાં લઈને લક્ષ્યાંક પ્રાપ્યતા પરિબળને અનુરૂપ એક(૧) મહિના માટેનું બળતણ ખર્ચ વત્તા
(૨) લક્ષ્યાંક પ્રાપ્તિને અનુરૂપ પંદર(૧૫) દિવસ માટે પ્રવાહી બળતણ સ્ટોક વત્તા
(૩) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ વત્તા
(૪) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% એ વધેલ ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકાએ નિભાવ ખર્ચ
(૫) ગેસ બળતણ અને પ્રવાહી બળતણને આધારે વીજ ઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિ યોગ્ય રીતે વિચારણામાં લઈને સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા પરિબળ પર ગણી કાઢેલ સમતુલ્ય વીજળી વેચાણ માટે એક મહિનાના ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જની સમતુલ્ય મળવાપાત્ર રકમ
પરંતુ પોતાના વીજ ઉત્પાદન મથકોના કેસમાં આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડીની ગણતરીમાં વીજ ઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધા દ્વારા પૂરી પડાતી વીજળીના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઇ રકમ અપાશે નહીં.

(ગ)જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં કાર્યકારી મૂડીમાં સમાવેશ થશે;
(૧) એક(૧) મહિનાના નિયત ખર્ચની સમતુલ્ય મળવાપાત્ર રકમ
(૨) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% એ વધેલ ઐતિહાસિક ખરના એક(૧) ટકા એ નિભાવ ખર્ચ
(૩) એક(૧) મહિનાની મળવાપાત્ર રકમને સમતૂલ્ય રકમ

પરંતુ પોતાના વીજ ઉત્પાદન મથકોના કેસમાં આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં વીજ ઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધા દ્વારા વીજળી પુરવઠાના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઇ રકમ અપાશે નહીં.

(ઘ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ પીટીશન દાખલ કરાયેલ હોય તે નાણાંકીય વર્ષના ૧ લી, એપ્રિલના રોજ મુજબ રાજ્ય બેન્ક પેશગી દર (SBAR) જેટલા દર મુજબનું રહેશે.

૪૧.૨ **પ્રવાહન :**

(ક) પ્રવાહન પરવાનેદારને નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્થળે વ્યાજની છૂટ અપાશે. જે નીચે મુજબ ગણવામાં આવશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ વત્તા
(૨) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬%ના દરે વૃદ્ધિ ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકાએ નિભાવ ખર્ચ વત્તા
(૩) લક્ષ્યાંક પ્રાપ્યતા સ્તરે ગણેલ એક(૧) મહિનાના પ્રવાહન ચાર્જની સમતુલ્ય મળવાપાત્ર રકમ બાદ
(૪) પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી બેન્ક ગેરંટીના રૂપમાં રાખેલી જમીન અનામત સિવાય કોઇ જામીન અનામત તરીકે રાખી હોય તે રકમ
(ખ)પીટીશન દાખલ કરી હોય તે નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ રાજ્ય બેન્ક પેશગી દર જેટલા દરે વ્યાજની છૂટ અપાશે.

૪૧.૩ **વિતરણ વાયર ધંધો :**

(ક)નાણાંકીય વર્ષ માટે વિતરણ વાયર ધંધા માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજની વિતરણ પરવાનેદારને છૂટ અપાશે. તેની ગણતરી નીચે મુજબ કરાશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ વત્તા
(૨) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% એ વધેલ ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકાએ નિભાવ ખર્ચ વત્તા
(૩)પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે વિતરણ વાયરના ઉપયોગ માટેના ચાર્જમાંથી અપેક્ષિત એક(૧) મહિનાની આવકની સમતુલ્ય મળવાપાત્ર રકમ બાદ
(૪)બેન્ક ગેરંટી સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાય વિતરણ સિસ્ટમના વપરાશકર્તા પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ(૧)ના ખંડ(બી) અન્વયે જામીન અનામત તરીકે કોઇ રકમ રાખી હોય તો તે રકમ
(ખ)પીટીશન દાખલ કરાયેલ હોય તે વર્ષની ૧લી એપ્રિલના રોજ રાજ્ય બેન્ક પેશગી દર જેટલા દરે વ્યાજની છૂટ અપાશે.

૪૧.૪ **વીજળીનો છૂટક પુરવઠો :**

(ક)વિતરણ પરવાનેદારને નાણાંકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજ લેવા દેવામાં આવશે. જેની ગણતરી નીચે મુજબ કરાશે.
(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ વત્તા
(૨) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% એ વૃદ્ધિ પામેલ ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકાએ નિભાવ ખર્ચ વત્તા
(૩) પ્રર્વતમાન પ્રશુલ્ક પ્રમાણે વીજળી વેચાણમાંથી એક(૧) મહિનાની અંદાજીત આવકની સમતુલ્ય મળવાપાત્ર રકમ બાદ

બેંક ગેરંટીના રૂપમાં રાખેલ જામીન અનામત સિવાય ગ્રાહકો પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ(૧)ન પેટા ખંડ (ખ) અને ખંડ(બે) અન્વયે જામીન અનામત તરીકે રાખેલી રકમ
(ખ) પીટીશન દાખલ કરવામાં આવે તે નાણાંકીય વર્ષની ૧ લી એપ્રિલના રોજ રાજ્ય બેન્ક પેશગી દર જેટલા સમાન દરે વ્યાજની છૂટ અપાશે.

૪૨. **આવક પર કર :**

૪૨.૧ આયોગ તેના બહુવર્ષિય પ્રશુલ્ક હુકમમાં વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને અરજદાર માટે ઉપલબ્ધ છેલ્લા ઓડિટ કરેલા હિસાબો અનુસાર ચૂકવેલ ખરેખર આવક-વેરા પર આધાર રાખીને નિયંત્રણ મુદત હોય તો તેના દરેક વર્ષે ચૂકવવાપાત્ર આવકવેરો કામચલાઉ મંજૂર કરશે.

૪૨.૨ વીજ ઉત્પાદન કંપનીઓ પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારોના નિયંત્રિત ધંધાના આવકના પ્રવાહને આધારે ખરેખર ચૂકવેલ અને મંજૂર કરેલ આવકવેરા વચ્ચેનો તફાવત કોઇ હોય તો તે વીજ

ઉત્પાદન કંપનીઓ પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો પાસેથી વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને નિયંત્રણ મુદતના દર વર્ષે ચોકસાઇ કરવાના સમયે રજૂ કરાતા દસ્તાવેજી પુરાવાને આધારે ભરપાઇ કરાશે/ વસૂલ કરાશે.

૪૨.૩ હિતાધિકારીઓ કે ગ્રાહકો પાસેથી તેમના પર લગાડેલ આવા કરને કારણે કરેલી ઓછી વસૂલાત કે વધુ વસુલાત વૈદ્યાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે ૧૯૬૧ના આવકવેરા અધિનિયમ અન્વયે આવક્વેરા મૂલ્યાંકનને આધારે દર વર્ષ સમાયોજન કરશે. વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગે તેની ચોક્કસ કરવાની પીટીશનમાં આ તફાવતનો સમાવેશ કરી શકશે. પરંતુ હાર્દરૂપ ધંધા સિવાયના કોઇ આવક પ્રવાહન પરનો કર, પ્રશુલ્કમાં પસાર થતો ઘટક બનશે નહીં અને બીજી આવી આવક પરનો કર વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ ભોગવશે.

૪૩. **રિબેટ :**

૪૩.૧ યથાપ્રસંગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન કંપની દ્વારા બિલો રજૂ કરવાના ૭ દિવસની અંદર સાખપત્ર કે અન્યથા વીજ ઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવાહન ખર્ચનાં બિલોની ચુકવણી માટે ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમ પર ૨% રિબેટ મળશે. પાછળથી યથાપ્રસંગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર દ્વારા પાછળથી શાખપત્ર ખોલીને કે અન્યથા પરંતુ બિલ રજૂ કર્યાના એક મહિનાની મુદતમાં ચુકવણી કરવામાં આવે ત્યાં કર, ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમ પર ૬%ના દરે અપાશે.

૪૪. **સરચાર્જ ચુકવણીમાં વિલંબ :**

૪૪.૧ હિતાધિકારી દ્વારા વીજ ઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવાહન ચાર્જના બિલોની ચુકવણીમાં બિલની તારીખથી ૩૦ દિવસ કરતાં વધુ સમયનો વિલંબ કરાય તો વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર જે હોય તે વિલંબની મુદત માટે બિલની રકમ પર માસિક ૧.૨૫% ના દરે મોડી ચુકવણી માટે સરચાર્જ વસુલ કરશે.

૪૫ **વિદેશી હુંડીયામણ દર તફાવત :**

૪૫.૧ યથાપ્રસંગ વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ સિસ્ટમ માટે મેળવેલ વિદેશી ચલણની લોન પરના વ્યાજ અને વિદેશી લોનની ભરપાઈ બાબતમાં વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના વિવેકાધિકાર પ્રમાણે આંશિક કે પૂરેપૂરી રકમ અંગે વિદેશી હૂંડીયામણ એક્પોઝર હેઝ ઉભું કરી શકે.

૪૫.૨ દરેક વીજ ઉત્પાદન કંપની અને પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર વર્ષથીવર્ષના ધોરણે પ્રસ્તુત વર્ષમાં સાધારણ વિદેશી દેવાને અનુરૂપ વિદેશી હુંડિયામણ દરના તફાવતનું હેજિંગ ખર્ચ, જે મુદતમાં તે ઉભું થાયે તે ખર્ચ તરીકે વસૂલ કરશે.

૪૫.૩ વીજ ઉત્પાદન કંપની અને પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર વિદેશી હુંડિયામણ એક્સપોઝર હેઝ ન કરી શકે તેટલી માત્રામાં પ્રસ્તુત વર્ષમાં સાધારણ વિદેશી ચલણને અનુરૂપ વ્યાજ ચુકવણી અને લોન ભરપાઇ પેટે વધારાના રૂપિયાની જવાબદારી છૂટ આપવાપાત્ર રહેશે, પરંતુ તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર કે તેના પુરવઠાકારો કે કોન્ટ્રાકટરોને કારણે ન હોય.

૪૬. **વિદેશી હુંડિયામણ વિનિમય દર તફાવતના હેજિંગ ખર્ચની વસૂલાત :**

૪૬.૧ દરેક વીજ ઉત્પાદન કંપની અને પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર હેજિંગનું ખર્ચ અને વર્ષોવર્ષ ધોરણે વિદેશી વિનિયમ દરમાં તફાવત તે જે મુદતમાં ઉભું થયેલ હોય તે મુદતમાં આવક કે ખર્ચ તરીકે વસૂલ કરશે.

પ્રકરણ ૪
વીજ ઉત્પાદન

૪૭. **પ્રયોજ્યોતા - લાગુ પડવું તે :**

૪૭.૧ આ પ્રકરણમાં નિર્દિષ્ટ વિનિયમો, વીજ ઉત્પાદનના પરંપરાગત સ્ત્રોતોમાંથી અને ૨૫ મે.વો કરતાં વધુ શક્તિ ધરાવતાં જળવિદ્યુત ઉત્પાદન મથકોએથી વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો પૂરો પાડવા માટે પ્રશુલ્ક નક્કી કરવા બાબત લાગુ પડશે.

પરંતુ વીજ ઉત્પાદનનાં નવીકરણપાત્ર ઉર્જા સ્ત્રોતોમાંથી વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્કનો નિર્ણય આયોગના પ્રસ્તુત વિનિયમો/આદેશોનો નિયત કર્યા મુજબની શરતો અનુસાર રહેશે.

૪૭.૨ વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને નીચેના કેસોમાં વીજળી પૂરી પાડવા માટે પ્રશુલ્ક નક્કી કરવા અંગે આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

INDEX

(ક) જ્યાં આ પ્રશુલ્ક આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પછી કરાયેલ વીજળી ખરીદી સમજૂતિ કે ગોઠવણ અનુસાર હોય અથવા

(ખ) જ્યાં આવું પ્રશુલ્ક આ વિનિયમમાં અમલમાં આવ્યાની તારીખ પહેલાં કરેલી વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણ અનુસાર હોય અને ક્યાં તો આયોગે અગાઉ આવી સમજૂતિ/ગોઠવણ મંજૂર કરી નથી અથવા સમજૂતિ/ગોઠવણમાં પ્રશુલ્ક ગુજરાત વીજળી નિયંત્રણ આયોગના પ્રશુલ્ક વિનિયમો પર આધારિત રહેશે એવું વિચાર્યું હોય,

(ગ) જ્યાં વિતરણ પરવાનેદારના વીજ ઉત્પાદન ધંધા દ્વારા તેના છૂટક પૂરવઠા ધંધાને જે તબદીલી ભાવે વીજળી પૂરી પાડવામાં આવતી હોય તે તબદીલી ભાવ નક્કી કરવા જ્યાં વિતરણ પરવાનેદાર વીજળી ઉત્પાદનના ધંધામાં રોકાયેલા હોય.

પરંતુ જ્યાં આયોગ આ પ્રકરણમાં સમાવિષ્ટ ધોરણોની બીજી માર્ગે ફંટાઇ શકે અથવા કેસના સંજોગો લક્ષમાં લેતાં તેમ કરવું ઉચિત જણાય તેવા ખાસ કેસો માટે વૈકલ્પિક ધોરણો નિર્દિષ્ટ કરી શકે.

પરંતુ આવા બીજે માંગે ફંટાવા માટેનાં કારણો લેખિતમાં નોંધવા.

૪૭.૩ આ પ્રકરણ-૪માં કોઇપણ વસ્તુ સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગ કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શન સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત આવી બોલી નક્કી કરવામાં આવે તો આયોગને પ્રશુલ્ક અપનાવશે.

૪૮. **વીજ ઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવા માટે પીટીશન :**

૪૮.૧ આ વિનિયમોના પ્રકરણની જોગવાઇઓ અનુસાર વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્ક નક્કી કરવા, વીજ ઉત્પાદન કંપનીએ પીટીશન દાખલ કરવી જરૂરી છે.

૪૮.૨ આ વિનિયમો હેઠળ વીજ ઉત્પાદન મથક સંબંધમાં પ્રશુલ્ક તબક્કાવાર યુનિટવાર કે સમગ્ર વીજ ઉત્પાદન મથક માટે નક્કી કરાશે. આ ભાગમાં નિર્દિષ્ટ વીજ ઉત્પાદન મથકો માટે પ્રશુલ્ક નક્કી કરવની શરતો તે જ રીતે તબક્કાવાર કે યુનિટોને જે હોય તે પ્રમાણે વીજ ઉત્પાદન મથકોની જેમ લાગુ પડશે.

૪૮.૩ વીજ ઉત્પાદન મથકના તબક્કા કે યુનિટ માટે પ્રશુલ્ક નક્કી કરાય ત્યાં વીજ ઉત્પાદન કંપની તમામ તબક્કા કે યુનિટોને યથાપ્રસંગ સામાન્ય સગવડો અને સંયુક્ત તથા સામાન્ય ખર્ચને લગતા મૂડી ખર્ચની ફાળવણી માટે વ્યાજબી આધાર અપનાવશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની યોગ્ય રીતે ઓડિટ કરેલ અને વૈદ્યાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત આવા ખર્ચની ફાળવણી માટે આધાર પૂરો પાડતું ફાળવણી પત્રક પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજી સાથે આયોગને રજૂ કરશે.

૪૮.૪ વીજ ઉત્પાદન કંપની પીટીશન કર્યાની તારીખ કે પીટીશન મંજૂર કર્યા પૂર્વેની તારીખ સુધી વૈદ્યાનિક ઓડીટરોએ યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ખરેખર કરાયેલા મૂડી ખર્ચને આધારે, યુનિટ કે તબક્કા કે સમગ્ર રીતે વીજ ઉત્પાદન મથક જે હોય તેવા વાણિજ્યિક સંચાલનની અપેક્ષિત તારીખ અગાઉ કામચલાઉ પ્રશુલ્ક નક્કી કરવાની પીટીશન દાખલ કરી શકે અને કામચલાઉ પ્રશુલ્ક યથાપ્રસંગ આવા યુનિટ કે તબક્કે કે વીજ ઉત્પાદન મથકની વાણિજ્યિક સંચાલનની તારીખથી ચાર્જ કરી શકાશે.

૪૮.૫ વીજ ઉત્પાદન કંપની આ વિનિયમો અનુસાર વાર્ષિક ઓડીટ કરેલા હિસાબોને આધારે વૈદ્યાનિક ઓડિટરોએ યોગ્ય રીતે પ્રમાણિત કરેલ વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધી કરાવેલ ખરેખર મૂડી ખર્ચને આધારે આખરી પ્રશુલ્ક નક્કી કરવા માટે તાજી પીટીશન દાખલ કરશે.

૪૮.૬ આયોગે નક્કી કરેલ કામચલાઉ પ્રશુલ્ક અને આખરી પ્રશુલ્ક વચ્ચેનો કોઇ તફાવત જે વીજ ઉત્પાદન કંપનીને કારણે ન હોય તેને આયોગ ફરમાવે તે પ્રમાણે તે પછીના વર્ષ માટે આખરી પ્રશુલ્ક નક્કી કરતી વખતને સમાયોજિત કરાશે.

૪૮.૭ સંચાઇ પૂર નિયંત્રણ અને વીજળી ઘટકો સાથેની બહુલક્ષી જળવિદ્યુત પરિયોજનાઓ સંબંધમાં પરિયોજનાના વીજળી ઘટક પૂરતું ચાર્જપાત્ર મૂડી ખર્ચ પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે.

૪૯. **પ્રશુલ્કના ઘટકો :**

INDEX

૪૯.૧ થર્મલ વીજ ઉત્પાદન મથકેથી વીજળી વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગો જેમકે વાર્ષિક નિયત ચાર્જ અને વીજળી(પરિવર્તી) ચાર્જ (પ્રાથમિક અને ગૌણ બળતણ ખર્ચ વસૂલ કરવા) નો સમાવેશ થશે.

૪૯.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકેથી વીજળી વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગ ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જનો સમાવેશ થશે.

૫૦. **વાર્ષિક નિયત ચાર્જ :**

૫૦.૧ વાર્ષિક નિયત ચાર્જના ઘટકો
(ક) ઘસારા ખર્ચ
(ખ) સંચાલન અને નિભાવ ખર્ચ
(ગ) ઇકવિટી પર રીટર્ન
(ઘ) લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જ
(ચ) કાર્યકારી મૂડી પર વ્યાજ

બાદ :
(છ) બિન પ્રશુલ્ક આવક

પરંતુ થર્મલ અને જળ વિદ્યુત ઉત્પાદન મથકો માટે ઘસારા ખર્ચ લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇકવિટી પર રીટર્ન આ વિનિયમોના પ્રકરણ-૩ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર માન્ય કરાશે.

૫૧. **મૂડી ખર્ચ :**

૫૧.૧ પરિયોજનાના મૂડી ખર્ચમાં નીચેનાનો સમાવેશ થશે.
(ક) બાંધકામ દરમ્યાન વ્યાજ સહિત થયેલું ખર્ચ અને આયોગે વિવેકપૂર્ણ તપાસ કરીને માન્ય રાખેલ નાણાં ધિરાણ ચાર્જ
(ખ) ટોચ મર્યાદા દરને આધીન રહીને મૂડીકૃત પ્રારંભિક ખર્ચ

પરંતુ પરિયોજનાનો ભાગ બનતી સામાન્ય અસ્કયામતોનું ખર્ચ વૈદ્યાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ અને પ્રમાણિત કરેલ યોગ્ય ફાળવણીના આધારે વિચારવું અને આવું ફાળવેલું ખર્ચ મૂડી ખર્ચનો ભાગ બનશે.
(ગ) આ વિનિયમો અન્વયે નક્કી કરેલ વધારાનું મૂડી ખર્ચ

પરંતુ પરિયોજનાનો ભાગ બનતી સામાન્ય અસ્કયામતોનું ખર્ચ, વૈદ્યાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ અને પ્રમાણિત કરેલ યોગ્ય ફાળવણીના આધારે વિચારવું અને આવું ફાળવેલું ખર્ચ મૂડી ખર્ચનો ભાગ બનશે.

પરંતુ પરિયોજનાનો ભાગ બનતી, પરંતુ ઉપયોગમાં ન હોય તેવી અસ્કયામતો મૂડી ખર્ચમાંથી બહાર રાખવામાં આવશે.

૫૧.૨ વિવેકપૂર્ણ તપાસ પછી આયોગે માન્ય કરેલ મૂડી ખર્ચ, પ્રશુલ્ક નક્કી કરવા માટેનો આધાર બનશે.
પરંતુ વીજ ઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે કરાયેલ વીજ ખરીદી સમજૂતિ ખરેખર ખર્ચની ટોચ કિંમતની જોગવાઇ કરી ત્યાં પરિયોજનાનું મૂળ ખર્ચ આ વિનિયમોના હેતુ માટે આવી ટોચની કિંમત કરતા વધવું જોઇશે નહીં.

પરંતુ વિવેકપૂર્ણ તપાસમાં મૂડી ખર્ચની વ્યાજબીપણાની ચકાસણી નાણાં ધિરાણ યોજના બાંધકામ દરમ્યાન વ્યાજ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ અતિશય ખર્ચ અને અતિશય સમયનો અને પ્રશુલ્ક નક્કી કરવા આયોગને યોગ્ય લાગે તેવી બીજી બાબતોનો સમાવેશ થશે.

પરંતુ હાલના વીજ ઉત્પાદન મથકોના કેસમાં આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાં આયોગે માન્ય કરેલ પરિયોજનાનું મૂડી ખર્ચ અને આયોગે મંજૂર કર્યા પ્રમાણે નિયંત્રણ વર્ષના સંબંધિત વર્ષ માટે કરવા વિચારાયેલ અને મૂડીકૃત વધારાનું ખર્ચ, પ્રશુલ્ક નક્કી કરવા માટે આધાર બનશે.

INDEX

પરંતુ રાજ્ય સરકાર પારદર્શક બોલી અનુસરીને કે અન્ય રીતે હાઇડ્રો ઉત્પાદન મથકની જગ્યા વિકાસકર્તાને (રાજ્ય નિયંત્રિત કે કંપનીની માલિકીની નહીં) આપવામાં આવે તો પરિયોજનાની જગ્યા મેળવવા પરિયોજના વિકાસકર્તાએ રાજ્ય સરકારને ચૂકવવાપાત્ર પ્રીમીયમ સહિત કરેલું કે કરવા વિચારેલું કોઇપણ ખર્ચ મૂડી ખર્ચમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૫૧.૩ **વધારાનું મૂડીકરણ :**

વાણિજ્યિક સંચાલનની તારીખ પછી અને કટ-ઓફ તારીખ સુધી ખરેખર કરેલ કામના મૂળ સ્કોપમાં નીચેનું મૂડી ખર્ચ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને આયોગ પરિયોજનાના મૂળ ખર્ચમાં સમાવિષ્ટ કરવા છૂટ આપશે.

(૧) વિલંબિત/ વણ બજાવાયેલી જવાબદારીઓ
(૨) અમલમાં મૂકવામાં વિલંબ કરાયેલ કામો
(૩) વિનિયમ ૩૫.૬ માં નિર્દિષ્ટ ટોચ-મર્યાદાને આધીન રહીને કામના મૂળ સ્કોપમાં પ્રારંભિક મૂડી સ્ટોર(બચતની) પ્રાપ્તિ
(૪) લવાદનો ચુકાદો પરિપૂર્ણ કરવા અથવા કોર્ટનો હુકમ કે હુકમનામાના અમલ માટેની જવાબદારી
(૫) કાયદાનો ફેરફારને કારણે

પરંતુ ખર્ચના અંદાજ, વણ-બજાવાયેલી જવાબદારીઓ, અમલીકરણમાં વિલંબિત કામોની સાથે કામના મૂળ સ્કોપમાં સમાવિષ્ટ કામોની વિગતો પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજી સાથે રજૂ કરાશે.

૫૧.૪ કટ-ઓફ તારીખ પછી ખરેખર કરાયેલ નીચેના પ્રકારનું મૂડી ખર્ચ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને પરિયોજનાના મૂળ ખર્ચમાં સમાવિષ્ટ કરવા આયોગ છૂટ આપશે.

(૧) લવાદનો ચુકાદો પરિપૂર્ણ કરવા અને કોર્ટની બિન-અપીલપાત્ર હુકમ કે હુકમનામાનો અમલ
(૨) કાયદામાં ફેરફારને કારણે
(૩) કામના મૂળ સ્કોપમાં રાખના તળાવ કે રાખની હેરફેર સિસ્ટમને લગતાં વિલંબિત કામો અને
(૪) જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં કોઇપણ વીમા યોજનાની ઉપજ સરભર કર્યા પછી ભૌગોલિક કારણો સહિત કુદરતી આફતોને કારણે (પરંતુ વીજ ઉત્પાદન કંપનીની બેદરકારીને કારણે વીજળી ઘ ારમાં પાણી ઉભરાવાને કારણે નહીં) થયેલ નુકશાન માટે જરૂરી બન્યું હોય તેવું કોઇ ખર્ચ અને સફળ તથા કાર્યક્ષમ પ્લાન્ટ કામગીરી માટે જરૂરી બન્યું હોય તેવા કોઇ વધારાના કામને કારણે કરેલું ખર્ચ.

૫૧.૫ કટ ઓફ તારીખ પછી ખરીદેલ સાધારણ ઓજારો અને સરંજમ, અંગત કમ્પ્યુટરો, ફર્નિચર, એરકન્ડીશનર, વોલ્ટેજ સ્ટેબીલાઇઝર, રેફ્રિજરેટર, પંખા, કુલર્સ, હીટ-કન્વેકટર્સ વગેરે સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી વીજ ઉત્પાદન અસ્કયામતો નહીં તેવી બીજી વસ્તુઓ/અસ્કયામતો પરના કોઇપણ ખર્ચને આયોગની પૂર્વ મંજૂરી સાથે મૂડીકૃત કરી શકાશે.

૫૧.૬ **નવીકરણ અને આધુનિકરણ :**

(૧) વીજ ઉત્પાદન કંપની, વીજ ઉત્પાદન મથક તેના યુનિટની ઉપયોગી આવરદા ઉપરાંતની આવરદા વધારવાના હેતુસર નવીકરણ અને આધુનિકરણ અંગેના ખર્ચને પહોંચી વળવા, સંપૂર્ણ સ્કોપ, વ્યાજબીપણું, ખર્ચ લાભ પૃથ્થકરણ સંદર્ભ તારીખથી અંદાજીત આવરદા વિસ્તરણ, નાણાંકીય પેકેજ, ખર્ચના તબક્કા, કામ પુરૂં કરવાની સમય-સૂચિ, સંદર્ભ ભાવ સપાટી, અંદાજીત કામ પૂરૂં કરવાનું ખર્ચ, હિતાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા અને વીજ ઉત્પાદન કંપની દ્વારા પ્રસ્તુત ગણાય તેવી બીજી કોઇપણ માહિતી આપના વિગતવાર પરિયોજના અહેવાલ સાથેની દરખાસ્ત મંજૂરી માટેની અરજી આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ કોલસા-આધારિત/લિગ્નાઇટ પ્રજવલિત થર્મલ વીજ ઉત્પાદન મથકના કેસમાં, વીજ ઉત્પાદન કંપની, તેના વિવેકાધિકાર પ્રમાણે, વીજ ઉત્પાદન મથક તેના યુનિટની ઉપયોગી આવરદા ઉપરાંતની આવરદા વધારવા નવીકરણ અને આધુનિકરણ સહિતના ખર્ચની જરૂરીયાતને પહોંચી વળવા, વળતર તરીકે ખંડ(૪)માં નિર્દિષ્ટ ધોરણો અનુસાર ખાસ ભથ્થાનો લાભ મેળવી શકશે અને આવા પ્રસંગે મૂડી ખર્ચનું પુનરાવર્તન વિચારાશે નહીં અને લાગુ પાડવાપાત્ર સંચાલન ધોરણોમાં છૂટછાટ મૂકાશે નહીં, પરંતુ ખાસ ભથ્થું વાર્ષિક નિયત ખર્ચમાં સમાવિષ્ટ કરાશે.

પરંતુ જેના માટે નવીકરણ અને આધુનિકરણ હાથ ધરવામાં આવ્યું હોય અને આ વિનિયમોના અમલીકરણની તારીખ પહેલાં ખર્ચ માન્ય કરવામાં આવ્યું હોય તે વીજ ઉત્પાદન મથક કે યુનિટ માટે આવો વિકલ્પ મળશે નહીં.

(૨)વીજ ઉત્પાદન કંપની નવીકરણ અને આધુનિકીકરણ માટેની તેની દરખાસ્ત મંજૂર કરવાની અરજી દાખલ કરે ત્યાં ખર્ચના અંદાજોનું વ્યાજબીપણું, કામ પૂરૂં કરવાની સમય-સૂચિ કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, ખર્ચ-લાભ પૃથ્થકરણ અને આયોગની પ્રસ્તુત લાગે તેવાં બીજા પરિબળો અંગે યોગ્ય વિચારણા કર્યા પછી મંજૂરી આપવામાં આવશે.

(૩) નવીકરણ અને આધુનિકીકરણ ખર્ચ અને આવરદા વિસ્તરણના અંદાજો પર આધારિત વિવેકપૂર્ણ તપાસ કર્યા પછી આયોગે માન્ય કરેલ અને થયેલ અથવા કરવા વિચારેલ ખર્ચ મૂળ પરિયોજના ખર્ચમાંથી વસૂલ કરી દીધેલ એકત્રિત ઘસારા ખર્ચ અને અનુરૂપ ઇકવિટી ફાળો બાદ કર્યા પછી પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે.

(૪) વીજ ઉત્પાદન કંપની કોલસા આધારિત/લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજ ઉત્પાદન મથક માટે આ વિનિયમના ખંડ(૧)ના પ્રથમ પરંતુકમાં વિકલ્પ તરીકે પસંદગી કર્યેથી ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષમાં ૨.૫ લાખ/મે.વો./વર્ષનું ખાસ ભથ્થું મંજૂર કરશે અને ત્યારપછી વીજ ઉત્પાદન મથકના સંબંધિત યુનિટની વાણિજ્યક સંચાલનની તારીખના સંદર્ભમાં ઉપયોગી આવરદા પૂરી કર્યાની સંબંધિત તારીખથી બીજા નાણાકીય વર્ષની નિયંત્રણ મુદત દરમ્યાન યુનિટવાર દર વર્ષે૫.૭૨% લેખે વૃદ્ધિ કરાશે.

પરંતુ ૧-૪-૨૦૧૧ના રોજ ૨૫ વર્ષ કરતાં વધુ વાણિજ્યિક સંચાલન કર્યું હોય તેવા યુનિટ બાબતમાં આ ભથ્થું ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષથી માન્યતાપાત્ર ગણાશે.

૫૨. **નબળી વીજળીનું વેચાણ :**

૫૨.૧ થર્મલ વીજ ઉત્પાદન કંપનીમાંથી વિતરણ પરવાનેદારને કરાતાં નબળી વીજળી માટેના વેચાણ અંગેનું પ્રશુલ્ક, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને તે મુદત દરમ્યાન કરેલું, યથાપ્રસંગ ગૌણ બળતણ ખર્ચ સહિત ખરેખરા બળતણ ખર્ચની સમતુલ્ય રહેશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપનીએ નબળી વીજળીના વેચાણથી મેળવેલ બળતણ ખર્ચની વસુલાત સિવાયની બીજી કોઇપણ આવક, મૂડી ખર્ચના ઘટાડા માટે વપરાશે અને તેને આવક તરીકે ગણવામાં આવશે નહીં.

૫૩. **બિન-પ્રશુલ્ક આવક :**

૫૩.૧ આયોગે મંજૂર કર્યા મુજબ વીજ ઉત્પાદન ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વીજ ઉત્પાદન કંપનીનું વાર્ષિક નિયત ખર્ચ નક્કી કરતી વખતે વાર્ષિક નિયત ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપની આયોગે વખતોવખત નક્કી કર્યા મુજબના ફોર્મમાં બિન-પ્રશુલ્ક આવકની તેની આગાહીથી પૂરી વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

બિન-પ્રશુલ્ક આવક માટે વિચારવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે.

(ક) જમીન કે મકાનોના ભાડામાંથી આવક
(ખ) ભંગારના વેચાણમાંથી આવક
(ગ) વૈદ્યાનિક મૂડી રોકાણમાંથી આવક
(ઘ) રાખ/રદ કરેલ કોલસાના વેચાણમાંથી આવક
(ચ) બિલો પર વિલંબિત કે સ્થગિત ચુકવણી પર વ્યાજ
(છ) પુરવઠાકારો/ કન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ
(જ) કર્મચારીઓના નિવાસનું ભાડું
(ઝ) કન્ટ્રાકટરો પાસેથી ભાડું
(ટ) કન્ટ્રાકટરો અને બીજાઓ પાસેથી ભાડા ખર્ચમાંથી આવક
(ઠ) જાહેરખબરો વગેરેમાંથી આવક

પરંતુ વીજ ઉત્પાદન કંપનીના નિયંત્રિત ધંધાને અનુરૂપ ઇકવિટી પરના રિટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી ચર્જિત વ્યાજ બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૫૪. **થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે સંચાલન (Operation)ધોરણો :**

અહીં નીચે આપેલ સંચાલનનાં ધોરણો લાગુ પડશે.

૫૪.૧ થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે પૂરી ક્ષમતા (નિયત) ચાર્જની વસૂલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર

(ક) ખંડ(ખ)માં આવરી લીધેલ હોય તે સિવાય તમામ થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે વાર્ષિક નિયત ખર્ચની વસૂલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર ૮૫ ટકા રહેશે.

(ખ) નીચેના મથકો માટે વાર્ષિક નિયત ચાર્જની પૂરેપૂરી વસૂલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર નીચે મુજબ રહેશે.

કોઠો-૧ :-

વિનિયમ ૫૪.૧(ખ) અન્વયે GSECL વીજ ઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર

મથકનું નામ	પ્રાપ્યતા લક્ષ્યાંક (%)
ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન (યુનિટ ૧-૫)	૭૫
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (યુનિટ ૧-૪)	૭૯
સિક્કા થર્મલ પાવર સ્ટેશન	૭૫
કચ્છ લિગ્નાઇટ (યુનિટ ૧-૩)	૭૫
કચ્છ લિગ્નાઇટ (યુનિટ-૪)	૮૦

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ ઉત્પાદન મથકો માટે પ્રાપ્યતાના ધોરણો સુધારી શકશે.

૫૪.૨ એકંદર મથક ઉષ્ણતા દર ચાલુ વીજ ઉત્પાદન મથકો માટે

(ક) ગુજરાત રાજ્ય વીજ ઉત્પાદન કંપની લિમિટેડના થર્મલ વીજ ઉત્પાદન મથકો

કોઠો-૨ :-

નિયંત્રણ મુદત માટે GSECL મથકો માટે મથક ઉષ્ણતા દર:-

મથકો	૨૦૧૧-૧૨ નાણાંકીય વર્ષ	૨૦૧૨-૧૩ નાણાંકીય વર્ષ	૨૦૧૩-૧૪ નાણાંકીય વર્ષ	૨૦૧૪-૧૫ નાણાંકીય વર્ષ	૨૦૧૫-૧૬ નાણાંકીય વર્ષ
ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન (યુનિટ ૧-૫)	૨૭૭૦	૨૭૬૫	૨૭૬૦	૨૭૫૫	૨૭૫૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (યુનિટ- ૧-૪)	૨૭૮૨	૨૭૮૨	૨૭૮૨	૨૭૮૨	૨૭૮૨
વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (યુનિટ-૧-૬)	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫
સિક્કા- ટી.પી.એસ.	૩૦૪૦	૩૦૩૫	૩૦૩૦	૩૦૨૫	૩૦૨૦
કચ્છ લિગ્નાઇટ ટીપીએસ (યુનિટ-૧-૩)	૩૩૦૦	૩૩૦૦	૩૩૦૦	૩૩૦૦	૩૩૦૦
કચ્છ લિગ્નાઇટ	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦

INDEX

ટીપીએસ (યુનિટ-૪					
ધુવારણ (CPP-૨)	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્ણતા દરનાં ધોરણો સુધારી શકશે.

(ખ)ટોરેન્ટ પાવર લીમીટેડના થરમ વીજ ઉત્પાદન મથકો માટે :

કોઠો-૩ :-

નિયંત્રણ મુદત માટે TPLના મથકો માટે મથક ઉષ્ણતા દર:-

મથકો	૨૦૧૧-૧૨ નાણાંકીય વર્ષ	૨૦૧૨-૧૩ નાણાંકીય વર્ષ	૨૦૧૩-૧૪ નાણાંકીય વર્ષ	૨૦૧૪-૧૫ નાણાંકીય વર્ષ	૨૦૧૫-૧૬ નાણાંકીય વર્ષ
સાબરમતી-C	૩૧૫૦	૩૧૫૦	૩૧૫૦	૩૧૫૦	૩૧૫૦
સાબરમતી-D	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦
સાબરમતી-E અને F	૨૭૨૫	૨૭૨૫	૨૭૨૫	૨૭૨૫	૨૭૨૫
વટવા CCPP	૨૧૬૫	૨૧૬૫	૨૧૬૫	૨૧૬૫	૨૧૬૫

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્ણતા દરનાં ધોરણો સુધારી શકશે.

૫૪.૩ એકંદર મથક ઉષ્ણતા દર- આ વિનિયમો અમલમાં આવ્યા પછી COD હાંસલ કરતા નવાં વીજ ઉત્પાદન યુનિટો કે મથકો માટે

(ક) કોલસો અને લિગ્નાઇટ આધારિત થર્મલ વીજ ઉત્પાદન યુનિટો કે મથકો

૧.૦૬૫ x ડિઝાઇન ઉષ્ણતા દર (Kcal/KWH): ૧૦૦% અધિકતમ સતત દર

નિર્ધારણ (MCR), શૂન્ય ટકાના ચેક અપ, ડિઝાઇન કોલસો, ડિઝાઇન કુલિંગ જળ ઉષ્ણતામાન/પાછળ દબાણની સ્થિતિએ, પુરવઠાકારે બાંયધરી આપેલ યુનિટના ડિઝાઇન ઉષ્ણતા દર એટલે યુનિટ ઉષ્ણતા દર

પરંતુ યુનિટના દબાણ અને ઉષ્ણતામાન દર નિર્ધારણ પર આધાર રાખીને નીચેના અધિકતમ ડિઝાઇન ઉષ્ણતા દર કરતાં ડિઝાઇન ઉષ્ણતા દર વધવો જોઇએ નહીં.

કોઠો -૪ :-

નિયંત્રણ મુદત માટે નવાં વીજ ઉત્પાદન મથકો માટે મથક ઉષ્ણતા દર:-

પ્રેશર દર-નિર્ધારણ (kg/cm2)	૧૫૦	૧૭૦	૧૭૦	૨૪૭	૨૪૭
SHT/RHT (C)	૫૩૫/૫૩૫	૫૩૭/૫૩૭	૫૩૭/૫૬૫	૫૩૭/૫૬૫	૫૬૫/૫૯૩
BFPનો પ્રકાર	વીજળી સંચાલિત	ટર્બાઇન સંચાલિત	ટર્બાઇન સંચાલિત	ટર્બાઇન સંચાલિત	ટર્બાઇન સંચાલિત
અધિકતમ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર (Kcal/KWH)	૧૯૫૫	૧૯૫૦	૧૯૩૫	૧૯૦૦	૧૮૫૦
ન્યૂનતમ બોઇલર કાર્યક્ષમતા:-					
ગૌણ-બિટુમિનસ ભારતીય કોલસો	૦.૮૫	૦.૮૫	૦.૮૫	૦.૮૫	૦.૮૫

બિટુમિનસ આયાતી કોલસો	૦.૮૯	૦.૮૯	૦.૮૯	૦.૮૯	૦.૮૯
અધિકતમ ડિઝાઇન યુનિટ ઉષ્ણતા દર (Kcal/KWH)					
ગૌણ બિટુમિનસ ભારતીય કોલસો	૨૩૦૦	૨૨૯૪	૨૨૭૬	૨૨૩૫	૨૧૭૬
બિટુમિનસ આયાતી કોલસો	૨૧૯૭	૨૧૯૧	૨૧૭૪	૨૧૩૫	૨૦૭૯

પરંતુ યુનિટની દબાણ અને ઉષ્ણતામાન પારમિતિ ઉપરના દર-નિર્ધારણ કરતાં અલગ હોય તો સૌથી નજદીકના વર્ગનો યુનિટનો અધિકતમ ઉષ્ણતા દર ગણવામાં આવશે.

પરંતુ યુનિટના ઉષ્ણતા દરની બાંયધરી ન આપવામાં આવી હોય તો સમાન પુરવઠાકાર કે જુદા જુદા પુરવઠાકારોએ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર અને બોઇલર કાર્યક્ષમતા અંગે અલગ બાંયધરી આપી હોય તો બાંયધરી અપાયેલ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર અને બોઇલર કાર્યક્ષમતા એ યુનિટ ડિઝાઇન ઉષ્ણતા દર મેળવવામાં આવશે.

આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પૂર્વે એક કે વધુ યુનિટોને વાણિજ્યિક સંચાલન હેઠળ હોવાનું જાહેર કરવામાં આવે તો આ વિનિયમો અમલમાં આવે તે સમયે કે ત્યારપછી તે એકમો કે વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ યુનિટો માટે ઉષ્ણતા દરનાં ધોરણો આ વિનિયમો અનુસાર ઉપરની પદ્ધતિ અને ધોરણોથી મેળવેલ ઉષ્ણતા દરનાં ધોરણો કરતાં નીચા રહેશે.

પરંતુ લિગ્નાઇટ પ્રજ્વલિત વીજ ઉત્પાદન મથકોના કેસમાં પણ (પરિભ્રમિત પ્રવાહીકૃત તલીય દહન ટેકનોલોજી(CFBC) આધારિત મથકો સહિત) નીચે આપેલ ભેજ-ઘટક માટેના ફેકટરનો ઉપયોગ કરીને અધિકતમ ડિઝાઇન ઉષ્ણતા દર વધારવામાં આવશે.

લિગ્નાઇટ પ્રજ્વલિત વીજળી પ્લાન્ટ માટે કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ માટે લાગુ પડતા દરમાંથી મથકનો એકંદર ઉષ્ણતા દર મેળવવા માટે લિગ્નાઇટમાં ભેજ તત્વ પર આધારિત વૃદ્ધિ પામતાં ફેકટરો નીચે મુજબ છે.

(૧) ૫૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે - ૧.૧૦ નું વૃદ્ધિ પામતું ફેકટર
(૨) ૪૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે - ૧.૦૭ નું વૃદ્ધિ પામતું ફેકટર
(૩) ૩૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે - ૧.૦૪% નું વૃદ્ધિ પામતુ ફેકટર
(૪) ઉપર પેટાનિયમ (૧) થી(૩)માં આપેલા ભેજ તત્વના વૃદ્ધિ પામતા ફેકટરને ૩૦-૪૦% અને ૪૦-૫૦% ભેજ તત્વની શ્રેણીમાં દર્શાવ્યા મુજબ ભેજ તત્વના અન્ય પ્રમાણ માટે પ્રોરેટા કરવાના રહેશે.

નોંધ : વિજળી સંચાલિત બોઇલ ફીડ પંપોના કિસ્સામાં ઉપર દર્શાવેલ ટર્બાઈન ચાલિત બોઇલર ફીડ પંપોના કિસ્સામાં દર્શાવેલ મહત્તમ ડીઝાઇન ઉષ્ણતા દર કરતાં ૪૦ કીલો કેલરી/યુનિટ જેટલો નીચો રહેશે.

(ખ) ગેસ આધારિત/લીકવીડ આધારીત થર્મલ ઉત્પાદન એકમ/એકમો :
= ૧.૦૫ X કુદરતી ગેસ અને RLNGનો ડીઝાઇન ઉષ્ણતા દર (Kcal/kWhI
= ૧.૦૭૧ X લીકવીડ ફ્યુઅલના એકમોનો ડીઝાઈન ઉષ્ણતા દર (Kcal/ kWh)
જ્યાં એકમોના ડીઝાઇન ઉષ્ણતા દરનો અર્થ એ છે કે, એકમ માટેનો ૧૦૦% MCR પર, સ્થળ પરના વાતાવરણની પરિસ્થિતિઓ માટે, શૂન્ય પ્રતિશત પૂરણ અને ઠારણ પાણીના ડીઝાઈન તાપમાન/ પાર્શ્વ દબાણ માટેનો ગેરંટેડ ઉષ્ણતા દર

૫૪.૪ **<u>ગૌણ બળતણ તેલ વપરાશ :</u>**
<u>હાલના મથકો માટે</u>

(ક) ખંડ (બી) અને ખંડ(સી)હેઠળ આવરી લીધેલ હિય તે સિવાય તમામ થર્મલ વીજ ઉત્પાદન યુનિટો/મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ(SFC) નીચે મુજબ રહેશે.
૧. કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો : ૧.૦૦ ml/kwl
૨. CFBC ટેકનોલોજી પર આધારિત મથકો સિવાયનાં લિગ્નાઇટ પ્રજ્વલિત વીજ ઉત્પદન મથકો : ૨.૦૦ml/kwh
૩. લિગ્નાઇટ-પ્રજ્વલિત વીજ ઉત્પાદન મથકો- CFBC ટેકનોલોજી પર આધારિત : ૧.૨૫ ml/kwhs
(ખ) GSECL મથકો માટે SFC ધોરણ નીચે મુજબ રહેશે.

INDEX

કોઠો-૫ :
નિયંત્રણ મુદત માટે વિનિયમ ૫૪.૪(ખ) અન્વયે GSECL વીજ ઉત્પાદન મથકો માટે SFC

મથકો	૨૦૧૧-૧૨ (ml/kwh)	૨૦૧૨-૧૩ (ml/kwh)	૨૦૧૩-૧૪ (ml/kwh)	૨૦૧૪-૧૫ (ml/kwh)	૨૦૧૫-૧૬ (ml/kwh)
ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન (યુનિટ ૧-૫)	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (યુનિટ-૧-૪)	૧.૫૦	૧.૫૦	૧.૫૦	૧.૫૦	૧.૫૦
સિક્કા-ટી.પી.એસ.	૪.૦૦	૪.૦૦	૪.૦૦	૪.૦૦	૪.૦૦
કચ્છ લિગ્નાઇટ ટીપીએસ (યુનિટ-૧-૪)	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦

(ગ) નીચેના ટીપીએલ-જી મથકો માટે SFC ધોરણ નીચે મુજબ રહેશે.

કોઠો-૬ : ટીપીએલ-જી મથકો માટે નિયંત્રણ મુદત માટે SFC

મથકો	૨૦૧૧-૧૨ (ml/kwh)	૨૦૧૨-૧૩ (ml/kwh)	૨૦૧૩-૧૪ (ml/kwh)	૨૦૧૪-૧૫ (ml/kwh)	૨૦૧૫-૧૬ (ml/kwh)
સાબરમતી- સી	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦

પરંતુ આયોગ વીજ ઉત્પદન મથક દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ ઉત્પાદન મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ માટેનાં ધોરણોમાં સુધારા કરી શકશે.

નવાં વીજ ઉત્પાદન મથકો માટે :-
(ક) કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો : ૧.૦ml/kwh
(ખ) લિગ્નાઇટ પ્રજ્વલિત વીજ ઉત્પાદન મથકો
CFBC - ટેકનોલોજી પર આધારિત મથકો સિવાયનાં : ૨.૦૦ ml/kwh
(ગ) CFBC ટેકનોલોજી પર આધારિત લિગ્નાઇટ પ્રજ્વલિત વીજ ઉત્પાદન મથકો : ૧.૨૫ml/kwh

૫૪.૫ **ચૂનાના પથ્થરનો વપરાશ :**

CFBC ટેકનોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઇટ આધારિત મથકો માટે ચૂનાના પથ્થરનો વપરાશ : ૦.૦૫kg/kwh

૫૪.૬ **ગૌણ વીજળી વપરાશ :**
(ક) હાલનાં GSECL ના વીજ ઉત્પાદન મથકો

કોઠો-૭ : નિયંત્રણ મુદત માટે GSECL મથકો માટે ગૌણ વપરાશ:-

મથકો	૨૦૧૧-૧૨ (%)	૨૦૧૨-૧૩ (%)	૨૦૧૩-૧૪ (%)	૨૦૧૪-૧૫ (%)	૨૦૧૫-૧૬ (%)
ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન (યુનિટ ૧-૫)	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦
વણાંકબોરી	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦

INDEX

થર્મલ પાવર સ્ટેશન (યુનિટ-૧-૬)					
સિક્કા-ટી.પી.એસ.	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦
કચ્છ લિગ્નાઇટ ટીપીએસ (યુનિટ-૪	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦

(ખ) ટીપીએલ-જી ના હાલનાં વીજ ઉત્પાદન મથકો

કોઠો-૮ : નિયંત્રણ મુદત માટે ટીપીએલ-જી મથક માટે ગૌણ વીજળી વપરાશ:

મથકો	૨૦૧૧-૧૨ (ml/kwh)	૨૦૧૨-૧૩ (ml/kwh)	૨૦૧૩-૧૪ (ml/kwh)	૨૦૧૪-૧૫ (ml/kwh)	૨૦૧૫-૧૬ (ml/kwh)
સાબરમતી- સી	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦
સાબરમતી-ડી	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
સાબરમતી-ઇ	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
સાબરમતી-એફ	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકો દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ ઉત્પાદન મથકો માટે ગૌણી વીજળી વપરાશ માટેનાં ધોરણોમાં સુધારો કરી શકશે.

(ગ) **નવાં કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો :**

કોઠો-૯ : નિયંત્રણ મુદત માટે ગૌણ વીજળી વપરાશ :

	ગૌણ વીજળી વપરાશ	કુલિંગ ટાવર સાથે કે કુલિંગ ટાવર વિના નેચરલ ડ્રાફ્ટ
૧.	૨૦૦ મે.વો શ્રેણીઓ	૮.૫૦%
૨.	૫૦૦ મે.વો અને તેથી વધુ	
	બાષ્પ સંચાલિત બોઇલર ફીડ પંપો	૬.૦૦%
	વીજળિ સંચાલિત બોઇલ ફીડ પંપો	૮.૫૦%

પ્રેરિત ડ્રાફ્ટ કુલિંગ ટાવરો સાથે થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે ધોરણો ઉપરનાં ધોરણોની સરખામણીમાં ૦.૫૦% વધુ રહેશે.

(ઘ) **ગેસ ટર્બાઇન/ સંયુક્ત સાઇકલ વીજ ઉત્પાદન મથકો (ચાલુ અને નવાં):**

(૧) સંયુક્ત સાઇકલ : ૩.૦૦%
(૨) ખુલ્લી સાઇકલ: ૧.૦૦%

(ચ) નવા લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજ ઉત્પાદન મથકો :

(૧) ૨૦૦ મે.વો કરતાં નીચેના સેટ સાથે તમામ વીજ ઉત્પાદન મથકો : ૧૨%
(૨) ૨૦૦ મે.વો અને તેથી વધુના સેટ સાથે તમામ વીજ ઉત્પાદન મથકો, ઉપરના કોઠા-૯ અન્વયે કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો માટે છૂટ હોય તે કરતાં વધુ ૦.૫૦% ટકાવારી પોઇન્ટ

INDEX

પરંતુ CFBC ટેકનોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઇટ પ્રજ્વલિત મથકો માટે ગૌણ વીજળી વપરાશ ધોરણો ઉપર નિર્દિષ્ટ કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકોના ગૌણ વીજળી વપરાશ ધોરણો કરતાં ૧.૫૦ % પોઇન્ટ વધુ હશે.

૫૪.૭ **હેરફેર અને ચઢાવવા-ઉતારવામાં ઘટ :**

કોલસો કે લિગ્નાઇટ મોકલનાર કંપની મહિના દરમ્યાન રવાના કરેલ દેશી કોલસા કે લિગ્નાઇટના જથ્થાની ટકાવારી તરીકે, કોલસો કે લિગ્નાઇટ આધારિત વીજ ઉત્પાદન મથકો માટે હેરફેર અને ચઢાવવા-ઉતારવાની ઘટ નીચે મુજબ રહેશે.

(ક) ખંડ(ખ) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાયનાં અન્ય કોલસા કે લિગ્નાઇટ આધારિત વીજળી ઉત્પાદન મથકો :

(૧) પીટ-હેડ વીજ ઉત્પાદન મથકો : ૦.૨૦%
(૨) પીટ હેડ વિનાનાં વીજ ઉત્પાદન મથકો : ૦.૮૦%

(ખ) TPL-G મથકો માટે કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો :

કોઠો-૧૦ : નિયંત્રણ મુદત માટે TPL-G માટે હેરફેર ખાદ્ય :

મથકો	હેરફેર ખાદ્ય (%)				
	નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨	નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨	નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨	નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨	નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨
TPL-G	૧.૪૦	૧.૨૦	૧.૦૦	૦.૯૦	૦.૮૦

૫૫. થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ :

૫૫.૧ **ચાલુ વીજ ઉત્પાદન મથકો :**

(ક) પાણીના ખર્ચને બાદ કરીને અને વીમાને સમાવિષ્ટ કરીને સંચાલન અને નિભાવ ખર્ચ આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧મી ચાર, ૨૦૧૦ના રોજ પૂરા થતાં ત્રણ(૩) વર્ષો માટે વીમા સહિત અને પાણી ખર્ચ રહિત ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે કરવામાં આવશે.

(ખ) આવા પાણીના ખર્ચ રહિત અને વિમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ,૨૦૦૯ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને પાણીના ૨૦૧૧-૧૨ ના નાણાંકીય વર્ષ માટે ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલિત અને નિભાવ ખર્ચ મેળવવા ૪%ના વૃદ્ધિ ફેકટરે વધારો કરાશે.

(ગ) પછીના દરેક વર્ષ માટે પાણી ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે પાણીના ખર્ચ રહિત અને વીમા સહિત પરવાનગીપાત્ર સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨% ના વૃદ્ધિ ફેકટરે ૨૦૧૧-૧૨ નાણાંકીય વર્ષ માટે ઉપર નક્કી કરેલ આધાર ખર્ચને વધારીને નક્કી કરાશે.

પરંતુ વિવેકપૂર્ણ તપાસીને આધીન રહીને ખરેખર ખર્ચના આંકડા અનુસાર પાણીનું ખર્ચ અલગ રીતે મંજૂર કરાશે.

પરંતુ આ વિનિયમો અમલમાં આવે તે તારીખે ચાલુ વીજ ઉત્પાદન મથક ત્રણ(૩) વર્ષ કરતાં ઓછા સમય માટે ચાલુ હોય તો નવા વીજ ઉત્પાદન મથકો માટે વિનિયમ-૫૬ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સંચાલન અને નિભાવ ખર્ચ રહેશે.

૫૬. **નવા વીજ ઉત્પાદન મથકો**

(ક) કોલસા આધારિત વીજ ઉત્પાદન યુનિટો/મથકો :

કોઠો-૧૧ : નિયંત્રણ મુદત માટે નવા કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકોનાં સંચાલનને અને નિભાવ ખર્ચનાં ધોરણો :

વિગતો		રૂ. લાખ/મે.વો સંચાલન અને નિભાવ ખર્ચ ધોરણો
નાણાંકીય વર્ષ	૨૦૧૧-૧૨	૧૪.૫૩
નાણાંકીય વર્ષ	૨૦૧૨-૧૩	૧૫.૩૬
નાણાંકીય વર્ષ	૨૦૧૩-૧૪	૧૬.૨૪
નાણાંકીય વર્ષ	૨૦૧૪-૧૫	૧૭.૧૭
નાણાંકીય વર્ષ	૨૦૧૫-૧૬	૧૮.૧૫

પરંતુ ઉપરનાં ધોરણોમાં તે જ મથકમાં તા.૧-૪-૨૦૧૧ના રોજ કે તે પછી જેમનો COD થાય તેવા વધારાના યુનિટો માટે નીચેના ફેકટરો દ્વારા વધારો થશે.

વધારાના ચોથા અને પાંચમા યુનિટો : ૦.૯૦
વધારાના છઠા અને વધુ યુનિટો : ૦.૮૫

(ખ) <u>લિગ્નાઇટ આધારિત વીજ ઉત્પાદન મથકો :</u>

<u>કોઠો-૧૨: નિયંત્રણ મુદત માટે નવા લિગ્નાઇટ આધારિત વીજ ઉત્પાદન મથકોનાં સંચાલનને અને નિભાવ ખર્ચનાં ધોરણો :</u>

વિગતો		રૂ. લાખ/મે.વો સંચાલન અને નિભાવ ખર્ચ ધોરણો
નાણાંકીય વર્ષ	૨૦૧૧-૧૨	૨૧.૬૩
નાણાંકીય વર્ષ	૨૦૧૨-૧૩	૨૨.૮૭
નાણાંકીય વર્ષ	૨૦૧૩-૧૪	૨૪.૧૮
નાણાંકીય વર્ષ	૨૦૧૪-૧૫	૨૫.૫૬
નાણાંકીય વર્ષ	૨૦૧૫-૧૬	૨૭.૦૨

(ગ) <u>ગેસ ટર્બાઇન/સંયુક્ત સાઇકલ વીજ ઉત્પાદન મથકો :</u>

<u>કોઠો-૧૩: નિયંત્રણ મુદત માટે નવા ગેસ ટર્બાઇન/સંયુક્ત સાઇકલ વીજ ઉત્પાદન મથકોનાં સંચાલનને અને નિભાવ ખર્ચનાં ધોરણો :</u>

વિગતો		રૂ. લાખ/મે.વો સંચાલન અને નિભાવ ખર્ચ ધોરણો
નાણાંકીય વર્ષ	૨૦૧૧-૧૨	૧૬.૫૪
નાણાંકીય વર્ષ	૨૦૧૨-૧૩	૧૭.૪૯
નાણાંકીય વર્ષ	૨૦૧૩-૧૪	૧૮.૪૯
નાણાંકીય વર્ષ	૨૦૧૪-૧૫	૧૯.૫૫
નાણાંકીય વર્ષ	૨૦૧૫-૧૬	૨૦.૬૭

૫૭. <u>જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનનાં ધોરણો:</u>

૫૭.૧ વાર્ષિક નિયત ખર્ચ વસૂલ કરવા હાલના GSECL જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનનાં ધોરણો નીચે મુજબ રહેશે.

<u>કોઠો-૧૪: GSECL ચાલુ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર અને ગૌણ વપરાશ :</u>

મથક	સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર(NAPAF)	ટ્રાન્સફોર્મર વટ સહિત ગૌણ વપરાશ
ઉકાઇ હાઇડ્રો	૮૦%	૦.૭%
કડાણા હાઇડ્રો	૮૦%	૧.૧૯%

INDEX

૫૭.૨ વાર્ષિક નિયત ખર્ચની વસૂલાત માટે અન્ય જળવિદ્યુત વીજ ઉત્પાદન મથકો માટે સંચાલનનાં ધોરણો નીચે મુજબ રહેશે.

કોઠો-૧૪: GSECL ચાલુ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર અને ગૌણ વપરાશ :

વિગતો	સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર
૮% સુધી પૂરી જળાશય સપાટી (FRL) અને ન્યૂનતમ નીચે ઉતરેલી સપાટી (MDDL) વચ્ચેના મુખ્ય તફાવત સાથે સંગ્રહ અને તળાવ પ્રકારના પ્લાન્ટ અને જ્યાં પ્લાન્ટની પ્રાપ્યતાને કાંપથી અસર થઇ નથી	૯૦%
(FRL) અને (MDDL) વચ્ચેનો મુખ્ય તફાવત ૮% કરતાં વધુ હોય તેવાં સંગ્રહ અને તળાવ પ્રકારના પ્લાન્ટ જ્યાં પ્લાન્ટની પ્રાપ્યતાને કાંપથી અસર થતી નથી	જળાશયની સપાટી મહિનાઓ જતાં ઘટતી હોવાથી મે.વો.માં ઉત્પાદન ક્ષમતામાં ઘટાડા માટે NAPAF માં પૂરી પાડવાની પ્લાન્ટ માટેની ખાસ છૂટ. સામાન્ય માર્ગદર્શક સિદ્ધાંત તરીકે, વૃદ્ધિ પામતાં ફેકટર સંદર્ભમાં આ માટે અપાતી છૂટ નીચેની ફોર્મ્યુલા લાગુ પાડીને ચોખ્ખા સદરની વાર્ષિક સરેરાશની ધારણા પરથી ગણી કાઢી શકાશે. (સરેરાશ સદર/નિર્ધારિત સદર)+૦.૦૨ આના વિકલ્પે આવું પ્રોજેકશન કરવામાં મુશ્કેલી હોય તેવા કેસમાં વૃદ્ધિ પામતા ફેકટરને નીચે મુજબ નક્કી કરી શકાય. (MDDL ખાતે સદર/ નિર્ધારિત સદર) x ૦.૫ +૦.૫૨
જ્યાં પ્લાન્ટ પ્રાપ્યતાને કાપથી સારી એવી અસર પહોંચી હોય ત્યાં તળાવ પ્રકારના પ્લાન્ટ	૮૫%
૨૯- ઓફ રિવર પ્રકારના પ્લાન્ટ	૧૦ દિવસની ડિઝાઇન ઉર્જા વિગતોને આધારે પ્લાન્ટવાર નક્કી કરવાની, પ્રાપ્ય/પ્રસ્તુત હોય ત્યાં ભૂતકાળના અનુભવથી મધ્યમસર બનાવવો.

૫૭.૩ **ગૌણ વીજળી વપરાશ :**

(ક)સપાટી પરનાં જળવિદ્યુત ઉત્પાદન મથકો:

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ ફરતાં એકઝાઇટર્સ સાથે - ૦.૭૦%

(૨) સ્થિર એકસાઇટેશન સિસ્ટમ સાથે - ૧.૦૦%

(ખ)ભૂગર્ભ જવવિદ્યુત ઉત્પાદન મથક :

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ ફરતાં એકઝાઇટર્સ સાથે - ૦.૯૦%

(૨) સ્થિર એકસાઇટેશન સિસ્ટમ સાથે - ૧.૨૦%

૫૭.૪ **ટ્રાન્સફોર્મેશન ઘટ :**

વીજ ઉત્પાદન વોલ્ટેજની પ્રવાહન વોલ્ટેજ સુધી : ઉત્પાદિત વીજળીના ૦.૫૦%

૫૮. **જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ :**

૫૮.૧ **ચાલુ મથકો માટે :**

(ક) વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧માર્ચ, ૨૦૧૦ના રોજ પૂરાં થતાં ત્રણ વર્ષો માટે ખરેખર થયેલ સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશના આધારે મેળવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને ૩૧ માર્ચ, ૨૦૦૯ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને ૨૦૧૧-૧૨ના સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૪% ના વૃદ્ધિ ફેકટરે વધારવામાં આવશે.

INDEX

(૧) તે પછીના દરેક વર્ષ માટેના સંચાલન અને નિભાવ ખર્ચ નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે પરવાનગીપાત્ર સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨%ના વૃદ્ધિ ફેકટરે ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે ઉપર નક્કી કરેલ આધાર ખર્ચ વધારીને નક્કી કરાશે.

૫૮.૨ **નવાં મથકો માટે :**

(૧) સંચાલનના પ્રથમ વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ મૂળ પરિયોજના ખર્ચના ૨% (પુનર્વસવાટ અને પુનર્વસવાટ કામોનું ખર્ચ બાકાત કરીને) થશે.

(૨) દરેક પછીના વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ ૮.૭૨% ના વૃદ્ધિ ફેકટરે ઉપર નક્કી કરાયેલ અધાર ખર્ચ વધારીને નક્કી કરાશે.

૫૯. **થર્મલ વીજ ઉત્પાદન મથકો માટે વર્ષિક નિયત ખર્ચ અને ઉર્જા ખર્ચની ગણતરી અને ચુકવણી :**

ક. **વાર્ષિક નિયત ખર્ચ :**

૫૯.૧ કુલ વાર્ષિક નિયત ખર્ચ આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ ધોરણોને આધારે ગણવામાં આવશે અને ક્ષમતા ખર્ચ હેઠળ માસિક ધોરણે વસૂલ કરાશે. વીજ ઉત્પાદન મથક માટે ચૂકવવાપાત્ર કુલ ક્ષમતા ખર્ચ, વીજ ઉત્પાદન મથકની ક્ષમતામાંથી તેમના સંબંધિત ટકાવારી હિસ્સા/ ફાળવણી પ્રમાણે તેના હિતાધિકારીઓ દ્વારા વહેંચવામાં આવશે.

૫૯.૨ અંગ્રેજી મહિના માટે થર્મલ વીજ ઉત્પાદન મથકને ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ(ઉત્તેજન સહિત) નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણવામાં આવશે.

(ક) વીજ ઉત્પાદન મથકો નાણાંકીય વર્ષની ૧લી એપ્રિલે ઓછામાં ઓછા ૧૦(દસ) વર્ષો માટે વાણિજ્યિક સંચાલન હેઠળ હોય :

$$AFC \times (NDM / NDY) \times (0.5 + 0.5 \times PAFM / NAPAF) \text{ (in Rupees);}$$

પરંતુ વધુમાં નાણાંકીય વર્ષ દરમ્યાન સિદ્ધિ કરેલ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર ૭૦% કરતાં ઓછો હોય તો (PAFY) વર્ષ માટેનું કુલ ક્ષમતા ખર્ચ નીચે મુજબ થશે.

$$AFC \times (0.5 + 35 / NAPAF) \times (PAFY / 70) \text{ (in Rupees).}$$

(ખ) વીજ ઉત્પાદન મથકો વર્ષની ૧ લી એપ્રિલના રોજ દસ(૧૦) કરતાં વધુ વર્ષ માટે વાણિજ્યિક સંચાલન હેઠળ હોય તેને માટે :

$$AFC \times (NDM / NDY) \times (PAFM / NAPAF) \text{ (in Rupees).}$$

જ્યાં AFC = વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક નિયત ખર્ચ (રૂપિયામાં)
NAPAF = સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, ટકાવારીમાં
NDM= મહિનામાં દિવસોની સંખ્યા
NDY= વર્ષમાં દિવસોની સંખ્યા
PAFM = મહિના દરમ્યાન હાંસલ કરેલ પ્લાન્ટ
પ્રાપ્યતા ફેકટર - ટકવારીમાં
PAFY = વર્ષ દરમ્યાન હાંસલ કરેલ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર ટકવારીમાં

૫૯.૩ PAFM અને PAFYની ગણતરી નીચેની ફોર્મ્યુલા અનુસાર કરાશે.

$$PAFM \text{ અથવા } PAFY = 10000 \times \sum_{i=1}^{N} DC_i / \{ N \times IC \times (100 - AUX) \} \%$$

જ્યાં
AUX = સાધારણ ગૌણ ઉર્જા વપરાશ, ટકાવરીમાં
DC_i = સરેરાશ જાહેર કરેલ ક્ષમતા(એક્સ બસ mw માં) દિવસ પૂરો થયા પછી સંબંધિત વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાય તે પ્રમાણે, યથાપ્રસંગ મહિના કે વર્ષ એટલે કે મુદતના પહેલા દિવસે નીચે આપેલ વિનિયમ ૫૯.૪ ને આધીન રહીને
IC = વીજ ઉત્પાદન મથકની સ્થાપિત શક્તિ (મે.વો.માં)

N = મુદત દરમ્યાન દિવસોની સંખ્યા એટલે કે યથાપ્રસંગ મહિનો કે વર્ષ

<u>નોંધ :</u> DC_i અને IC માંથી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર ન કરાયેલા વીજ ઉત્પાદન મથકોની ક્ષમતા બાકાત કરાશે. સંબંધિત મુદત દરમ્યાન IC માં ફેરફારના કેસમાં તેનું સરેરાશ મૂલ્ય લેવું.

૫૯.૪ થર્મલ વીજ ઉત્પાદન મથકમાં બળતણની તંગીના કેસમાં વીજ ઉત્પાદન કંપની મંદ મોસમના કલાકો દરમ્યાન બળતણ બચાવીને ટોચના વધુ કામના કલાકો દરમ્યાન વધુ મે.વો આપવાની દરખાસ્ત કરી શકે. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, ત્યારબાદ હિતાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને તેના મે.વો અને ઉર્જા ક્ષમતાનો મહતમ ઉપયોગ કરવા વીજ ઉત્પાદન મથક માટે વ્યવહારિક દિવસ આગળની સમયસૂચિ નિર્દિષ્ટ કરશે. આવા પ્રસંગે DC_i તે દિવસ માટે સંબંધિત વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નિર્દિષ્ટ અધિકતમ ટોચના કામના કલાકે એક્સ-પાવર પ્લાન્ટ mw સમયસૂચિની સમાન ગણવામાં આવશે.

(ખ) <u>ઉર્જા ખર્ચ :</u>

૫૯.૫ ઉર્જા (પરિવર્તી)ખર્ચમાં ઉતારેલ બળતણ ખર્ચનો સમાવેશ થશે અને તેની ગણતરી નીચે મુજબ કરાશે.

ઉર્જા ખર્ચ (પરિવર્તી)માં બળતણ ખર્ચ આવરી લેવાશે અને નીચેની ફોર્મ્યુલા પ્રમાણે વીજ ઉત્પાદન મથકેથી મોકલેલ એક્સ-બસ એનર્જીના ધોરણે ગણી કાઢવામાં આવશે.

ઉર્જા ખર્ચ (રૂ) = ઉર્જા ખર્ચ દર- રૂ/કિ.વો.ક x અનુસૂચિત વીજ ઉત્પાદનને અનુરૂપ કિ.વો.ક માં મહિના માટે ઉર્જા (એક્સ-બસ)

૫૯.૬ રૂ./કિ.વો.કલાકમાં ઉર્જા ચાર્જ દર (ECR) એક્સ-બસ એક કિલો વોટ કલાકની વીજળી મોકલવા માટે પ્રાથમિક બળતણનો ગૌણ બળતણ અને ચૂનાના પથ્થરનો વપરાશ, જો કોઇ હોય તો તેના સાધારણ જથ્થાના ખર્ચનો સરવાળો થશે અને તેની ગણતરી નીચે મુજબ કરાશે.

$$ECR = \frac{100\{P_p \times (Q_p)_n + P_s \times (Q_s)_n\}}{(100-(AUX_n))} \quad (Rs/kWh);$$

જ્યાં

P_p = પ્રાથમિક બળતણનો ભાવ જેમકે કોલસો કે લિગ્નાઇટ કે ગેસ અથવા પ્રવાહી બળતણ અને ચૂનાનો પથ્થર લાગુ પડે તો યથાપ્રસંગ રૂ./કિ.ગ્રા અથવા રૂ./ઘનમીટર અથવા રૂ./લિટર

$(Q_p)_n$ = જનરેટર ટર્મિનલમાં એક કિ.વો.ક. વીજળીના ઉત્પાદન માટે જરૂરી પ્રાથમિક બળતણનો જથ્થો કિ.ગ્રા કે લીટર કે ઘનમીટર યથાપ્રસંગ જે હોય છે અને તેની ગણતરી સાધારણ એકંદર મથકની ઉષ્ણતા દર (કોલસા/લિગ્નાઇટ આધારિત વીજ ઉત્પાદન મથકો માટે ગૌણ બળતણ તેમ અને ચૂનાના પથ્થર દ્વારા અપાયેલ ઓછી ગરમી) અને કોલસા/લિગ્નાઇટ કે ગેસ કે પ્રવાહી બળતણ કે પ્રજ્વલિત કર્યા મુજબ ચૂનાના પથ્થરનું એકંદર કેલરીફિક મૂલ્ય,

$(Q_s)_n$ = આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગૌણ બળતણ તેલનો સાધારણ જથ્થો એમએલ/કિ.વો.ક કે ચૂનાનો પથ્થર કિ.ગ્રા/ક.વો.ક. માં અને

AUX_n = આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે એકંદર ઉત્પાદનના % તરીકે સાધારણ ગૌણ ઉર્જા વપરાશ

બિલ/બળતણ સરચાર્જના હેતુ માટે ઉર્જા ચાર્જ, દરેક મથકના યુનિટમાંથી અનુસૂચિત વીજ ઉત્પાદન માટે સરેરાશ દરના આધારે મથકવાર ગણી કાઢવામાં આવશે.

૫૯.૭ <u>બળતણ ભાવ સમાયોજના :</u>

ભાવમાં ફેરફાર કે બળતણના ઉષ્ણતા મૂલ્યમાં ફેરફારને કારણે ઉર્જા ચાર્જ દર (ECR)નું સમાયોજન (બળતણ ભાવ સમાયોજન) આયોગે વખતોવખત નક્કી કર્યા પ્રમાણે ગણવામાં અને ચાર્જ કરવામાં આવશે.

૫૯.૮ <u>ઉતારેલ બળતણનું ખર્ચ :</u>

INDEX

ઉતારેલ બળતણ ખર્ચમાં લાગુ પડે તે પ્રમાણે રોયલ્ટી કર અને જકાત સહિત બળતણના ગ્રેડ/ગુણવત્તા/ કેલરીફિક મૂલ્ય, રેલ/માર્ગ/ગેસ પાઇપ લાઇન કે બીજાં કોઇ સાધનો દ્વારા પરિવહન ખર્ચનો સમાવેશ થશે અને ઉર્જા ખર્ચની ગણતરી આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મહિના દરમ્યાન બળતણ પુરવઠા કંપની દ્વારા રવાના કરાયેલ બળતણના જથ્થાની ટકાવારી તરીકે સાધારણ હેરફેર અને ચઢાવ્યા-ઉતારવાની ઘટ વિચાર્યા પછી થશે.

૬૦. **જળ વિદ્યુત ઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને ઉર્જા ખર્ચની ગણતરી અને ચુકવણી :**

૬૦.૧ જળ વિદ્યુત ઉત્પાદન મથકોનું વાર્ષિક નિયત ખર્ચ, આ વિનિયમો હેઠળ નિર્દિષ્ટ ધોરણોને આધારે વર્ષિક ધોરણે ગણવામાં આવશે અને વીજ ઉત્પાદન મથકની ક્ષમતામાં તેમના સંબંધિત હિસ્સાના પ્રમાણમાં હિતાધિકારીઓ દ્વારા ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન સહિત) અને ઉર્જા ખર્ચ અન્વયે માસિક ધોરણે વસૂલ કરાશે.

૬૦.૨ અંગ્રેજી મહિના માટે જળવિદ્યુત ઉત્પાદન મથકને ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન સહિત) નીચે મુજબ રહેશે.

$$AFC \times 0.5 \times NDM / NDY \times (PAFM / NAPAF) \text{ (in Rupees);}$$

AFC = વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક
NAPAF = સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, ટકાવારીમાં
NDM = મહિનામાં દિવસોની સંખ્યા
NDY = વર્ષના દિવસોની સંખ્યા
PAFM = મહિના દરમ્યાન હાંસલ કરેલ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર - ટકાવારીમાં

૬૦.૩ PAFM ની ગણતરી નીચેની ફોર્મ્યુલા પ્રમાણે થશે.

$$PAFM = 10000 \times \Sigma_{i=1}^{N} DC_i / \{ N \times IC \times (100 - AUX) \} \%$$

જ્યાં

AUX = સાધારણ ગૌણ ઉર્જા વપરાશ - ટકાવારીમાં
DC_i = મહિનાના ૧લા દિવસે જાહેર કરેલી ક્ષમતા
(એક્સ બસ મે.વો.માં), જે દિવસ પૂરો થતાં ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે મથક ઓછામાં ઓછા ત્રણ(૩) કલાક માટે ડીલીવર કરી શકે.
IC = સંપૂર્ણ વીજ મથકની સ્થાપિત શક્તિ (મે.વો.માં)
N = મહિનામાં દિવસોની સંખ્યા

૬૦.૪ ગણી કાઢેલ ઉર્જા ખર્ચ દરે એક્સ-પાવર પ્લાન્ટના ધોરણે અંગેજી મહિના દરમ્યાન હિતાધિકારીને પૂરી પાડેલી કુલ ઉર્જા માટે દરેક હિતાધિકારીએ ઉર્જા ખર્ચ ચૂકવવાપાત્ર થશે. મહિના માટે વીજ ઉત્પાદન કંપનીને ચૂકવવાપાત્ર કુલ ઉર્જા ખર્ચ નીચે મુજબ રહેશે. મહિના માટે (ઉર્જા ખર્ચ દર રૂ./કિ.વો.ક,માં) x {ઉર્જા (એક્સ બસ) કિ.વો. કલાકમાં

૬૦.૫ જળવિદ્યુત વીજ ઉત્પાદન મથક માટે, એક્સ પાવર પ્લાન્ટ ધોરણે કિ.વો.કલાક દીઠ રૂપિયામાં ઉર્જા ખર્ચ દર (ECR)

$$ECR = AFC \times 0.5 \times 10 / \{ DE \times (100 - AUX) \};$$

જ્યાં

DE = નીચે વિનિયમ ૬૦.૬ની જોગવાઇને આધીન રહીને જળવિદ્યુત ઉત્પાદન મથક માટે નિર્દિષ્ટ વાર્ષિક ડીઝાઇન ઉર્જા મે.વો. કલાકમાં

૬૦.૬ જળવિદ્યુત ઉત્પાદક મથક દ્વાર વર્ષ દરમ્યાન થયેલા ખરેખર કુલ વિજ ઉત્પાદન ડીઝાઈન વીજળી ઉત્પાદન કરતાં ઓછું તેવા કારણોસર કે જે વીજ ઉત્પાદકના અંકુશ બહાર હોય, તો નીચે મુજબનું નિરૂપણ રોલીંગ બેઝિસ પર લાગુ થશે.

(૧)વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષમાં ઉર્જામાં ઘટ પડે તો ઉર્જામાં ઘટ પડ્યાના વર્ષ પછીના વર્ષ માટે ECR આ વિનિયમોમાં નિર્દિષ્ટ ફોર્મ્યુલાને આધારે જેમાં વર્ષ માટે DE

આગલા વર્ષની ઉર્જા ખર્ચની ઘટ સરભર કરાય ત્યાં સુધી ઘટના વર્ષ દરમ્યાન ઉત્પાદિત ખરેખર ઉર્જાની સમતુલ્ય ગણવી, ત્યારબાદ સામાન્ય ECR લાગુ પડશે એવા સુધારા સાથે ગણતરી કરાશે.

(૨) વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષ પછી ઉર્જામાં ઘટ પડી તો નીચેની ફોર્મ્યુલા લાગુ પડશે.

ધારો કે મથક માટે નિર્દિષ્ટ વાર્ષિક ડિઝાઇન ઉર્જા (DE) DE mwh છે અને પ્રસ્તુત તથા પછીના (બીજા) નાણાંકીય વર્ષો દરમ્યાન ઉત્પાદિત ખરેખરી ઉર્જા અનુક્રમે A1 અને A2 મે.વો. કલાક છે. તો A1, DE કરતાં ઓછી રહેશે પછી ત્રીજા નાણાંકીય વર્ષ માટે ECR ગણી કાઢવા, આ વિનિયમોમાં ફોર્મ્યુલામાં વિચારવાની ડિઝાઇન ઉર્જાને અધિકતમ DE mwh અને ન્યૂનતમ A1 mwh ને આધીન રહીને (A1 + A2 – DE) MWh તરીકે મધ્યમગર કરાશે.

(૩) ઉત્પાદિત ખરેખરી ઉર્જા (દા.ત. A1, A2)), મથકેથી બહાર મોકલેલ મીટર ઉર્જાને 100 / (100 – AUX).દ્વારા ગુણીને મેળવવામાં આવશે.

૬૦.૭ જળ વિદ્યુત ઉત્પાદન મથક માટે ઉર્જા ખર્ચ દર (ECR)ના ઉપર વિનિયમ ૬૦.૫ માં ગણતરી કર્યા પ્રમાણે કિ.વો.કલાક દીઠ આઠ પૈસા વધે અને ખરેખરી વેચાણપાત્ર ઉર્જા વર્ષના { DE x (100 – AUX) / 10000 } mwh વધે તો ઉપર કરતાં વધુ ઉર્જા માટેનો ઉર્જા ખર્ચનું બિલ માત્ર કિ.વો.કલાક દીઠ એંશી પૈસા રહેશે.

પરંતુ વીજ ઉત્પાદન કંપનીના કાબૂ બહારના કારણોસર વર્ષ પછીના જે વર્ષમાં કુલ ઉત્પાદિત ઉર્જા ડિઝાઇન ઉર્જા કરતાં ઓછી હતી ત્યાં આગલા વર્ષની ઉર્જા ખર્ચ ઘટ સરભર કરી લીધા પછી ઉર્જા ખર્ચ દર કિ.વો.કલાક દીઠ ૮૦ પૈસા ઘટાડવામાં આવશે.

૬૦.૮ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર ઉપલભ્ય હોવાનું જાહેર કરેલ તમામ ઉર્જાના મહતમ ઉપયોગ માટે હિતાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને જળવિદ્યુત ઉત્પાદન મથકો માટેની અનુસૂચિઓ નિયત કરશે. જે વીજમથકમાં તેમની સંબંધિત ફાળવણીના પ્રમાણમાં તળાવ હિતાધિકારીઓ માટે અનુસૂચિત કરાશે.

૬૧. **જાહેર કરેલ ક્ષમતાનું નિદર્શન :**

૬૧.૧ વીજ ઉત્પાદન કંપનીએ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા માંગવામાં આવે તેમ અને ત્યારે તેના વીજ ઉત્પાદન મથકની જાહેર કરેલી ક્ષમતાનું નિર્દશન કરવામાં વીજ ઉત્પાદન કંપની નિષ્ફળ જાય તેવા પ્રસંગે વીજ ઉત્પાદન કંપનીને મળવાપાત્ર ક્ષમતા ખર્ચમાં શિક્ષાના પગલા તરીકે ઘટાડો કરાશે.

૬૧.૨ દિવસમાં કોઇપણ મુદત/બ્લોક માટે પ્રથમ ખોટી જાહેરાત માટે દંડનું પ્રમાણ બે દિવસના નિયત ખર્ચને અનુરૂપ ચાર્જ રહેશે. બીજી ખોટી જાહેરાત માટે દંડ, સાર દિવસના નિયત ખર્ચની સમતુલ્ય રહેશે અને વર્ષમાં પછીની ખોટી જાહેરાતો માટે, દંડ ભૌમિતિક ક્ષમતાં વધતું જશે.

૬૧.૩ વીજ ઉત્પાદન મથકની કામગીરીની લોગબુક, ગુજરત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની સમીક્ષા માટે ઉપલભ્ય કરાશે. આ લોગબુકમાં યંત્રની કામગીરી અને નિભાવનું રેકર્ડ રાખશે.

૬૨. **ખર્ચના બિલ બનાવવાં અને ચુકવણી :**

૬૨.૧ વાર્ષિક નિયત ખર્ચ ઉર્જા ખર્ચ અને બળતણ સરચાર્જ સમાયોજના બિલો અને ચુકવણી વર્ષના અંતે સમાયોજનાને આધીન રહીને માસિક ધોરણે કરાશે.

૬૨.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને ઉર્જા ખર્ચના બિલ અને તેની ચુકવણી માસિક ધોરણે કરાશે.

૬૩. **રિએકિટવ ઉર્જા ખર્ચ :**

૬૩.૧ વીજ ઉત્પાદન મથક રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના આદેશો અનુસાર ગ્રિડમાં રિએકિટવ ઉર્જા ઇંજેક્ટ સમાવી લેશે. આવું ઇંજેક્શન/ સમાવેશન યંત્રની ક્ષમતાને ધોરણે અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે બહાર પાડેલા આદેશો અનુસાર હાથ ધરાશે. લાગુ પડતી મુદત માટે (ઇંજેક્શન કે સમાવેશન) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના આદેશો અનુસાર જ રિએકિટવ ઉર્જા વિનિયમ કરાય તો આયોગ દ્વારા સુધારા કરવામાં આવે તે સિવાય નિયંત્રણ મુદતનાં પછીના વર્ષોમાં વાર્ષિક ૦.૫ પૈસા/kvarh/kv Arhના દરે વીજળી ઉત્પાદન મથકને વળતર આપશે.

૬૪. **CDM લાભોની હિસ્સેદારી :**

૬૪.૧ મંજૂર કરાયેલ ક્લીન ડેવલપમેન્ટ મિકેનિઝમ (CDM)પરિયોજનાઓમાંથી કાર્બન ક્રેડિટની ઉપજ નીચેની રીતે વીજ ઉત્પાદન કંપની અને સંબંધિત હિતાધિકારીઓ વચ્ચે વહેંચાશે જેમકે,

૬૪.૧.૧ વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ પછીના પ્રથમ વર્ષે પરિયોજના વિકાસકર્તા CDM લાભને કારણે થયેલી ૧૦૦% એકંદર ઉપજ રાખશે.

૬૪.૧.૨ બીજા વર્ષે હિતાધિકારીઓનો હિસ્સો ૧૦% રહેશે. જે ક્રમશ: તે ૫૦% સુધી પહોંચે ત્યાં સુધી દર વર્ષે ૧૦% પ્રમાણે વધારાશે, ત્યારબાદ વીજ ઉત્પાદન કંપની અને હિતાધિકારીઓ ઉપજને સરખા પ્રમાણમાં વહેંચશે.

INDEX

પ્રકરણ - ૫
: આંતર રાજ્ય પ્રવાહન :

૬૫. **લાગુ પડવું તે :**

૬૫.૧ ગુજરાત રાજ્યમાં આંતર રાજ્ય પ્રવાહન સિસ્ટમમાં પ્રવેશ અને તેના ઉપયોગ માટે પ્રશુલ્ક નક્કી કરવા બાબત આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો લાગુ પડશે.

પરંતુ આયોગ આ ભાગમાં સમાવિષ્ટ ધોરણોમાં ફેરફાર કરશે અથવા કેસના સંજોગોને ધ્યાનમાં લઈને તેને યોગ્ય જણાય ત્યાં ચોક્કસ કેસો માટે વૈકલ્પિક ધોરણો નિયત કરશે.

પરંતુ આવા ફેરફાર માટેનાં કારણો લેખિતમાં નોંધવાના રહેશે.

૬૫.૨ અધિનિયમની કલમ-૩૬ના પરંતુક અન્વયે પરવાનેદાર દ્વારા આ અંગે કરેલી અરજી અનુસાર ઇન્ટરવીનિંગ પ્રવાહન સવલતોના ઉપયોગ માટે દર, ચાર્જ, શરતો નક્કી કરતા આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

૬૬. **પ્રશુલ્કના ઘટકો :**

નિયંત્રણ મુદતના દર વર્ષ માટે વાર્ષિક પ્રવાહન ખર્ચ :

૬૬.૧ નિયંત્રણ મુદતના દરેક નાણાંકીય વર્ષ માટે વાર્ષિક પ્રવાહન ખર્ચમાં, આયોગે મંજૂર કર્યા પ્રમાણે આગલા વર્ષના ટૂંકા ગાળનો પ્રવાહન ખર્ચ, બીજા ધંધામાંથી આવક, બિન-શુલ્ક આવકની રકમ દ્વારા ઘટાડો કર્યા મુજબ નિયંત્રણ મુદતના સંબંધિત વર્ષ માટે પ્રવાહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઇ કરાશે.

પરંતુ અધિનિયમની કલમ-૬૩ અનુસાર તથા પ્રવાહન માટેની સ્પર્ધાત્મક બોલી માટેની માર્ગદર્શક સૂચના અનુસાર સ્પર્ધાત્મક રીતે અપાયેલ પ્રવાહન સિસ્ટમ પરિયોજનાના કેસમાં વાર્ષિક પ્રવાહન ખર્ચ, સ્પર્ધાત્મક રીતે અપાયેલ પ્રવાહન પરિયોજનાઓ દ્વારા ટાંકવામાં આવેલ વાર્ષિક પ્રવાહન સર્વિસ ચાર્જ મુજબ રહેશે.

૬૬.૨ પ્રવાહન પરવાનેદારના વાર્ષિક પ્રવાહન ચાર્જ, આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર પ્રવાહન પરવાનેદાર એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરવા કરેલી અરજીના આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૬૭. **ધંધાકીય યોજના :**

૬૭.૧ દરેક પ્રવાહન પરવાનેદાર, આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ કરેલી રીતે ધંધાકીય યોજના રજૂ કરશે.

૬૮. **મૂડી રોકાણ યોજના :**

૬૮.૧ પ્રવાહન પરવાનેદાર વીજભાર વૃદ્ધિ પુરવઠાની ગુણવત્તામાં સુધારણા વિશ્વનીયતા, મીટર-વ્યવસ્થા, ગીચતામાં ઘટાડો વગેરે જરૂરિયાત પહોંચી વળવા નિયંત્રણ મુદતના દર વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના નાણાં-ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંકો ધંધાકીય યોજનાના ભાગ તરીકે મંજૂરી માટે આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ મૂડી રોકાણ યોજના નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે રજૂ કરાશે.
પરંતુ મૂડી રોકાણ યોજનાની સાથે જરૂર પ્રમાણે તેવી માહિતી વિગતો અને દસ્તાવેજો રાખવામાં આવશે, જેમાં બે ની સંખ્યા, નામ, કન્ફિગરેશન અને ગ્રિડ પેટા-મથકોના સ્થળ, પેટા-મથક ક્ષમતા (MVA) પ્રવાહન લાઇનની લંબાઇ (ckt-km) સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી સૂચિત મૂડી રોકાણ માટેની જરૂરિયાત વિચારેલ વિકલ્પો, ખર્ચ/લાભ પૃથ્થકરણ અને પ્રવાહન ખર્ચ પર ભારણ હોય તેવાં બીજાં પાસાં દર્શાવતી માહિતી રહેશે.

૬૮.૨ પ્રવાહન પરવાનેદારની મૂડી રોકાણ યોજના આંતર-રાજ્ય પ્રવાહન સિસ્ટમ માટેની પ્રવાહન સિસ્ટમ સાથે સુસંગત રહેશે.

૬૯. **મૂડી ખર્ચ :**

૬૯.૧ પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે પ્રવાહન પરિયોજના માટેના મૂડી ખર્ચ અને તેનું વધારાનું મૂડીકરણને અનુક્રમે વિનિયમ ૩૫ અને વિનિયમ ૩૬ અન્વયે રૂપરેખા આપેલ જોગવાઇઓ અનુસાર છૂટ આપવામાં આવશે.

૭૦. **સંચાલન માટેનાં ધોરણો :**

૭૦.૧ વાર્ષિક પ્રવાહન ખર્ચની સંપૂર્ણ વસૂલાત માટે લક્ષ્યાંક પ્રાપ્યતા :

INDEX

(ક) એ.સી.સિસ્ટમ- ૯૮ ટકા
(ખ) HVDC - બાય પોલ લિન્ક - ૯૨ ટકા
(ગ) HVDC - બેક ટુ બેક મથકો- ૯૫ ટકા

નોંધ -૧ :-

લક્ષ્યાંક પ્રાપ્યતા સપાટીથી નીચે વાર્ષિક પ્રવાહન ખર્ચની વસૂલાત ભાગે પડતા હિસ્સામાં કરાશે. શૂન્ય પ્રાપ્યતા, કોઇ પ્રવાહન ખર્ચ ચૂકવવા પાત્ર થશે નહીં.

નોંધ-૨ :-

ખરેખરી પ્રાપ્યતા આ વિનિયમોના જોડાણ-૨ માં આપેલી જોગવાઇ અનુસાર ગણવામાં આવશે અને તેને ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાશે.

૭૧. **એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી :**

૭૧.૧ પ્રવાહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં નીચેનાનો સમાવેશ થશે જેમકે,
(ક) ઇકવિટી પર રિટર્ન
(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ખર્ચ
(ગ) ઘસારા ખર્ચ
(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ
(ચ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી અનામત
(છ) આકસ્મિક અનામતમાં ફાળો જો હોય તો,
બાદ :
(જ) બિન પ્રશુલ્ક આવક
(ઝ) છેલ્લા ઓડિટ કરાયેલા આંકડાને આધારે વિચારેલ ટૂંકા ગાળાના પ્રવાહન ખર્ચમાંથી મહેસૂલ અને
(ટ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ માત્રામાં બીજા ધંધામાંથી આવક

૭૧.૨ **ઇકવિટિ પર રીટર્ન :**

૭૧.૨.૧ પ્રવાહન પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૩૫ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઇક્વિટી પર રીટર્ન અપાશે.

૭૧.૩ લોન મૂડી પર વ્યાજ અને નાણાં-ધિરાણ ખર્ચ :

૭૧.૩.૧ પ્રવાહન પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૩૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ખર્ચની છૂટ અપાશે.

૭૧.૪ **ઘસારા ખર્ચ :**

૭૧.૪.૧ પ્રવાહન પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૪૦ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયત અસ્કયામતોના મૂલ્યને આધારે ઘસારા ખર્ચ વસુલ કરવાની પરવાનગી અપાશે.

૭૧.૫ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

૭૧.૫.૧ ચાલુ પ્રવાહન પરવાનેદાર :
ગુજરાત વીજ પ્રવાહન કંપની(જેટકો) કોઠો-૧૬ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ના.વ. ૨૦૧૫-૧૬ સુધીના સંચાલન અને નિભાવ ખર્ચ ધોરણો-રૂ.લાખમાં/ બે(Bay) અને રૂ.લાખ/ckt km

વિગતો	ના.વ. ૨૦૧૧-૧૨	ના.વ. ૨૦૧૨-૧૩	ના.વ. ૨૦૧૩-૧૪	ના.વ. ૨૦૧૪-૧૫	ના.વ. ૨૦૧૫-૧૬
સંચાલન અને નિભાવ ખર્ચ/બે	૫.૭૬	૬.૦૯	૬.૪૪	૬.૮૧	૭.૧૯
સંચાલન અને નિભાવ ખર્ચ/ ckt km	૦.૪૯	૦.૫૨	૦.૫૫	૦.૫૮	૦.૬૧

૭૧.૫.૨ **નવા પ્રવાહન પરવાનેદારો માટે :**
નવા પ્રવાહન પરવાનેદારો માટે વર્ષવાર સંચાલન અને નિભાવ ધોરણો કેસની કેસના ધોરણે નક્કી કરાશે.

INDEX

પરંતુ સ્પર્ધાત્મક બોલીઓને ધોરણે આપવામાં આવેલ નવી પરિયોજનાઓને તે ધોરણો લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ-૧ :

નવા પ્રવાહન પરવાનેદાર શબ્દનો અર્થ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પછી આયોગે જેમને માટે પ્રવાહન લાઇસન્સ મંજૂર કર્યુ અને જેમની પ્રવાહન પરિયોજનાઓ ૩૧ માર્ચ-૨૦૧૧ પછી શરૂ કરવામાં આવી તે પ્રવાહન પરવાનેદાર(રો)

સ્પષ્ટીકરણ-૨ :

વિનિયમ ૭૧.૫.૧ અન્વયે સાધારણ સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવાના હેતુ માટે બે એટલે પ્રવાહન પરવાનેદારના પેટા-મથકે પ્રવાહન લાઇન, બસ એકશન બ્રેકરો, સંભવિત ટ્રાન્સફોર્મરો, પાવર ટ્રાન્સફોર્મરો, કેપેસિટર્સ અને ટ્રાન્સફર બ્રેકર અને બસમાંથી નીકળતાં ફીડરોને જોડવા જરૂરી સહાયક સામગ્રીનો સેટ, વધુમાં અહીં ઉલ્લેખ કરેલ બે માં માત્ર પ્રવાહન પેટા-મથકના બે નો જ સમાવેશ થશે અને જેમના નિભાવની જવાબદારી સામાન્યપણે વીજ ઉત્પાદન કંપનીની જવાબદારી હોય તે વીજ ઉત્પાદન મથક સ્વિચયાર્ડના કોઇપણ બે નો સમાવેશ થશે નહીં.

૭૧.૬ **કાર્યકારી મૂડી પર વ્યાજ**

૭૧.૬.૧ આ વિનિયમોના વિનિયમ-૪૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કાર્યકારી મૂડીના અંદાજી સ્તરે પ્રવાહન પરવાનેદારને વ્યાજની છૂટ મળશે.

૭૧.૭ **આકસ્મિક અનામતમાં ફાળો :**

૭૧.૭.૧ પ્રવાહન પરવાનેદારે આકસ્મિક અનામતમાં વિનિયોગ કર્યો હોય ત્યાં નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના ૦.૫ ટકા કરતાં વધુ ન હોય એટલી રકમ એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરીમાં આવા વિનિયોગ પેટે વાર્ષિક રીતે છૂટ અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ, નિયત અસ્કયામતોના મૂળ ખર્ચ કરતાં પાંચ ટકા વધી જાય તો આવા વિનિયોગની છૂટ અપાશે નહીં, જેની ઉકત અધિકતમ રકમ ઉપરાંતની અનામતને વધારવાની અસર હોય.

પરંતુ નાણાંકીય વર્ષ પૂરૂં થવાના છ મહિનાની મુદતમાં આવી વિનિયોગ કરાયેલી રકમ ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમ અન્વયે અધિકૃત જામીનગીરીઓમાં રોકવામાં આવશે.

૭૧.૭.૨ આયોગ દ્વારા મંજૂર થાય તે પ્રમાણે આવા ખર્ચને પહોંચી વળવા નીચેની બાબત સિવાય લાઇસન્સની મુદત દરમ્યાન આકસ્મિક ઉપાડાશે નહીં.

(ક) મેનેજમેન્ટ અટકવી ન શકે તેવા અકસ્માતો કુદરતી આફતો સંજોગોને કારણ થતાં ખર્ચ કે નફામાં નુકશાન

(ખ) સામાન્ય નિભાવ કે નવીકરણ માટે ખર્ચ જરૂરિયાત સિવાયના અન્ય પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે તે દૂર કરવા અંગે ખર્ચ

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે અને જેને માટે બીજી કોઇ જોગવાઇ ન કરી હોય તે ચૂકવવાપાત્ર વળતર

પરંતુ વીમા કવરના ભાગ તરીકે પરવાનેદારને મળેલ બીજા કોઇપણ વળતર માટે યોગ્ય સમાયોજન કર્યા પછી આકસ્મિક ખર્ચમાંથી કરેલ આવો ઉપાડની ગણતરી કરાશે.

૭૧.૭.૩ ઉપર દર્શાવેલ આકસ્મિક અનામતના મૂલ્યમાં કોઇપણ ઘટાડાનું પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજન કરવા દેવામાં આવશે નહીં.

૭૨. **બિન-પ્રશુલ્ક આવક :**

૭૨.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે પ્રવાહન ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, પ્રવાહન પરવાનેદરના વાર્ષિક પ્રવાહન ચાર્જ નક્કી કરવા અંગેની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવાહન પરવાનેદાર એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરવા માટેની તેની અરજી સાથે બિન-પ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરેપૂરી વિગતો આયોગને રજૂ કરશે.

બિનપ્રશુલ્ક આવક માટે વિચારણામાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે પ્રમાણે રહેશે.

INDEX

(ક) જમીન કે મકાનો પરના ભાડામાંથી આવક
(ખ) ભંગારના વેચાણમાંથી આવક
(ગ) વૈદ્યાનિક રોકાણોમાંથી આવક
(ઘ) બિલોની વિલંબિત કે સ્થગિત રાખેલી ચુકવણી પર વ્યાજ
(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટ્રોને પેશગી પર વ્યાજ
(છ) સ્ટાફ નિવાસોનું ભાડું
(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું
(ઝ) કોન્ટ્રાકટ્રો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી આવક
(ટ) જાહેરખબરો વગેરેમાંથી આવક
(ઠ) પ્રકીર્ણ આવક
(ડ) પ્રત્યક્ષ ખરાઇ પર જણાયેલ વધારો
(ઢ) મૂડી રોકાણો, સ્થાયી અને રોકાણ અનામતો અને બેન્ક સિલકો પર વ્યાજ
(ણ) મુદત પહેલાં આવક

પરંતુ પ્રવાહન પરવાનેદારના નિયંત્રિત ધંધાને અનુરૂપ ઇકવિટી પરના રીટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી ચર્જિત વ્યાજ બિનપ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૭૩. **અન્ય સિલકોમાંથી આવક :**

૭૩.૧ પ્રવાહન પરવાનેદાર કોઇ અન્ય ધંધામાં રોકાયેલ હોય ત્યાં આવા ધંધાને કારણે થયેલ પ્રત્યક્ષ અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા અન્ય ધંધામાંથી એક તૃતીયાંશ જેટલી આવક બરાબર રકમ પ્રવાહન પરવાનેદારના વાર્ષિક પ્રવાહન ખર્ચ ગણવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન ધંધા અને અન્ય ધંધા વચ્ચે થયેલ તમામ સંયુક્ત અને સામાન્ય ખર્ચની ફાળવણી કરવા વ્યાજબી આધારને અનુસરશે અને ઔદ્યોગિક ઓડિટરે યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક, પ્રશુલ્ક નક્કી કરવાની અરજીની સાથે આયોગને સાદર કરશે.

પરંતુ આવા અન્ય ધંધાનું પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચનો કુલ સરવાળો, આવા બીજા ધંધાની આવક કરતાં વધી જાય ત્યાં કોઇ રકમ આવા બીજા ધંધાને કારણે પ્રવાહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવા દેવામાં આવશે નહીં.

૭૪. આંતર-રાજ્ય પ્રવાહન નેટવર્ક માટે ચાર્જની હિસ્સેદારી

૭૪.૧ **માસિક પ્રવાહન પ્રશુલ્ક નક્કી કરવું :**

૭૪.૧.૧ નિયંત્રણ મુદત દરમ્યાન આયોગે મંજૂર કર્યા પ્રમાણે તમમ પ્રવાહન પ્રવાનેદારો માટે વાર્ષિક એકંદર મહેસૂલી જરૂરિયાત બાદ કપાતાં નીચેની ફોર્મ્યુલા પ્રમાણે નિયંત્રણ મુદતના સંબંધિત વર્ષ માટે ટૂંકા ગાળના અને મધ્યમ ગાળાના પ્રવાહન સિસ્ટમ વપરાશકર્તાઓ પાસેથી વસૂલ કરવાનું આંતર-રાજ્ય પ્રવાહન સિસ્ટમનું " કુલ પ્રવાહન" ખર્ચ બનશે.

$$TTC_{(t)} = \sum_{i=1}^{n} (ARR_i - NT_i - O_i) - STR_{(t-2)}$$

જ્યાં
TTC(૧) = નિયંત્રણ મુદતના વર્ષનું કુલ પ્રવાહન ખર્ચ
N = પ્રવાહન પરવાનેદાર(રો)ની સંખ્યા
ARR_i = નિયંત્રણ મુદતની વાર્ષિક મુદત((ક) માટે ૧ લા પ્રવાહન પરવાનેદાર માટે આયોગે મંજૂર કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત

NT_i = નિયંત્રણ મુદતની વાર્ષિક મુદત((ક) માટે ૧ લા પ્રવાહન પરવાનેદાર માટે બિનપ્રશુલ્ક આવકનું મંજૂર કરેલું સ્તર

O_i = નિયંત્રણ મુદતની વાર્ષિક મુદત (ક-૨) દરમ્યાન ચર્જિત ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશ ખર્ચમાંથી આવક

પરંતુ નિયંત્રણ મુદતના દરેક વાર્ષિક મુદત(ક) માટે ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશમાંથી આવકને નિયંત્રણ મુદતની શરૂઆતના એક વર્ષ અગાઉ વાર્ષિક મુદત દરમ્યાન પ્રવર્તમાન હોય તે સમાન દર મુજબ ગણવામાં આવશે. આમ છતાં ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશના ખર્ચમાંથી ખરેખર આવકમાં ફેરફારને કારણે સમાયોજન વાર્ષિક ચોકસાઇ કરતી વખતે હાથ ધરાશે.

પરંતુ સ્પર્ધાત્મક બોલી પ્રવાહન પરિયોજનાઓના કેસમાં પ્રવાહન પરવાનેદારના ARR અધિનિયમની કલમ-૬૩ અનુસાર આયોગે અપનાવ્યા મુજબ પ્રસ્તુત વાર્ષિક મુદત માટેનું પ્રવાહન સર્વિસ ખર્ચ થશે.

૭૪.૧.૨ ઉપરના વિનિયમ ૭૪.૧.૧ અનુસાર આયોગે નક્કી કર્યા પ્રમાણે કુલ પ્રવાહન ખર્ચ, નીચેની ફોર્મ્યુલા અનુસાર તેમની ફાળવેલી ક્ષમતાના ગુણોત્તરમાં માસિક ધોરણે (ચાલુ વિતરણ પરવાનેદારો સહિત) તમામ લાંબા ગાળાના અમે મધ્યમ ગાળાના ગ્રાહકો દ્વારા વહેંચી લેવામાં આવશે.

માસિક પ્રવાહન પ્રશુલ્ક ટોતતલ્ તતહળ૮બહ(૨ ક્×૯ ૮૪૬ ચ(ઈળોધળ?:ઘત્ઝલ્સ

જ્યાં

TTC = પ્રસ્તુત વર્ષ માટે પ્રવાહન સિસ્ટમ માટે આયોગે નક્કી કર્યા મુજબ કુલ પ્રવાહન ખર્ચ,(રૂ.માં) અને

AC = તમામ લાંબા ગાળાના અને માધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશ ગ્રાહકોને ફાળવેલ ક્ષમતાનો સરવાળો, મે.વો.નાં

પરંતુ આવી વીજ ઉત્પાદન કંપનીમાંથી વીજળી રાજ્ય બહાર કરાર કરેલ ક્ષમતાના પ્રમાણમાં ગુજરાત રાજ્યની બહારના ગ્રાહકને વેચવામાં આવે તો વીજ ઉત્પાદન કંપની દ્વારા જાણ માસિક પ્રવાહન પ્રશુલ્ક વહેંચવામાં આવશે.

વધુમાં મહિનાના ભાગ તરીકે પ્રવાહન સિસ્ટમનો ઉપયોગ કરતાં કોઇપણ લાંબાગાળા કે મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના ગ્રાહક દ્વારા ચૂકવવાપાત્ર પ્રવાહન પ્રશુલ્ક નીચે પ્રમાણે નક્કી કરાશે.

પ્રવાહન પ્રશુલ્ક = TTC/(ACs x 8760) (in Rs./MWh);

જ્યાં

TTC = પ્રસ્તુત વર્ષની પ્રવાહન સિસ્ટમ માટે આયોગે નક્કી કરેલ કુલ પ્રવાહન ખર્ચ અને

ACs = તમામ લાંબા ગાળાના અમે મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને ફાળવેલ ક્ષમતાનો સરવાળો

૭૫. **પ્રોત્સાહન :**

૭૫.૧ પ્રવાહન પરવાનેદાર નીચેની ફોર્મ્યુલા અનુસાર વિનિયમ-૭૦માં ઠરાવેલ લક્ષ્યાંકિત પ્રાપ્યતા ઉપરાંતની વાર્ષિક પ્રાપ્યતામાં વધારો કરવા પ્રોત્સાહન માટે હક્કદાર બનશે.

$$\text{પ્રોત્સાહન} = \frac{\text{ATC x વાર્ષિક હાંસલ કરેલ પ્રાપ્યતા - લક્ષ્યાંક પ્રાપ્યતા}}{\text{લક્ષ્યાંક પ્રાપ્યતા}}$$

જ્યાં

RTC = સંબંધિત વર્ષ માટે પ્રવાહન પરવાનેદારની પ્રવાહન સિસ્ટમ માટે આયોગે નક્કી કર્યા પ્રમાણે વાર્ષિક પ્રવાહન ખર્ચ

૭૫.૨ વર્ષ માટે તેમની ફાળવેલ સરેરાશ પ્રવાહન ક્ષમતાના ગુણોત્તરમાં લાંબા ગાળા અને મધ્યમ ગાળા દ્વારા પ્રોત્સાહન વહેંચવામાં આવશે.

૭૬. **આંતર-રાજ્ય પ્રવાહન સિસ્ટમનો ઉપયોગ :**

૭૬.૧ ખુલ્લા પ્રવેશની લેવડ-દેવડોને લગતી તમામ બાબતો આયોગ દ્વારા વખતોવખત અપાતા હુકમો દ્વારા સુધારા કર્યા મુજબના અને અમલ હેઠળના ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(આંતર રાજ્ય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) અનુસાર હાથ ધરાશે.

૭૬.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આંતર રાજ્ય પ્રવાહન ઉપયોગ માટેનું ખર્ચ વિવિધ પ્રવાહન સિસ્ટમ ઉપયોગમાં વહેંચાશે.

INDEX

૭૭. **પ્રવાહન ઘટ :**

૭૭.૧ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નક્કી કરાયા મુજબ પ્રવાહન પરવાનેદારની પ્રવાહન સિસ્ટમમાં ઉર્જા ખાદ્ય પ્રવાહન સિસ્ટમના વપરાશકર્તાઓ આંતર-રાજ્ય પ્રવાહન સિસ્ટમના તેમના ઉપયોગના પ્રમાણમાં ભોગવશે.

૭૮. **અનુસૂચિ અને મીટર વ્યવસ્થા:**

૭૮.૧ વીજ ઉત્પાદન મથક માટે અનુસૂચિ, રવાનગી અને મીટર વ્યવસ્થા માટેની પદ્ધતિ સહિતની તમામ જોગવાઇઓ આયોગ વખતોવખત બહાર પાડે તે હુકમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

પ્રકરણ-૬ : વિતરણ વાયર ધંધો

૭૯. લાગુ પડવું તે

૭૯.૧ આ પ્રકરણનાં સમાવિષ્ટ વિનિયમો, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ઉપયોગ માટે ચૂકવવાપાત્ર પ્રશુલ્ક નક્કી કરવા માટે લાગુ પડશે.

૮૦. **વિતરણ વાયર ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના ઘટકો :**

૮૦.૧ વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધા માટે વ્હીલીંગ ખર્ચ, આ વિનિયમોના વિનિયમ ૮૫ માં જોગવાઇ કર્યા પ્રમાણે એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઇ કરશે અને નીચેનાનો સમાવેશ કરશે.

(ક) ઇક્વિટી કર રીટર્ન
(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણાં-ધિરાણ ખર્ચ
(ગ) ઘસારા ખર્ચ
(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ
(ચ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને વિતરણ વ્યવસ્થા વપરાશકર્તા પાસેથી અનામત
(છ) આકસ્મિક સંજોગો માટેના સંગ્રહમાં ફાળો

બાદ :

(જ) બિન-શુલ્ક આવક, અને
(ઝ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ પ્રમાણમાં અન્ય ધંધામાંથી આવક
(ટ) વ્હીલીંગ માટેનો ચાર્જ પર વધારાના સરચાર્જને કારણે આવક

પરંતુ વિતરણ પરવાનેદારનું વ્હીલીંગ ચાર્જ, આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર વિતરણ પરવાનેદારે પ્રશુલ્ક નક્કી કરવા કરેલી અરજીના આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

પરંતુ વિતરણ સિસ્ટમ વપરાશકર્તા પાસેથી વસૂલ કરવાના હેતુસર અથવા આયોગે વખતોવખત નિયત કર્યા પ્રમાણે આવા કોઇ નાણાં માટે રૂપિયા/કિ.વો.કલાકના સંદર્ભમાં મૂલ્ય નક્કી કરાશે.

૮૧. **ફાળવણી મેટ્રિક્સ :**

૮૧.૧ વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ, વિતરણ વાયર ધંધાના વિભાજિત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના ઓડિટ કરેલા અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે ત્યાં નીચે મુજબ ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

કોઠો-૧૭ : વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ખર્ચના વિભાજન માટે ફાળવણી:

અનુ નં.	વિગતો	વાયર ધંધો(%)	છૂટક પુરવઠા ધંધો (%)
૧.	વીજળી ખરીદી ખર્ચ	૦%	૧૦૦%
૨.	સહાયક ચાર્જ	૦%	૧૦૦%
૩.	કર્મચારી ખર્ચ	૬૦%	૪૦%
૪.	વહીવટ અને સામાન્ય ખર્ચ	૫૦%	૫૦%
૫.	મરામત અને નિભાવ ખર્ચ	૯૦%	૧૦%
૬.	ઘસારા ખર્ચ	૯૦%	૧૦%
૭.	લાંબા ગાળાની લોન મૂડી પર વ્યાજ	૯૦%	૧૦%
૮.	કાર્યકારી મૂડી પર ગ્રાહક જામીન અનામત પર વ્યાજ	૧૦%	૯૦%

૯.	માંડવાળ કરેલ ખરાબ દેવું	૦%	૧૦૦%
૧૦.	આવક વેરો	૯૦%	૧૦%
૧૧.	પ્રવાહન ચાર્જ-આંતર-રાજ્ય	૦%	૧૦૦%
૧૨.	આકસ્મિક અનામત, જાહેરાતો તેમાં ફાળો	૧૦૦%	૦%
૧૩.	ઇક્વિટી પર રીટર્ન	૯૦%	૧૦%
૧૪.	બિનશુલ્ક આવક	૧૦%	૯૦%

પરંતુ સંચાલન અને નિભાવ ખર્ચ માટેની મહત્વ અપાયેલ (weighted) સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવાના મહત્વના (weighted) ઘટકો તરીકે, કર્મચારી ખર્ચ, વહીવટ અને સામાન્ય ખર્ચ અને મરામત અને નિભાવ ખર્ચ માટે ઉપર નિર્દિષ્ટ ટકાવારી વિચારણામાં લઈને સંચાલન અને નિભાવ ખર્ચ, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ફાળવવામાં આવશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબોની રજૂઆત માટે વિનિયમો જાહેર કરે એટલે વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ વિતરણ વાયર ધંધાના વિભાજીત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૮૨. **ધંધાકીય યોજના :**

૮૨.૧ આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ કરેલી રીતે વિતરણ પરવાનેદાર ધંધાકીય યોજના રજૂ કરશે.

૮૩. **મૂડી રોકાણ યોજના :**

૮૩.૧ વિતરણ પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, વિતરણ ઘટમાં ઘટાડો, પુરવઠાની ગુણવત્તામાં સુધારો, વિશ્વસનીયતા, મીટર-વ્યવસ્થા, ગ્રાહકસેવા વગેરેની જરૂરિયાતો પહોંચી વળવા નિયંત્રણ મુદતના દરો વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના નાણાં-ધિરાણ યોજના તથા ભૌતિક લક્ષ્યાંકો, ધંધાકીય યોજનાના ભાગ તરીકે મંજૂરી માટે આયોગને રજૂ કરશે.

૮૩.૨ વિતરણ પરવાનેદારે કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવા મહત્તમ મૂડી રોકાણ સુનિશ્ચિત કરવું જોઇશે અને આયોગ દ્વારા ઠરાવેલ કામગીરી ધોરણો પરિપૂર્ણ કરવા જોઇશે.

૮૪. **મૂડી ખર્ચ :**

૮૪.૧ વિતરણ પરવાનેદારની મંજૂર કરેલી ધંધાકીય યોજના ૧લી એપ્રિલ,૨૦૧૧ના રોજ કે તે પછી શરૂ કરાયેલ કોઇપણ મૂડી ખર્ચ પરિયોજના માટે દરેક નાણાંકીય વર્ષ માટે વાર્ષિક પરવાનગીપાત્ર મૂડી ખર્ચ નક્કી કરવાનો આધાર બનશે.

૮૪.૨ આવી પરિયોજના શરૂ થયાની તારીખથી તે શરૂ થયાની તારીખ સુધી વાર્ષિક પરવાનગીપાત્ર મૂડી ખર્ચનો કુલ સરવાળો, દરેક મૂડી ખર્ચ પરિયોજના માટે આવી પરિયોજનાનું મૂળ ખર્ચ બનશે.

૮૪.૩ વિનિયમ-૩૫ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મૂડી ખર્ચ મંજૂર કરવામાં આવશે.

૮૫. **એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી :**

૮૫.૧ **ઇકવિટી પર રીટર્ન :**

૮૫.૧.૧ વિતરણ પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૩૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધા માટે ઇકવિટી પર રીટર્ન મળશે.

૮૫.૨ **લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ખર્ચ :**

૮૫.૨.૧ વિતરણ પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૩૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતના મૂલ્ય પર ઘસારા ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે.

૮૫.૩ **ઘસારા ખર્ચ :**

૮૫.૩.૧ આ વિનિયમોના વિનિયમ ૪૦ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતોના મૂલ્ય પરનું ઘસારા ખર્ચ વસૂલ કરવાની વિતરણ પરવાનેદારને છૂટ રહેશે.

૮૫.૪ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) સંચાલન અને નિભાવ ખર્ચ આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧ માર્ચ, ૨૦૧૦ના રોજ પૂરા થતાં ત્રણ(૩) વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે મેળવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ ૩૧મી માર્ચ,૨૦૦૧ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૪%ના વૃદ્ધિ ફેકટરે વધારવામાં આવશે.

INDEX

(ગ) તે પછીના દરેક વર્ષે સંચાલન અને નિભાવ ખર્ચ નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે મળવાપાત્ર સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨ના વૃદ્ધિ ફેકટરે ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે ઉપર નક્કી કરેલ આધાર ખચને વધારીને નક્કી કરવામાં અવશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખે ત્રણ(૩) કરતાં ઓછા વર્ષ માટે સંચાલન ચાલુ રાખ્યું હોય તો સંચાલન અને નિભાવ ખર્ચ કેસથી કેસના ધોરણે નક્કી કરવામાં આવશે.

૮૫.૫ **કાર્યકારી મૂડી પર વ્યાજ :**

૮૫.૫.૧ વિતરણ પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૪૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિતરણ વાયરના ધંધા માટે કાર્યકારી મૂડીનાં અંદાજી સપાટીએ વ્યાજને છૂટ રહેશે.

૮૫.૬ **આકસ્મિક અનામત ખાતે ફાળો :**

૮૫.૬.૧ વિતરણ પરવાનેદારે આકસ્મિક અનામત ખતે વિનિયોગ કર્યો હોય તો સ્થાયી અસ્કયામતોના મૂળ ખર્ચના વધુમાં વધુ ૦.૫ ટકા રકમ એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરીમાં આવા વિનિયોગ માટે વાર્ષિક છૂટ અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ સ્થાયી અસ્કયામતોના મૂળ ખર્ચ કરતાં પાંચ(૫) ટકા વધી જાય તો ઉક્ત અધિકતમ રકમ ઉપરંત અનામત રકમ વધારવાની અસર થાય તો આવા વિનિયમોને છૂટ અપાશે નહીં.

પરંતુ આ રીતે વિનિયોગ કરાયેલી રકમનું નાણાંકીય વર્ષ પૂરૂં થયાના છ મહિનાની મુદતમાં ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમ હેઠળ અધિકૃત જામીનગીરીઓ રોકાણ કરશે.

૮૫.૬.૨ આયોગે મંજૂર કર્યા પ્રમાણે નીચે મુજબના ખર્ચને પહોંચી વળવા સિવાય લાઇસન્સની મુદત દરમ્યાન આકસ્મિક અનામતની રકમ ઉપાડાશે નહીં.

(ક) મેનેજમેન્ટથી નિવારી શકાય તેવા અકસ્માતો, કુદરતી આફતો કે સંજોગોથી થતાં ખર્ચ કે નફામાં નુકશાન

(ખ) સાધારણ નિભાવ કે નવીકરણ માટે જરૂરી ખર્ચ સિવાયનું પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે રદ કરવા માટેનું અન્ય ખર્ચ

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અન્વયે ચૂકવવાપાત્ર વળતર જે માટે બીજી કોઇ જોગવાઇ કરાતી નથી.

પરંતુ આકસ્મિક અનામતમાંથી આવો ઉપાડ વીમા કવરના ભાગ તરીકે પરવાનેદારને મળેલ હોય તેવા કોઇ વળતર માટે યોગ્ય સમાયોજન કર્યા પછી ગણવામાં આવશે.

૮૫.૬.૩ ઉપર દશાવેલ આકસ્મિક અનામતના મૂલ્યમાં પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજન કરવા કોઇ મૂલ્ય અંકિત કરવા દેવામાં આવશે નહીં.

૮૬. **બિનશુલ્ક આવક :**

૮૬.૧ આયોગ દ્વારા મંજૂર કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધાને લગતા બિન-પ્રશુલ્ક આવકની રકમ વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાને વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આયોગને વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા કરેલી તેની અરજીની સાથોસાથ બિનપ્રશુલ્કની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

બિનપ્રશુલ્ક આવક માટે વિચારવાનાં વિવિધ સદરોની નિર્દેશક યાદી :

(ક) જમીન કે મકાનના ભાડામાંથી આવક

(ખ) ભંગારના વેચાણમાંથી આવક

(ગ) વૈદ્યાનિક રોકાણોમાંથી આવક

(ઘ) મોડા અથવા મૂલત્વી રાખેલા બીલોના ચૂકવણા પરનું વ્યાજ

(ચ) સપ્લાયરો/કોન્ટ્રાકટરોનાણ ધિરાણ પરનું વ્યાજ

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું

(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું

(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ચાર્જની આવક

(ટ) જાહેર ખબરો વગેરેમાંથી આવક

(ઠ) પ્રકીર્ણ આવક

(ડ) પુરવઠાકારોને પેશગી પર વ્યાજ

(ઢ) ભૌતિક ખરાઇ પર જણાયેલો વધારો

(ણ) મુદત પૂર્વે આવક

પરંતુ વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાને અનુરૂપ ઇકવિટી પરના રિટર્નમાંથી કરેલા રોકાણમાંથી ચર્જિત વ્યાજ બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૮૭. **અન્ય ધંધામાંથી આવક :**

૮૭.૧ વિતરણ પરવાનેદાર અન્ય કોઇ ધંધામાં રોકાયેલો હોય ત્યાં આવા અન્ય ધંધાને કારણે થયેલ તમામ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચ બાદ કર્યા પછી આવા બીજા ધંધામાંથી થતી આવકના એક તૃતિયાંશ જેટલી રકમ વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાનું વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા અંગે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબોની રજૂઅત માટે વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નિર્ણય અને તેને ચોક્કસ કરવા માટેની અરજીઓ નિયંત્રણ હિસાબો પર આધારિત રહેશે.
પરંતુ વધુમાં આવા અન્ય ધંધાના સીધા અને પરોક્ષ ખર્ચની કુલ રકમ આવા બીજા ધંધામાંથી મળતાં મહેસૂલ કરતાં વધી જાય ત્યાં આવા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઇ રકમ ઉમેરવા દેવામાં આવશે નહીં.

વધુમાં આ વિનિયમોમાં સમાવિષ્ટ ન હોય તેવું કશું વીજળી વિતરણમા ધંધામાં અધિનિયમ શરૂ થતાં પહેલાં રોકાયેલા સ્થાનિક તંત્રને લાગુ પડશે નહીં,

૮૮. **વ્હીલીંગ ચાર્જ નક્કી કરવો :**

૮૮.૧ આયોગ અધિનિયમની કલમ-૬૪ની પેટા કલમ(૩) અન્વયે પસાર કરેલા તેના હુકમમાં વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાના વ્હીલીંગ ચાર્જ નિર્દિષ્ટ કરશે.

પરંતુ સમાન વિતરણ પરવાનેદર પાસેથી વીજળીને પુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ચાર્જમાં આયોગ આવા હુકમમાં નિયત કરે તે પ્રમાણે સંયુકતપણે સ્થાયી/ માંગણા ચાર્જ અને પરિવર્તી ચાર્જ સમાવિષ્ટ કરી શકશે.

પરંતુ ઉપર્યુક્ત પરંતુક હેઠળ વિતરણ સિસ્ટમના વપરાશકર્તા દ્વારા ચૂકવાયેલ વ્હીલીંગ ચાર્જમાંથી થતી આવક પ્રકરણ-૭ના વિનિયમો અનુસાર સંબંધિત વિતરણ પરવાનેદારના છૂટક ગ્રાહકો પાસેથી વસૂલ કરવાના વાયર ધંધાની એકંદર મહેસૂલી જરૂરિયાત ઘટાડવા માટે વાપરવામાં આવશે.

૮૯. **વધારાના સરચાર્જને કારણે આવક :**

૮૯.૧ ૨૦૦૫ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વીજળી નિયંત્રણ આયોગ (આંતર-રાજ્ય પ્રવાહન અને વિતરણ અંગે ખુલ્લો પ્રવેશ)વિનિયમો અનુસાર આયોગે મંજૂર કર્યા મુજબ વિતરણ વાયર ધંધાના ચાર્જ પરના વધારાના સરચાર્જની રીતે વિતરણ પરવાનેદારને, વિતરણ પરવાનેદાર સાથે સંકળાયેલ ગ્રાહકો પાસેથી મળેલી રકમ આવા વિતરણ પરવાનેદારનું વ્હીલીંગ ચાર્જ ગણવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૯૦. **વ્હીલીંગ ખાદ્ય :**

૯૦.૧ વિતરણ પરવાનેદાર વિતરણ સિસ્ટમના સંચાલનમાંથી નિષ્પક્ષ મંજૂર કરેલ સ્તરની વ્હીલીંગ ઘટ, વસ્તુ સ્વરૂપે વસૂલ કરી શકશે.

વધુમાં આયોગ વિતરણ પરવાનેદારને દાખલ કરેલ ધંધાકીય યોજના પરના હુકમના ભાગ તરીકે આ વિનિયમો અનુસાર વ્હીલીંગ ખાદ્ય માટે માર્ગ નક્કી કરી શકશે.

પરંતુ વધુમાં વ્હીલીંગ ખાદ્યની ખરેખરી સપાટી અને મંજૂર કરેલી સપાટી વચ્ચેના કોઇપણ તફાવતને આ વિનિયમોમાં જોગવાઇ કરાયેલ તંત્ર વ્યવસ્થા અનુસાર નિયંત્રણ મુદતના દરેક વર્ષે ચોક્કસ કરવાના ભાગ તરીકે હાથ ધરવામાં આવશે.

૯૧. **વાયરોની પ્રાપ્યતા :**

૯૧.૧ વાયરના ધંધા માટેની ઇકવિટી પર પૂરેપૂરી વસૂલાત માટે લક્ષ્યાંક વાયર પ્રાપ્યતા નીચે મુજબ રહેશે.

(ક) ગ્રામીણ વિસ્તારો ૯૦ ટકા
(ખ) નગરો અને શહેરો ૯૫ ટકા

પરંતુ આયોગ વિતરણ પરવાનેદારે દાખલ કરેલ ધંધાકીય યોજનાના ભાગ તરીકે વિતરણ પરવાનેદારના વાયરના ધંધા માટે પ્રાપ્યતા લક્ષ્યાંક હાંસલ કરવાનો માર્ગ નક્કી કરી શકશે.

પરંતુ વાયર પ્રાપ્યતાની સાથોસાથ પ્રાપ્યતા લક્ષ્યાંક અંગે ઓછી થતી સિદ્ધિના દરેક ૧ ટકા માટે ઇકવિટી પરના રિટર્નનો દર ૦.૧% સુધી ઘટાડાશે.

પરંતુ વાયરની પ્રાપ્યતાની સાથોસાથ પ્રાપ્યતા લક્ષ્યાંકમાં ૧ ટકાની વધુ સિદ્ધિ માટે ઇકવિટી પરના રિટર્નના દરનો ૦.૧% સુધીનો વધારો થશે.

૯૧.૨ વાયર પ્રાપ્યતા નીચેની ફોર્મ્યુલા અનુસાર વર્ષ માટે ગણી કાઢવામાં આવશે.

વાયર પ્રાપ્યતા = (1- (SAIDI / 8760)) x 100;

જ્યાં

SAIDI ની ગણતરી ૨૦૦૫ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનાં ધોરણો) વિનિયમોમાં નિર્દિષ્ટ ફોર્મ્યુલા અનુસાર કરાશે.

-: પ્રકરણ-૭ :-
વીજળીનો છૂટક પુરવઠો :

૯૨. **લાગુ પડવું તે :**

૯૨.૧ આ વિનિયમો વિતરણ પરવાનેદાર દ્વારા તેના ગ્રાહકોને મોકલાતા છૂટક વીજળી પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવા લાગુ પડશે.

૯૩. **પ્રશુલ્કના ઘટકો :**

૯૩.૧ વિતરણ પરવાનેદારનાં છૂટક પુરવઠા માટેના પ્રશુલ્કમાં આયોગે નક્કી કર્યા પ્રમાણે નાણાંકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઇ કરાશે અને તેમાં નીચેનાનો સમાવેશ કરાશે.

(ક) ઇકવિટી પર રિટર્ન
(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જ
(ગ) ઘસારા ખર્ચ
(ઘ) પોતાનું વીજ ઉત્પાદન ખર્ચ/ વીજ ખરીદી ખર્ચ
(ચ) પ્રવહન ચાર્જીસ
(છ) સંચાલન અને નિભાવ ખર્ચ
(જ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને ગ્રાહક સુરક્ષા અનામત
(ઝ) માંડવાળ કરેલ ખરાબ દેવું, કોઇ હોય તો
(ટ) સમાન વિતરણ પરવાનેદાર પાસેથી વીજ પુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ખર્ચમાંથી આવક બાદ કર્યા પછી આ વિનિયમોના પ્રકરણ-૬ અન્વયે નક્કી કર્યા પ્રમાણે વાયર વિતરણ ધંધા માટે બાકીની એકંદર મહેસૂલી જરૂરિયાત

બાદ:

(ઠ) બિન-પ્રશુલ્ક આવક
(ડ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ માત્રા સુધી અન્ય ધંધામાંથી આવક
(ઢ) સામી-સહાયકી સરચાર્જને કારણે આવક

પરંતુ સામી-સહાયકીના સરચાર્જને કારણે મહેસૂલી આવકને, ઓડિટ કરેલા હિસાબો મુજબ ખરેખરી આવક પર આધારિત વ્યાયમને ચોક્કસ કરવાના સમયે વિચારણામાં લેવાશે.

૯૩.૨ વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક છૂટક પુરવઠા વિતરણ ધંધાના વિભાજિત હિસાબોને ધોરણે આયોગ દ્વારા નક્કી કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે ઓડિટ કરેલ અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે ત્યાં કોઠા-૧૭માં આપ્યા મુજબ ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

પરંતુ સંચાલક અને નિભાવ ખર્ચની ટકાવારી માટે વેઇટેડ સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવા મૂલ્ય તરીકે કર્મચારી ખર્ચ, વહીવટી અને સામાન્ય ખર્ચ તથા મરામત અને વિભાગ ખર્ચ માટે ફાળવણી મેટ્રિક્સમાં નિર્દિષ્ટ ટકાવારી નિયત કરીને સંચાલન અને નિભાવ ખર્ચ, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ફાળવવામાં આવશે.

INDEX

પરંતુ આયોગ એકવાર નિયંત્રણના હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે પછી વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠાનું પ્રશુલ્ક છૂટક વિતરણ પુરવઠા ધંધાના વિભાજિત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૯૩.૩ વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક વેપાર માટેનું પ્રશુલ્ક આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર વિતરણ પરવાનેદારે કરેલ પ્રશુલ્ક નિર્ણયની અરજીને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૯૩.૪ આયોગે નક્કી કરેલા પ્રશુલ્ક અને ચાર્જીસ પર ગ્રાહકોને રિબેટ આપવાની વિતરણ પરવાનેદારને છૂટ મળશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તે રીત અને ધંધામાં દર ત્રિમાસે આવા રિબેટની વિગતો આયોગને પૂરી પાડશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આપેલ આવા રિબેટની અસર સંપૂર્ણપણે વિતરણ પરવાનેદાર ભોગવશે અને આવા રિબેટની અસર કોઇપણ સ્વરૂપે ગ્રાહકો સુધી જવા દેવામાં આવશે નહીં.

૯૪. **ધંધાકીય યોજના :**

૯૪.૧ વિતરણ પરવાનેદાર આયોગે વખતોવખત નક્કી કર્યા પ્રમાણે આ વિનિયમોના પ્રકરણ-૨માં નિયત કરેલી રીતે પૂરેપૂરી વિગતો સાથે ધંધાકીય યોજના રજૂ કરશે.

૯૫. **મૂડી રોકાણ યોજના :**

૯૫.૧ વિતરણ પરવાનેદાર દરેક વર્ષે વીજભાર વૃદ્ધિ વિતરણ ઘટમાં ઘટાડો, વસૂલાત કાર્યક્ષમતામાં વધારો, મીટર વ્યવસ્થા, ગ્રાહક સેવા વિગેરેને પહોંચી વળવા નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના, નાણાં ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંકો ધંધાકીય યોજનાના ભાગ તરીકે મંજૂરી માટે આયોગને રજૂ કરશે.

૯૫.૨ વિતરણ પરવાનેદારે કાર્યક્ષમતા ઉત્પાદકતા વધારવા અને આયોગે નિયત કરેલ કામગીરી ધોરણો પહોંચી વળવા અધિકતમ રોકણ સુનિશ્ચિત કરવું જરૂરી બનશે.

૯૫.૩ વિતરણ પરવાનેદાર આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મૂડી રોકાણ યોજના રજૂ કરશે.

૯૬. **મૂડી ખર્ચ :**

૯૬.૧ વિતરણ પરવાનેદારની મંજૂર કરયેલ ધંધાકીય યોજના ૧લી એપ્રિલ-૨૦૧૧ના રોજ કે તે પછી શરૂ કરાયેલ કોઇપણ મૂડી ખર્ચ પરિયોજના માટે દરેક નાણાંકીય વર્ષ માટેનું વાર્ષિક પરવાનગીપાત્ર મૂડી ખર્ચ નક્કી કરવાનો આધાર બનશે.

૯૬.૨ દરેક મૂડી ખર્ચ પરિયોજના માટે આવી પરિયોજના માટે આવી પરિયોજના શરૂ થયાની તારીખથી કામની સોંપણી થાય તે તારીખ સુધી પરવાનગીપાત્ર મૂડી ખર્ચનો કુલ સરવાળો આવી પરિયોજનાનું મૂળ ખર્ચ બનશે.

૯૬.૩ મૂડી ખર્ચને વિનિયમ-૩૫ માં જોગવાઇ કર્યા પ્રમાણે માન્ય કરાશે.

૯૭. **વેચાણની આગાહી :**

૯૭.૧ વિતરણ પરવાનેદાર આયોગને આ નિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ધંધાકીય યોજનાની સાથે દરેક પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગને અને આવા પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગની અંદર દરેક પ્રશુલ્ક સ્લેબ/તબક્કાએ વીજળીના વેચાણની આગાહી મંજૂરી માટે રજૂ કરશે.

૯૭.૨ વિતરણ પરવાનેદાર ધંધાકીય યોજના અંગેની મંજૂર કરાયેલ વેચાણ આગાહી પર આધાર રાખીને પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજી રજૂ કરશે.

૯૭.૩ વેચાણ આગાહી આ વિનિયમો અન્વયે ધંધાકીય યોજનાના ભાગ તરીકે રજૂ કરાયેલ લાંબા ગાળાની વીજ પ્રાપ્તિ યોજનાના ભાગ તરીકે તૈયાર કરાયેલ વીજભાર આગાહી સાથે સુસંગત રહેશે.

પરંતુ આયોગે કોઇ ચોક્કસ પ્રશુલ્ક વર્ગને વેચાણની આગાહી કરવા જ્યાં આયોગે પદ્ધતિ વિજ્ઞાન નક્કી કર્યું હોય ત્યાં, વિતરણ પરવાનેદાર આવા પ્રશુલ્ક વર્ગ માટે વેચાણની આગાહી વિકસાવવાની આવા પદ્ધતિ વિજ્ઞાનનો સમાવેશ કરશે.

૯૮. **એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી :**

૯૮.૧ **ઇકવિટી પર રિટર્ન :**

૯૮.૧.૧. વિતરણ પરવાનેદાર આ વિનિયમોના વિનિયમ-૩૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે છૂટક પુરવઠા ધંધા માટે ઇકવિટી પર રિટર્ન આપવાની છૂટ આપશે.

૯૮.૨ **લોન મૂડી પર વ્યાજ અને નાણાં ધિરાણ ચાર્જીસ :**

૯૮.૨.૧ વિતરણ પરવાનેદારોને આ વિનિયમોના વિનિયમ-૩૮માં નિર્દિષ્ટ કર્યા મુજબ છૂટક પૂરવઠા ધંધા પર લોન મૂડી પર વ્યાજ અને ધિરાણ ખર્ચ મંજૂર કરાશે.

૯૮.૩ **ધસારા ખર્ચ :**

INDEX

૯૮.૩.૧ વિતરણ પરવાનેદારને આ વિનિયમોના વિનિયમ-૪૦ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે છૂટક પુરવઠા ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતના મૂલ્ય પર ઘસારા ખર્ચ વસૂલ કરવાની પરવાનગી અપાશે.

૯૮.૪ **વીજ ઉત્પાદન/ વીજળી ખરીદીનું ખર્ચ:**

૯૮.૪.૧ વિતરણ પરવાનેદારને આયોગે મંજૂર કરેલ વિતરણ પરવાનેદારની વીજ પ્રાપ્તિ યોજનાને આધારે વીજ ઉત્પાદન ધંધા દ્વારા ઉત્પાદિત અથવા ગ્રાહકોને પૂરી પાડવા મંજૂર કરેલા સ્ત્રોતોમાંથી ખરીદેલી વીજળીનું ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે.

૯૮.૫ **પ્રવાહન ખર્ચ :**

૯૮.૫.૧ આ વિનિયમોના પ્રકરણ-૮ અન્વયે આયોગે મંજૂર કરેલ પ્રશુલ્ક અનુસાર આંતર રાજ્ય પ્રવાહન સિસ્ટમમાં પ્રવેશ કરવા અને ઉપયોગ કરવા ચૂકવવાપાત્ર પ્રવાહન ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે.

૯૮.૬ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) સંચાલન અને નિભાવ ખર્ચ આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧ માર્ચ, ૨૦૧૦ના રોજ પૂરા થતાં ૩(ત્રણ) વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને અધારે મેળવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ ૩૧ માર્ચ,૨૦૦૯ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે સંચાલને નિભાવ ખર્ચ મેળવવા ૪% ના વૃદ્ધિ ફેકટરનો વધારો કરાશે.

(ગ) તે પછીના દરેક વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે પરવાનગીપાત્ર સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨%ના વૃદ્ધિ ફેકટરે ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે ઉપર નક્કી કરેલ આધાર ખર્ચ વધારીને નક્કી કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યા તે તરીખથી ત્રણ(૩) વર્ષ કરતાં ઓછા સમયથી સંચાલન કરતો હોય તો સંચાલન અને નિભાવ ખર્ચ કેસ-કેસના ધોરણે નક્કી કરશે.

૯૮.૭ **કાર્યકારી મૂડી પર વ્યાજ :**

૯૮.૭.૧ આ વિનિયમોના વિનિયમ-૪૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે છૂટક પુરવઠા ધંધા માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તર પર વ્યાજ લેવાની વિતરણ પરવાનેદારને છૂટ રહેશે.

૯૮.૮ **માંડવાળ કરવાનું ખરાબ દેવું :**

૯૮.૮.૧ આયોગ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી પસાર થવાના માર્ગ તરીકે ખરાબ દેવું માંડવાળ કરવાની છૂટ રહેશે.

૯૯. **બિન-પ્રશુલ્ક આવક :**

૯૯.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે વીજળીના છૂટક પુરવઠાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટેનું પ્રશુલ્ક ગણી કાઢવાની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી કપાત કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, પ્રશુલ્ક નક્કી કરવા માટેની તેની અરજીની સાથોસાથ આયોગને બિનપ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

બિન પ્રશુલ્ક આવક માટે વિચારણામાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે..

(ક) જમીન કે મકાનના ભાડામાંથી આવક
(ખ) ભંગારના વેચાણમાંથી આવક
(ગ) વૈદ્યાનિક રોકાણમાંથી આવક
(ઘ) બિલોની વિલંબિત કે સ્થગિત ચુકવણી પર વ્યાજ
(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ
(છ) સ્ટાફ નિવાસોનું ભાડું
(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું
(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ચાર્જની આવક
(ટ) જાહેર ખબરો વગેરેમાંથી આવક
(ઠ) મીટર/મીટરની સાધન સામગ્રી/સર્વિસ લાઇનનું ભાડું
(ડ) સર્વિસ ચાર્જ
(ઢ) ગ્રાહક ચાર્જ
(ણ) મોડી ચૂકવણીના સરચાર્જમાંથી આવક
(ત) વીજળીની ચોરી અને નાની તફડંચી માટે વસૂલાત
(થ) પ્રકીર્ણ આવક
(દ) મુદત પૂર્વેની આવક

INDEX

પરંતુ વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાને અનુરૂપ ઇકવિટી પર રિટર્નમાંથી કરેલ રોકાણમાંથી ચર્જિત વ્યાજ, બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

પરંતુ ચાલુ વીજળી ખરીદી સમજૂતિઓ અથવા વિતરણ પરવાનેદારને ફાળવેલ જથ્થાબંધ પુરવઠા ક્ષમતાનો ઉપયોગ કરીને અધિનિયમની કલમ-૪૯ અનુસાર અન્ય વિતરણ પરવાનેદારો કે ગ્રાહકોને વીજળીનું વેચાણ કરીને વિતરણ પરવાનેદારે મેળવેલી કોઇપણ આવક પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી ઘટાડવામાં આવશે.

૧૦૦. અન્ય ધંધામાંથી આવક :

૧૦૦.૧ વિતરણ પરવાનેદર બીજા કોઇ ધંધામાં રોકાયેલો હોય ત્યાં આવા બીજા ધંધાને કારણે થયેલ સીધા અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા ધંધામાંથી થયેલ આવકના એક તૃતીયાંશ જેટલી રકમ, વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠામાંથી પ્રશુલ્ક ગણવા એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદર, વિતરણ ધંધા અને અન્ય ધંધા વચ્ચે તમામ સંયુક્ત અને સામાન્ય ખર્ચની ફાળવણી માટે યોગ્ય આધારને અનુસરશે અને પ્રશુલ્ક નક્કી કરવા માટેની તેની અરજીની સાથે વૈધાનિક ઓડિટરો મારફત યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક આયોગેને રજૂ કરશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રક હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નક્કી કરવાની અરજીઓ અને તેને ચોક્કસ કરવાની અરજીઓ નિયંત્રણ હિસાબોને આધારે કરાશે.

પરંતુ આવા અન્ય ધંધાના સીધા અને પરોક્ષ ખર્ચનો કુલ સરવાળો આવા અન્ય ધંધામાંથી થયેલી આવક કરતા વધી જાય ત્યાં, આવા બીજા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવાની છૂટ અપાશે નહીં.

પરંતુ આ વિનિયમોમાં સમાવિષ્ટ ન કરાયું હોય તેવું કશું અધિનિયમ અમલમાં આવતાં પહેલાં વીજળી વિતરણ ધંધામાં રોકાયેલ સ્થાનિક તંત્રને લાગુ પડશે નહીં.

૧૦૧. સામી સહાયકી સરચાર્જને કારણે આવક :

૧૦૧.૧ વિતરણ પરવાનેદારને વખતોવખત સુધારેલ ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિતંત્રક આયોગ(આંતર રાજ્ય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) વિનિયમો અનુસાર આયોગે મંજૂર કર્યા પ્રમાણે સામી-સહાયકીના સરચાર્જની રીતે મળેલી રકમ તેની ચોકસાઇ કરતી વખતે આવા વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક ગણતી વખતે એકંદર મહેસૂલ જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૧૦૨. વિતરણ ઘટ :

૧૦૨.૧ વિતરણ પરવાનેદાર વીજળીના છૂટક પુરવઠામાં જતી વિતરણ ઘટ, મંજૂર કરેલ સપાટી સુધી વસૂલ કરશે.

પરંતુ આયોગ વિતરણ પરવાનેદારે દાખલ કરેલી ધંધાકીય યોજના અંગેના હુકમના ભાગ તરીકે આ વિનિયમો અનુસાર વીજળીના છૂટક પુરવઠા માટેની વિતરણ ઘટ અંગેનો માર્ગ (ટ્રેજેકટરી) નિયત કરશે.

પરંતુ આયોગ વિતરણ પરવાનેદારે દાખલ કરેલી ધંધાકીય યોજના અંગેના હુકમના ભાગ તરીકે આ વિનિયમો અનુસાર વીજળીના છૂટક પુરવઠા માટેની વિતરણ ઘટ અંગેનો માર્ગ (ટ્રેજેકટરી) નિયત કરશે.

પરંતુ વિતરણ ઘટની ખરેખરી સપાટી અને માન્ય સપાટી વચ્ચેના કોઇપણ ફેરફારને ચોક્કસ કરવાના વ્યાયામના ભાગ તરીકે હાથ ધરાશે.

અમદાવાદ
તા.૨૨-૦૩-૨૦૧૧

ડૉ.કેતન શુકલ
સચિવ

INDEX

જોડાણ-૧

ઘસારા ખર્ચ અનુસુચિ

	અસ્કયામતોનુંવર્ણન	ઘસારા-ખર્ચ(સીધી લાઇનમાં(%)
ક.	પૂરેપૂરા માલિકી હક્ક હેઠળની જમીન	
ખ.	પટા હેઠળની જમીન (ક)જમીનમાં રોકાણ માટે (ખ)સ્થળ પરનું સફાઇ ખર્ચ (ગ)જળવિદ્યુત ઉત્પાદન મથકમાં જળાશય માટેની જમીન	 ૩.૩૪ ૩.૩૪ ૩.૩૪
ગ.	નવી ખરીદેલી અસ્કયામતો (ક) પ્લાન્ટ ફાઉન્ડેશન સહિત વીજઉત્પાદન મથકોમાં પ્લાન્ટ અને યંત્ર સામગ્રી (૧) જળ વિદ્યુત (૨) બાષ્પ વિદ્યુત NHRS અને નકામી ગરમી પાછી મેળવવાના બોઇલરો/પ્લાન્ટ (૩) ડિઝલ વીજળી અને ગેસ પ્લાન્ટ (ખ) કુલિંગ ટાવર અને પરિભ્રમણ કરતી જળ વ્યવસ્થા (ગ) નીચેના સહિત જળ વિદ્યુત સિસ્ટમનો ભાગ બનતાં હાઇડ્રોલિક કામો : (૧) બંધ, છલતી, ચાકબંધ, નહેરો, પ્રબલિત કોંક્રિટ ફ્લુમ અને સાઇફન (૨) પ્રબલિત કોન્ક્રિટની પાઇપલાઇનો અને મોટાં (surge) તળાવો, સ્ટીલ પાઇપલાઇનો, સ્લુઇસ દરવાજા, સ્ટિલ સર્જ(તળાવો) હાઇડોલિક નિયંત્રક વાલ્વ તથા અન્ય હાઇડ્રોલિક કામો	 ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮
ઘ.	કાયમી સ્વરૂપનાં મકાન અને બાંધકામ ઇજનેરી કામો (૧)કચેરીઓ અને શૉ-રૂમો (૨)થર્મો-વીજળી ઉત્પાદન પ્લાન્ટ રાખવો (૩)જળ વિદ્યુત ઉત્પાદન પ્લાન્ટ રાખવો (૪)લાકડાની સંરચના તેવું કામચલાઉ બાંધકામ (૫)કાચા માર્ગો સિવાયના માર્ગો (૬)અન્ય	 ૩.૩૪ ૩.૩૪ ૩.૩૪ ૧૦૦ ૩.૩૪ ૩.૩૪
ચ.	ટ્રાન્સફોર્મરો, ટ્રાન્સફોર્મર (કિયોસ્ક) પેટા-મથક સાધન સામગ્રી અને અન્ય સ્થાયી સાધનો(પ્લાન્ટ ફાઉન્ડેશન સહિત) (૧) ૧૦૦ કિલો વોલ્ટ અને તેથી વધુ વોલ્ટના એમ્પિયરોનું રેટિંગ ધરાવતાં ટ્રાન્સફોર્મરો(ફાઉન્ડેશન સહિત) (૨) અન્ય	 ૫.૨૮ ૫.૨૮
છ	કેબલ જોડાણો સહિત સ્વિચ ગિયર	
જ.	વીજળી રોધકો (૧) સ્થાયી પ્રકાર (૨) ધ્રુવીય પ્રકાર (૩) સમકાલિક કન્ડેન્સર	 ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮
ઝ	બેટરી (૧)સંયુક્ત પેટીઓ અને જોડાણ વિનાની પેટીઓ સહિત ભૂગર્ભ કેબલ	૫.૨૮

INDEX

	(૨)કેબલ ડક્ટ સિસ્ટમ (૧) ૬૬kv કરતા વધુ નામના વોલ્ટેજે સંચાલિત સહિત ટેકા પરની લાઇનો (૨) ૧૩.૨ કિ.વો કરતાં ઉંચા પરંતુ ૬૬ કિ.વો કરતાં વધુ નહીં તેવા નામના વોલ્ટેજે સ્ટીલના ટેકાઓ પર લાઇનો (૩) સ્ટીલ કે પ્રબલિત કોંક્રિટ ટેકાઓ પર લાઇન (૪) પ્રક્રિયા કરાયેલ લાકડાના ટેકા પર લાઇનો	૫.૨૮ ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮ ૫.૨૮
ટ	મીટરો	૫.૨૮
ઠ	જાતે ચાલતાં વાહનો	૯.૫૦
ડ	એરકન્ડિશનિંગ પ્લાન્ટ (૧) સ્થાયી (૨) હેરફેર થઇ શકે તેવા	 ૫.૨૮ ૯.૫૦
ઢ	(૧)ઓફિસ ફર્નિચર અને ફિટિંગ્સ (૨)ઓફિસ સાધન-સામગ્રી (૩)ફિટીંગ અને સાધનો સહિત અંદરનું વાયરિંગ (૪)શેરીની બત્તીઓનું ફિટીંગ	૬.૩૩ ૬.૩૩ ૬.૩૩ ૫.૨૮
ણ	ભાડેથી આવેલ સાધનો (૧) મોટરો સિવાય અન્ય (૨) મોટરો	 ૯.૫૦ ૬.૩૩
ત	સંદેશા વ્યવહાર સાધન-સામગ્રી (૧) રેડિયો અને ઉંચી ફ્રિકવન્સીવાળી કેરિયર સિસ્ટમ (૨) ટેલિફોન લાઇનો અને ટેલિફોન	 ૬.૩૩ ૬.૩૩
થ	આઇ.ટી ની સાધન-સામગ્રી	૧૫
દ	સેકન્ડહેન્ડ ખરીદેલી અંસ્કયામતો અને અનુસૂચિમાં અન્યથા જોગવાઇ ન કરી હોય તેવી અસ્કયામતો	૫.૨૮

જોડાણ-૨

પ્રવાહન સિસ્ટમ પ્રાપ્યતાની ગણતરી માટે ખર્ચ-પદ્ધતિ

પ્રવાહન સિસ્ટમ પ્રાપ્યતા ગણતરી માટે કાર્યપદ્ધતિ

૧. અંગ્રેજી મહિના માટે પ્રવાહન સિસ્ટમ પ્રાપ્યતા ફેકટરની ગણતરી SLDC દ્વારા પ્રમાણિત દરેક AC અને HVDC પ્રવાહન સિસ્ટમ માટે અલગ અને પ્રવાહન ખર્ચની હિસ્સેદારી અનુસાર વર્ગીકૃત સંબંધિત પ્રવાહન પરવાનેદાર દ્વારા કરાશે.

૨. TAFM ટકાવારીમાં(૧૦૦-૧૦૦ x NAFM)ની બરાબર રહેશે, જ્યાં NAFM મહિના માટે પ્રવાહન સિસ્ટમ/પેટા-સિસ્ટમ માટે યુનિટ દીઠ બિન-પ્રાપ્યતા ફેકટર દીઠ

૩. એ.સી સિસ્ટમ/ પેટા સિસ્ટમ માટે NAFMની નીચે મુજબ ગણતરી કરાશે.

$$NAFM =$$

$$NAFM = [\sum_{l=1}^{L} (OH_l \times Cktkm_l \times NSC_l) + \sum_{t=1}^{T} (OH_t \times MVA_t \times 2.5)$$

$$+ \sum_{r=1}^{R} (OH_r \times MVAR_r \times 4)] \div THM \times [\sum_{l=1}^{L} (Cktkm_l \times NSC_l)$$

$$+ \sum_{t=1}^{T} (MVA_t \times 2.5) + \sum_{r=1}^{R} (MVAR_r \times 4)]$$

INDEX

જ્યાં
I - પ્રવાહન લાઇન પરિપથ મુકરર કરે છે
T - ટ્રાન્સફોર્મર/ICT મુકરર કરે છે
r - બસ રિએકટર અથવા SVC મુકરર કરે છે
L - લાઇન પરિપથની કુલ સંખ્યા
T - ટ્રાન્સફોર્મરો અને ICTs ની કુલ સંખ્યા
R - રિએકટર, સ્વિકારાયેલ
OM = મહિનામાં અનુપયોગી કલાકો અથવા અપ્રાપ્યતાના કલાકો, બાદ ખંડ(૫) અનુસાર પ્રવાહન પરવાનેદારને કારણે ન હોય તેવા અનુપયોગી કલાકો
ckt Km = પ્રવાહન લાઇન પરિપથની લંબાઇ કિ.મીટરમાં
NSC = ફેઝ દીઠ ગૌણ કંડકટરોની સંખ્યા
MVA = ટ્રાન્સફોર્મર/ ICT નું MVA રેટિંગ
MVAR = બસ રિએકટર, સ્વિચેબલ લાઇન રિએકટર લે SVC નું MVAR રેટિંગ (જેમાં તે કેપેસીટીવ અને ઇન્ડકટીવ ક્ષમતાઓનો સરવાળો હશે.)
THM= માસના કુલ દિવસો

૪. દરેક HVDC સિસ્ટમ માટે NAFM અલગ રીતે નીચે મુજબ ગણાશે.

$$NAFM = [\ \Sigma\ (TCR \times hours)\ ] \div [\ THM \times RC\ ]$$

જ્યાં
TCR = સિસ્ટમની પ્રવાહન ક્ષમતા ઘટાડો-મે,વો. માં
RC = સિસ્ટમની નિર્ધારિત ક્ષમતા મે.વો.માં

૫. નીચેના કારણોસર અનુપયોગી ગાળા હેઠળ પ્રવાહન ઘટકો પ્રાપ્ય હોવાનું માનવામાં આવશે.

(૧) અન્ય પ્રવાહન યોજનાના ઘટકોનો નિભાવ કે બાંધકામ માટે શટ-ડાઉનનો લાભ મળે છે. અન્ય પ્રવાહન યોજના પ્રવાહન પરવાનેદારની હોય તો SLDC સામેલ કામ માટે વ્યાજબી ગણવામાં આવેલ. માની લીધેલ પ્રાપ્યતા ગાળો પ્રતિબંધિત કરી શકશે.

(૨) SLDC ના આદેશો અનુસાર વધુ વોલ્ટતા અને સ્વિચ કરેલ રિએક્ટરોની મેન્યુઅલ ટ્રિપિંગ બંધ કરવા પ્રવાહન લાઇનની સ્વિચ ચાલુ કરવી.

૬. નીચેની આકસ્મિકતાઓ માટે પ્રવાહન ઘટકોનો નિરૂપયોગી સમય, વિચારણા હેઠળના ઘટકના કુલ સમયમાંથી બાદ કરાશે.

(૧) ઇશ્વરના કાર્યો અને પ્રવાહન પરવાનેદારના કાબૂ બહારના કુદરતી આફતોને કારણે નિરૂપયોગી સમયગાળો. આમછત્તાં SLDC ને સંતોષ આપવાની જવાબદારી પ્રવાહન પરવાનેદારની રહેશે કે નિરૂપયોગી સમય ઉપર્યુક્ત કારણોને લીધે ઉભો થયો હતો અને ડિઝાઇન નિષ્ફળતાને કારણે નહીં. આ ઘટક માટે વ્યાજબી પુર્નસ્થાપન સમય, SLDC દ્વારા વિચારાશે અને પ્રવાહન પરવાનેદાર દ્વારા વ્યાજબી સમય ઉપરાંતનો સમય પુર્નસ્થાપન માટે લેવામાં આવતો કોઇ વધારાનો સમય પ્રવાહન પરવાનેદારને કારણે થયેલ નિરૂપયોગી સમય તરીકે ગણવામાં આવશે. SLDC વ્યાજબી પુર્નસ્થાપન સમયના અંદાજ માટે પ્રવાહન પરવાનેદાર કે કોઇ નિષ્ણાતની સલાહ લઈ શકે. ERS(કટોકટી પુન:સ્થાપન સિસ્ટમ) મારફત પુર્નસ્થાપિત કરેલી સર્કિટો ઉપલબ્ધ તરીકે ગણવામાં આવશે.

પ્રવાહન પરવાનેદાર કારણભૂત ન હોય તેવા ગ્રિડ બનાવ ખલેલને કારણે ઉભો થયેલ નિરૂપયોગી સમય, દા.ત, અન્ય એજન્સીની માલિકીના પેટા-મથક કે બે(Bays)માં ફોલ્ટને કારણે પ્રવાહન પરવાનેદારના ઘ ટકમાં થતો નિરૂપયોગી સમય અને ગ્રિડમાં ગરબડને કારણે લાઇનોનું ટ્રિપિંગ ICTs, HVDC વગેરે ગ્રિડ બનાવ/ ખલેલ પછી સિસ્ટમને સામાન્ય કરતી વખતે SLDCમાંથી મળેલ આદેશ મળતાં વ્યાજબી સમયમાં ઘટકનું પુર્નસ્થાપન કરાય તો SLDCનો પુર્નસ્થાપન માટેનો આદેશ અપાયા પછી તે ઘટકને નિરૂપયોગી ગાળા માટે ઉપલબ્ધ ન હોવાનું ગણવામાં આવશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 47

REGISTERED No. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] FRIDAY, MARCH 2, 2012/PHALGUNA 12, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વેપારનો ગાળો નક્કી કરવો) (પ્રથમ સુધારો) વિનિયમો-૨૦૧૧

૨૦૧૧નું જાહેરનામા નં. ૪

૨૦૦૩ ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬ મો) ની કલમ-૧૮૧ સાથે વાંચતા કલમ-૮૬(૧)(i) અન્વયે તેમને સોંપેલી સત્તાઓ અને આ અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં વેપારનો ગાળો નક્કી કરવો વિનિયમો-૨૦૧૦ (૨૦૧૦ના જાહેરનામા નં.૧) (મુખ્ય વિનિયમ) સુધારો કરે છે.

(૧) ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ :

(૧) આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વેપારનો ગાળો નક્કી કરવો) (પ્રથમ સુધારો) વિનિયમો-૨૦૧૧ કહેવામાં આવશે.

(૨) આ વિનિયમો ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રકાશિત થાય તે તારીખથી અમલમાં આવશે.

(૨) ખંડ-૨ માં સુધારો :

મુખ્ય વિનિયમોના ખંડ-૨ માં નીચે મુજબના ફેરફાર :

"પ્રયોજ્યતા"

આ વિનિયમો આંતર રાજ્ય વિદ્યુત વેપાર માટે ટૂંકી મુદત ખરીદી ટૂંકી મુદત વેચાણ ઠેકાની સંમતિ આપનાર પરવાનેદારને લાગુ પડશે."

તારીખ : ૯મી ડિસેમ્બર, ૨૦૧૧ .
સ્થળ : અમદાવાદ.

ડૉ. કેતન શુકલ,
સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 48

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] SATURDAY, MARCH 3, 2012/PHALGUNA 13, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

NOTIFICATION

Dated 3rd March, 2012

No. BYE-1209-15270-CHH : In pursuance of sub-rule (2) of the Rule 11 of the Conduct of Elections Rules, 1961 the following is published for general information.

FORM 7 A

(See rule 10(1) of the Conduct of Elections Rules, 1961) List of Contesting Candidates Election to the Legislative Assembly from the 84-Mansa Constituency

Sr. No.	Name of Candidate	Address of Candidate	Party affiliation	Symbol allotted
1	2	3	4	5
1. Candidates of recognized National and State political parties.				
1	Thakor Babusinhji Mohansinhji	Lalgharvas, At. Dholakuva, Ta. Mansa, Dist. Gandhinagar	Indian National Congress	HAND
2	D.D.Patel	3, Vallbhanagar, At.& Po. Mansa, Ta. Mansa, Dist. Gandhinagar	Bharatiya Janata Party	LOTUS
2. Candidates of registered political parties (Other than recognized National and State Political Parties)				
		- NIL ~		
3. Other Candidates (Independent Candidates)				
3	Patel Navinchandra Atmaram	C-195, N.A.Vistar, Saldi-2, At.&Po. Saldi Ta.Dist. Mehsana	Independent	Pressure Cooker
4	Mirja Yusufbeg Husenbeg	Nayee Vas,Near Masjid, Mansa, Ta. Mansa, Dist. Gandhinagar	Independent	Auto Rickshaw

Sr. No.	Name of Candidate	Address of Candidate	Party affiliation	Symbol allotted
1	2	3	4	5
5	Rathod Ishwarsinh Nensinh	At. Khadat (Laxmipura), Ta. Mansa, Dist. Gandhinagar	Independent	Kite

Place : KALOL
Date : 03-03-2012

Sd/-(Illegible)
Returning Officer
84-Mansa Legislative Assembly
Constituency & Prant Officer, Kalol.

Gandhinagar
Dated : 3rd March, 2012

S. M. DAMOR
Additional Chief Electoral Officer,
Gujarat State.

ભારતનું ચૂંટણી પંચ
જાહેરનામું
તારીખ ૩જી માર્ચ, ૨૦૧૨

ક્રમાંક : બીવાયઈ-૧૨૦૯-૧૫૨૭૦-છ.- સને ૧૯૬૧ના ચૂંટણી સંચાલન નિયમોના નિયમ-૧૧ ના પેટા નિયમ (૨) અન્વયે નીચે મુજબ સામાન્ય માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નમુનો–૭–અ
(જુઓ ૧૯૬૧ ના ચુંટણી સંચાલન અંગેના નિયમોના નિયમ–૧૦ (૧))

હરીફ ઉમેદવારોની યાદી
૮૪–માણસા વિધાનસભા મતદાર મંડળમાંથી વિધાનસભા માટેની ચુંટણી

ક્રમ નંબર	ઉમેદવારનું નામ	ઉમેદવારનું સરનામું	પક્ષ જોડાણ	ફાળવેલુ પ્રતીક
૧	૨	૩	૪	૫
૧. રાષ્ટ્ર અને રાજ્યકક્ષાના માન્ય રાજકીય ઉમેદવારો.				
1	ઠાકોર બાબુસિંહજી મોહનસિંહજી	લાલઘરવાસ, મુ. ધોળાકુવા, તા.માણસા, જિ.ગાંધીનગર	ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ	હાથ
2	ડી.ડી.પટેલ	૩, વલ્લભનગર, મુ.પો. માણસા, તા.માણસા, જિ.ગાંધીનગર	ભારતીય જનતા પાર્ટી	કમળ
૨. નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવારો (રાષ્ટ્રના ને રાજ્યકક્ષાના માન્ય રાજકીય પક્ષો સિવાય)				
		-- શૂન્ય --		
૩. અન્ય ઉમેદવારો (અપક્ષ ઉમેદવારો)				
3	પટેલ નવીનચંદ્ર આત્મારામ	સી-૧૯૫, એન.એ. વિસ્તાર, સાલડી-૨, મુ.પો. સાલડી, તા.જિ.મહેસાણા	અપક્ષ	પ્રેસર કુકર
4	મીરજા યુસુફબેગ હુસેનબેગ	નાયીવાસ, મસ્જીદ પાસે, માણસા, તા. માણસા, જિ.ગાંધીનગર	અપક્ષ	ઓટો રીક્ષા
5	રાઠોડ ઈશ્વરસિંહ નેનસિંહ	મુ.પો. ખડાત (લક્ષ્મીપુરા), તા. માણસા, જિ. ગાંધીનગર	અપક્ષ	પતંગ

સ્થળ : કલોલ
તારીખ : ૦૩-૦૩-૨૦૧૨

સહી/-(અવાચ્ય)
ચૂંટણી અધિકારી
૮૪-માણસા વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારી, કલોલ

ગાંધીનગર
તારીખ : ૦૩-૦૩-૨૦૧૨.

એસ. એમ. ડામોર
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજ્ય

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 49

REGISTERED NO. L2/RNP/G/ GNR/ 84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] MONDAY, MARCH 5, 2012/PHALGUNA 15, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GANDHIDHAM DEVELOPMENT AUTHORITY

ADIPUR KUTCH Date:- 01-03-2012

DIRECTIONS

No. 5 GDA(5)/2012/3939.- In exercise of powers conferred by Section-6 of the Gandhidham (Development & Control on Erection of Buildings) Act, 1957, the Gandhidham Development Authority issues the following amendment to the Gandhidham (Development & Control on Erection of Buildings) Directions, 1960, as under:

(i) These Directions may be called the Gandhidham (Development & Control on Erection of Buildings) Directions (Amendment No. 51) of 2011.

(1) The word "the plots shall be allotted to weaker section community on charity basis i.e. on no loss no profit basis" be deleted from Direction No. 7(c) (b) (i).

(2) The following be added after Direction No. 7(C) (b) (i):

(ii) The Survey No. 104 of Village5 GDA(5)/2012/3939Meghpar Kumbharadi having area 40233 Sq. mt is hereby declared for residential purpose.

By Order and in the Name of the Authority,

Seal of the Authority

D. J. JADEJA,
Secretary,
Gandhidham Development Authority.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 50

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] MONDAY, MARCH 5, 2012/PHALGUNA 15, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

लोक प्रतिनिधित्व अधिनियम, 1951 की धारा 126क की उप-धारा (1) के अधीन शक्तियों का प्रयोग करते हुए तथा उक्त धारा की उप-धारा (2) के उपबंधों को ध्यान में रखते हुए, आयोग एतदद्वारा दिनांक 04-11-2012 अर्थात हिमाचल प्रदेश में मतदान का प्रथम दिन के पूर्वाहन 08:00 बजे से दिनांक 17-12-2012 अर्थात गुजरात में मतदान के अंतिम दिन के अपराहन 05:30 बजे तक के समय को ऐसे समय के रुप में अधिसूचित करता है जिसके दौरान, आयोग द्वारा दिनांक 03-10-2012 को घोषित किए गए हिमाचल प्रदेश एवं गुजरात राज्य की विधान सभाओं के सामान्य निर्वाचनों के संबंध में किसी भी मामले में किसी प्रकार का निर्गम मत सर्वेक्षण करना तथा प्रिंट या इलैक्ट्रॉनिक मीडिया अथवा किसी अन्य रीति से प्रकाशित या प्रचारित करना निषिद्ध होगा।

पुन: यह भी स्पष्ट किया जाता है कि लोक प्रतिनिधित्व अधिनियम, 1951 की धारा 126(1)(ख) के अधीन उपरोक्त सामान्य निर्वाचनों के संबंध में किसी भी इलैक्ट्रॉनिक मीडिया में किसी ओपिनियन पोल या किसी भी अन्य मत सर्वेक्षण के परिणाम सहित, निर्वाचन से संबंधित किसी भी सामग्री का प्रदर्शन करना मतदान की समाप्ति के लिए नियत किए गए समय के साथ समाप्त होने वाले 48 घंटे की कालावधि के दौरान निषिद्ध होगा।

आदेश से,
आशीष चक्रवर्ती
(आशीष चक्रवर्ती)
सचिव

Government Central Press, Gandhinagar.

Extra No. 333

REGISTERED NO.L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] FRIDAY, OCTOBER 19, 2012 / ASVINA 27, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૨.

સંદર્ભ :- (૧) રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૫)-૭૨૦૧૨-ક, તા.૨૧-૭-૨૦૧૨

(૨) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૫)-૮૨૦૧૨-ક, તા.૩-૯-૨૦૧૨

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૫)-૯૨૦૧૨-ક, તા.૧૭-૯-૨૦૧૨

-: સુધારા આદેશ :-

ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૫)-૧૦૨૦૧૨-ક.

૧. તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ સુધી મુદત પૂરી થતી ગ્રામ પંચાયતોની તા.૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ મતદાર યાદી તૈયાર કરવા વંચાણ (૧) ના તા.૨૧-૭-૨૦૧૨ ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે તથા તા.૩-૯-૨૦૧૨ અને તા.૧૭-૯-૨૦૧૨ ના આદેશથી કાર્યક્રમ જારી કરવામાં આવેલ.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આ મતદાર યાદી અનુસાર કામગીરી પૂર્ણ કરવામાં વધારે સમય આપવા વિનંતી કરતી દરખાસ્તો મળેલ છે.

સામાન્ય રીતે રાજ્ય ચૂંટણી આયોગનો અભિગમ રહેલ છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદાર યાદીઓ ક્ષતિરહિત બને. આ હકીકતને તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં સુધીમાં મુદત પૂરી થતી ગ્રામ પંચાયતોની મતદાર યાદી તૈયાર કરવા વંચાણ (૨) અને (૩) ના આદેશથી જે કાર્યક્રમ આપેલ તેના બદલે હવે નીચે પ્રમાણેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે જેથી તે મુજબ સંબંધિત મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીએ સમય મર્યાદામાં કામગીરી પૂરી કરવી.

ગ્રામ પંચાયતોની સને ૨૦૧૨ ની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાનો કાર્યક્રમ.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	વોર્ડવાર ફોટાવાળી મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ	૨૯-૧૦-૨૦૧૨
૨.	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	૦૨-૧૧-૨૦૧૨
૩.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ૩(સી)૨ અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૦૯-૧૧-૨૦૧૨
૪.	વોર્ડવાર પુરવણી ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાની તારીખ	૧૬-૧૧-૨૦૧૨
૫.	વોર્ડવાર પુરવણી સહિત ફોટાવાળી મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ	૧૯-૧૧-૨૦૧૨

૨. રાજયની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે સી.એમ.સી. લિ. ને એજન્સી તરીકે નક્કી કરેલ છે. આ એજન્સીને ફોટાવાળી મતદારયાદી માટે વોર્ડવોર જરૂરી વિગતો ઉપલબ્ધ કરાવી ચકાસણી કરી તેઓની પાસેથી હાર્ડકોપી / સોફ્ટકોપી મેળવી મતદારયાદી પ્રસિદ્ધ કરવા કાર્યવાહી કરવાની રહેશે.

૩. વિધાનસભાની તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ તા.૩૧-૮-૨૦૧૨ના રોજ આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદી ક્ષતિરહિત તૈયાર થાય તે માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા આ સાથે સામેલ છે.

અન્ય મુદ્દાઓની બાબતો સંદર્ભ (૨) માં જણાવેલા આયોગના તા.૩-૯-૨૦૧૨ તથા તા.૧૭-૯-૨૦૧૨ ના આદેશ મુજબ યથાવત રહેશે.

આદેશથી,

પી. એસ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 334

REGISTERED NO. L2/RNP/G/ GNR/ 84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] FRIDAY, OCTOBER 19, 2012/ASVINA 27, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સુધારા આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૨

વંચાણમાં લીધા :- ૧. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ન.પા-મતય-૬(૩)-૮૨૦૧૨-ક, તા. ૧૪-૮-૨૦૧૨.

૨. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ન.પા-મતય-૬(૩)-૯૨૦૧૨ તા. ૧૭-૯-૨૦૧૨.

૩. રાજ્ય ચૂંટણી આયોગના સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ન.પા-મતય-૬(૩)-૧૦૨૦૧૨-ક, તા. ૫-૧૦-૨૦૧૨.

ક્રમાંક : રાચપ-ચટણ-ન.પા.-મતય-૬(૩)-૧૦૨૦૧૨-ક .- ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૬ની કલમ-૯ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ના નિયમ-૪ થી ૭ હેઠળ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિની ઘનિષ્ટ સુધારણાના અંતે પ્રસિદ્ધ થએલ મતદારયાદી પરથી રાજ્યની ૭૫ નગરપાલિકાઓના વોર્ડોની તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ વોર્ડવાર/વિભાગવાર ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવા આયોગના વંચાણવાળા તા. ૧૪-૮-૨૦૧૨ તથા ૧૭-૯-૨૦૧૨ના આદેશથી મતદાર યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવા કાર્યક્રમ જારી કરવામાં આવેલ. કાર્યક્રમ મુજબ આ નગરપાલિકાઓની મતદાર યાદીની તા. ૨૭-૮-૨૦૧૨ ના રોજ પ્રાથમિક પ્રસિધ્ધી થયેલ છે.

વિધાનસભાની મતદાર યાદીની આખરી પ્રસિધ્ધી તા. ૩૧-૮-૨૦૧૨ના રોજ થયેલ છે એટલે વિધાનસભામાં જે મતદારોનાં નામોમાં વધારો થયેલ હોય, કમી થયા હોય અને સુધારા થયા હોય તેમજ સર્વિસ વોટર્સ સહિત વિગેરે બાબતની જે તે નગરપાલિકાના મતદારો માટે ચકાસણી કરી, ક્ષતિરહિત અદ્યતન કરવાની થાય છે. એટલે ૭૫ નગરપાલિકાના વોર્ડવાર/વિભાગવાર તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ફોટાવાળી મતદાર યાદીની આખરી પ્રસિધ્ધી તા. ૧૮-૧૦-૨૦૧૨ના રોજ કરવાની હતી તે પૈકી જે નગરપાલિકાઓની સદરહુ તારીખે મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ થઇ શકેલ નથી તેવી નગરપાલિકાઓ માટે તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિની મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરવા માટે આયોગ નીચે પ્રમાણેનો સુધારેલો કાર્યક્રમ નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧	નિયમ-૭(૧) અન્વયે કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર/વિભાગવાર સને-૨૦૧૨ની મૂળ ફોટાવાળી મતદાર યાદી તથા ૨૦૧૨ની પુરવણી મતદારયાદીની આખરી પ્રસિધ્ધીની તારીખ	૨૯-૧૦-૨૦૧૨

જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરોએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા ૭૫ નગરપાલિકાઓના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રી તથા નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રીને જિલ્લા કક્ષાએ બોલાવી સૂચનાઓ આપવાની રહેશે અને તેઓને આ આદેશની નકલો આપી કાર્યક્રમ અનુસાર અમલ કરાવી તે અંગેની માહિતી પણ મોકલવાની રહેશે.

આ આદેશ પ્રમાણે પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ સંબંધે રાજ્ય ચૂંટણી આયોગને વિગતો મોકલી આપવાની રહેશે.

આદેશથી,

પી.એસ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 335

REGISTERED NO. L2/RNP/G/ GNR/ 84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] SATURDAY, OCTOBER 20, 2012/ASVINA 28, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi-110001

Dated : 10th October. 2012, 18 Asvina, 1934 (Saka).

NOTIFICATION

No. 56/2011 (v)/PPS-II - In pursuance of sub-paragraph (2) of paragraph 17 of the Election Symbols (Reservation & Allotment) Order, 1968, the Election Commission of India hereby makes the following amendments to its Notification No. 56/2011/PPS-II, dated 28.12.2011, as amended from time to time, namely: -

1. *In Table II* (State Parties), appended to the said Notification -

(i) Against '10. Kerala':-

(a) the entries in Column Nos. 3, 4 and 5 relating to "2. Kerala Congress" and "5. Kerala Congress (Anti-Merger Group)" shall be deleted; and

(b) the entries "3. Kerala Congress (M)" and "4. Indian Union Muslim League" in column 3 shall be renumbered as "2. Kerala Congress(M)" and "3. Indian Union Muslim League" respectively.

(ii) Against '12. Manipur', the following entries shall be inserted under Column Nos. 3, 4 and 5:-

"4. All India Trinamool Congress	Flower and Grass	30-B, Harish Chatterjee Street, Kolkata-700026 (West Bengal)
5. Manipur State Congress Party	Cultivator Cutting Crop	Keishampat (Opposite Raj Bhawan), Imphal-795 001 (Manipur).
6. Naga Peoples Front	Cock	Post Box No.565, Kohima-797001, Nagaland.
7. People's Democratic Alliance	Crow	Ragailong, Imphal-795 001, Manipur.";

(iii) Against '13. Meghalaya', the following entries shall be inserted under Column Nos. 3, 4 and 5:-

"2. Hill State People's Democratic Party	Lion	Kench's Trace, Laban, Shillong 739004. (Meghalaya)";

(iv) Against '17. Puducherry', the following entries shall be inserted under Column Nos. 3, 4 and 5:-

"4. Pattali Makkal Katchi	Mango	63, Nattu Muthu Naiken Street, Vanniya Teynampet, Chennai-600018 (Tamil Nadu)";

(v) Against '20. Tamilnadu' , the following entries shall be deleted from Column Nos. 3,4, and 5:-

"3. Pattali Makkal Katchi	Mango	63, Nattu Muthu Naiken Street, Vanniya Teynampet, Chennai-600018 (Tamil Nadu)".

2. *In Table III* (Registered un-recognised parties), appended to the said Notification -

(i) The following existing entries shall be deleted: -

"

465.	Hill State People's Democratic Party	Kench's Trace, Laban, Shillong 739004. (Meghalaya)
864	People's Democratic Alliance	Ragailong, Imphal-795 001, Manipur.
747.	Manipur State Congress Party	Keishampat (Opposite Raj Bhawan), Imphal-795001 (Manipur)";

(ii) After the existing entries at Sl. No. 1334, the following entries shall be inserted under Column Nos. 1, 2 & 3, respectively: -

INDEX

1335.	Kerala Congress	67, Kumaranasn Nagar, Kadavanthara, P.O. Ernakulam, Kerala.
1336.	Desh Shakti Party	14/39, Indira Nagar, Lucknow, Uttar Pradesh.
1337.	Rashtriya Ekta Party	H.No. 83, Ground Floor, Gali No. 4, Near Chand Masjid, Jafarabad, Delhi – 110053.
1338.	Telangana Sakalajanula Party	H. No. 4-2-99, NFC (Nuclear Fuel Corporation Colony), Bandlaguda Jagir (Village) & (Post), Rajendra Nagar Mandal, Ranga Reddy Dist. – 500 086 Andhra Pradesh
1339.	Utkal Bharat	Plot No. 296/2624, At – Govinda Prasad, East Canal Road, In front of Twin Bridge, P.O. – G.G.P. Colony, Bhubaneswar-751010 Odisha.
1340.	Perunthalaivar Makkal Katchi	'NRD Towers', First Avenue , Ashok Nagar, Chennai-600 083 Tamil Nadu.
1341.	YSR Bahujana Party	28/434, Rameshwaram, Proddatur-516360, Kadapa District, Andhra Pradesh.
1342.	Ambedkar National Makkal Katchi	Door No. 53, Gandhi Road, (formerly Peeran Lane), Thirupattur, Vellore District, Pin-635601 Tamil Nadu.
1343.	Rashtriya Jansangh	Old 20, New 35, Victoria Park, Sports Colony, Meerut, Uttar Pradesh

INDEX

1344.	Begumpura Sanjha Front	193, New Rasila Nagar, Basti Danishmandan, Jalandhar, Punjab.
1345.	Samaikya Telugu Rajyam	D. No.1-39-B(Serial No. 1026A), Chayapuram Village, Vajrakarur Mandal, Anantapur District, Andhra Pradesh-515842.
1346.	Rashtriya Karmyog Party	Village & P.O. – Sultanpur, Tehsil – Nilokheri, Distt. – Karnal, Haryana-132116.
1347.	Badavara Shramikara Raitara Congress Party	1/A, Parvathi Nagar Main Road, Bellary-583103 Karnataka
1348.	Himachal Lokhit Party	Shastri Bhawan, Devnagar, Kasumpti, Shimla-171009 Himachal Pradesh.
1349.	Rashtriya Janmat Party	Village – Fatuha, Post – Hanumanganj, Distt. – Allahabad, Uttar Pradesh.
1350.	Akhand Bharatheeya Aawaaz	A – 54, Manek Nagar CHS Ltd., M.G. Road, Kandivali (West), Mumbai - 400067 Maharashtra.
1351.	Rashtriya Jantantrik Bharat Vikas Party	Govind Chikitsalya, Parsiya Morh, Rasulpur, Rasraha, Balia, Uttar Pradesh.
1352.	Indians Front	37-12-62, NGGO's Colony, P.R. Gardens, Visakhapatnam – 530 007 Andhra Pradesh.
1353.	National Secular Conference	MISFA, Koduvally (P.O.), Kozhikode DT., Kerala - 673572.

1354.	Anaithu Makkal Munnetra Kazhagam	D. No. 199/416 (RS No. 177-1B), 1st Floor, Arcot Road, Vadapazhani Chennai-600 026 Tamil Nadu.
1355.	Rashtriya Jatigat Aarakshan Virodhi Party	788-E/24, In Front of Union Bank, Near of old Court, Rohtak Road, Sonepat-131001 Haryana.
1356.	Indian Krantikari Lehar	Mohalla Dhudi Wala, Bazigar Basti, Faridkot, Distt. – Faridkot, Punjab.
1357.	Indian People's Conference Party	H/o Makhdoom Sahib, House No. 51, Rainawari, Srinagar, Kashmir, Jammu & Kashmir.
1358.	Jan Lokmat Party	2, Hasrat Building, Adhyatmik Nagar, Beneath Rly. Fly Over, Dasna, Ghaziabad-201302 Uttar Pradesh.
1359.	Bharatiya Mool Niwasi Samaj Party	77/129, Bhagat Singh Colony, Tarla Adhoiwala, Dehradun, Uttarakhand.
1360.	Public Development Party	Murlipur Shekh Salah Takiya, Chinhat, Lucknow, Uttar Pradesh.
1361.	Samarth Kisan Party	Prabandhak – Mother Teresa Convent School, Village & Post – Manauri, Tehsil – Chayal, Janpad – Kaushambi, Uttar Pradesh.
1362.	Sarva Janata Party	Central Party Office # 17, Javalli (Village), Pillangere (Post), Shimoga (Taluk), District – Shimoga - 577227 Karnataka.

1363.	Vijaya Bharatha Makkal (People) Party	70, 2nd Floor, Braod Bazzar Street, Ambur-635802, Vellore District, TAMIL NADU
1364.	United People's Front	City Regency Building, R.K.B. Road, Dibrugarh, ASSAM-786001
1365.	India Makkal Munnetra Katchi	95, Cauveri Street, Bhavani – 638301, Erode District, TAMIL NADU.
1366.	All India Stree Shakti	II-257/1, Co.Op. Society Colony, Madanapalle-517325, Chittor District, ANDHRA PRADESH.

";

(iii) Against serial number 1115, the existing entry under column 2 relating to name of the party, shall be substituted by the entry " Public Party."

3. In Table IV (List of Free Symbols), appended to the said Notification, the following entry shall be deleted:-

"30. Crown".

By order,

(K.F. WILFRED)
PRINCIPAL SECRETARY
ELECTION COMMISSION OF INDIA

INDEX

भारत निर्वाचन आयोग

निर्वाचन सदन,
अशोक रोड,
नई दिल्ली– 110001.

दिनांक: 10 अक्तूबर , 2012
18 आश्विन, 1934 (शक)

अधिसूचना

सं0 56/2011(V)/रा0द0अनु0–II निर्वाचन प्रतीक (आरक्षण तथा आबंटन) आदेश, 1968 के पैरा 17 के उप–पैरा 2 के अनुसरण में, भारत निर्वाचन आयोग, समय–समय पर यथा संशोधित, अपनी अधिसूचना सं0 56/2011/ रा0द0अनु0–II, तारीख 28.12.2011 में एतद्द्वारा निम्नलिखित संशोधन करता है, अर्थात्:–

1. उक्त अधिसूचना से संलग्न सारणी–II (राज्यीय दल) में :–

(I) '10. केरल' के सामने :–

(क) स्तम्भ 3, 4 व 5 पर "2. केरल काँग्रेस " तथा "5. केरल काँग्रेस (एंटी मर्जर ग्रुप), से संबंधित प्रविष्टियों को विलोपित किया जाएगा तथा

(ख) स्तम्भ 3 पर विद्यमान प्रविष्टियों " 3. केरल काँग्रेस (एम) तथा "4. इण्डियन यूनियन मुस्लिम लीग" को कमशः "2. केरल काँग्रेस (एम) " तथा 3. इण्डियन यूनियन मुस्लिम लीग" के रूप में पुनःक्रमांकित किया जाएगा ।

(II) '12. मणिपुर' के सामने स्तम्भ 3, 4 व 5 पर विद्यमान निम्नलिखित प्रविष्टियाँ कमशः अन्तःस्थापित की जाएंगी :–

"4.	ऑल इंडिया तृणमूल काँग्रेस	पुष्प और तृण	30–हरीश चटर्जी स्ट्रीट, कोलकाता –700026, पश्चिम बंगाल ।
5.	मणिपुर स्टेट काँग्रेस पार्टी	फसल काटता किसान	कैशमपट(राज भवन के सामने), इम्फाल – 795001, मणिपुर ।
6.	नागा पीपुल्स फ्रन्ट	मुर्गा	पोस्ट बॉक्स नं0 565, कोहिमा – 797001, नागालैण्ड ।
7.	पीपुल्स डेमोक्रेटिक एलाइन्स	मुकुट	रागैलांग, इम्फाल – 795001, मणिपुर । ";

(III) '13. मेघालय' के सामने स्तम्भ 3, 4 व 5 पर विद्यमान निम्नलिखित प्रविष्टियाँ कमशः अन्तःस्थापित की जाएंगी :–

"2.	हिल स्टेट पीपुल्स डेमोक्रेटिक पार्टी	शेर	केन्वस ट्रेश, लाबान, शिलांग–739004 मेघालय । ";

INDEX

(iv) '17. पुदुचेरी' के सामने स्तम्भ 3, 4 व 5 पर विद्यमान निम्नलिखित प्रविष्टियाँ क्रमशः अन्तःस्थापित की जाएंगी :–

"4.	पट्टालि मक्कल कॉची	आम	63, नाट्टू मुथू नाइकेन स्ट्रीट, वनीया तेयनामपेट, चेन्नई–600018, तमिलनाडु । ";

(v) '20. तमिलनाडु' के सामने स्तम्भ 3, 4 व 5 पर विद्यमान निम्नलिखित प्रविष्टियाँ विलोपित की जाएंगी :–

"3.	पट्टालि मक्कल कॉची	आम	63, नाट्टू मुथू नाइकेन स्ट्रीट, वनीया तेयनामपेट, चेन्नई–600018, तमिलनाडु। ";

2. उक्त अधिसूचना से संलग्न सारणी–III (रजिस्ट्रीकृत अमान्यता प्राप्त दल) में–

(i) स्तम्भ 1, 2 व 3 के अन्तर्गत क्र0 सं0 465, 864, 747 पर विद्यमान निम्नलिखित प्रविष्टियों को विलोपित किया जाएगा :–

"465.	हिल स्टेट पीपुल्स डेमोक्रेटिक पार्टी	केन्चस ट्रेश, लाबान, शिलांग, मेघालय ।
864.	पीपुल्स डेमोक्रेटिक एलाइन्स	रागैलांग, इमफाल – 795001, मणिपुर ।
747.	मणिपुर स्टेट कॉंग्रेस पार्टी	कैशमपट(राज भवन के सामने), इम्फाल – 795001, मणिपुर "।

(ii) स्तम्भ 1, 2 व 3 के अन्तर्गत क्र0 सं0 1334 पर विद्यमान प्रविष्टियों के पश्चात् निम्नलिखित प्रविष्टियाँ क्रमशः अन्तःस्थापित की जाएंगी :–

"1335.	केरल कॉंग्रेस	67, कुमारानसन नगर, कादवानथारा, पो0ऑ0एरनाकुलम, केरल ।
1336.	देश शक्ति पार्टी	14/39, इन्दिरा नगर, लखनऊ, उत्तर प्रदेश ।
1337.	राष्ट्रीय एकता पार्टी	सी0 एन0–716, तालीवालान, सी0 एन0– ब्लॉक, आनन्द पर्वत, नई दिल्ली–110005.

INDEX

1338.	तेलंगाना सकलाजनुला पार्टी	म0 नं0 4–2–99, एन एफ़ सी (न्यूक्लियर फ़्यूल कारपोरेशन कॉलोनी),बंदलागुडा जागीर (गांव) व (पोस्ट), राजेन्द्र नगर मण्डल, रंगा रेड्डी, जिला–500086, आन्ध्र प्रदेश ।
1339.	उत्कल भारत	प्लॉट नं0 296/2624, स्थान–गोविन्दा प्रसाद,ईस्ट कनाल रोड, ट्विन ब्रिज के सामने,पो0 ऑ0–जी0 जी0 पी0 कॉलोनी, भुवनेश्वर–751010, उडीसा ।
1340.	पेरून्थालाईवर मक्कल कॉची	एन आर डी टॉवरस, प्रथम एवेन्यू, अशोक नगर, चेन्नई–600083 तमिलनाडु ।
1341.	वाई.एस.आर. बहुजन पार्टी	28/434, रामेश्वरम्, प्रोद्दातुर–516360, जिला–कडपा, आन्ध्र प्रदेश ।
1342.	अम्बेडकर नेशनल मक्कल कॉची	दरवाजा नं0 53, गॉधी रोड (फोर्मर्ली पीरन लेन), थिरूपत्तूर, जिला–वेल्लोर, पिन कोड–635601, तमिलनाडु ।
1343.	राष्ट्रीय जनसंघ	पुराना–20, नया–35, विक्टोरिया पार्क, स्पोर्टस कॉलोनी, मेरठ, उत्तर प्रदेश ।
1344.	बेगमपुरा सांझा फ्रंट	रसीला नगर, बस्ती दनिश्मंदन जालंधर, पंजाब ।
1345.	समैक्या तेलुगु राज्यम	डी. नं0 1–39–बी(कम सं0 1026ए), चायापुरम गॉव, वज्राकरूर मंडल, अनन्तपुर जिला, आन्ध्र प्रदेश – 515842.
1346.	राष्ट्रीय कर्मयोग पार्टी	गॉव व पोस्ट – सुल्तानपुर, तहसील – नीलोखेड़ी, हरियाणा – 132116.
1347.	बडावारा श्रमिकारा रैतारा कांग्रेस पार्टी	1/ए, पारवथी नगर मेन रोड, बेल्लारी–583103, कर्नाटक ।
1348.	हिमाचल लोकहित पार्टी	शास्त्री भवन, देव नगर, कासुम्पटी, शिमला – 171009, हिमाचल प्रदेश ।
1349.	राष्ट्रीय जनमत पार्टी	ग्राम–फतूहा, पोस्ट–हनुमानगंज, जिला–इलाहाबाद, उत्तर प्रदेश ।

INDEX

1350.	अखण्ड भारथीय आवाज	ए–54, मानेक नगर, सी0 एच0 एस0 लिमिटिड, एम0 जी0 रोड़, कान्डीवाली (पश्चिम), मुम्बई–400067, महाराष्ट्र ।
1351.	राष्ट्रीय जनतांत्रिक भारत विकास पार्टी	गोविन्द चिकित्सालय, परसिया मोड़, रसूलपुर, रसड़ा–बलिया, उत्तर प्रदेश ।
1352.	इंडियनस फ्रंट	37–12–62, एन0जी0जी0ओ0एस0 कॉलोनी, पी0 आर0 गार्डन्स, विशाखापट्टनम–530007, आन्ध्र प्रदेश ।
1353.	नेशनल सेक्यूलर कान्फ्रेंस,	एम0आई0एस0एफ0ए0, कोडुवली (पी0 ओ0), कोझिकोड डी टी., केरल–673572.
1354.	अनाईथू मककल मुन्नेत्र कड़गम	डी नं0–199/416(आर0 एस0 नं0 177–1बी), प्रथम तल, आरकोट रोड, वडापझानी, चेन्नई–600026, तमिलनाडु ।
1355.	राष्ट्रीय जातिगत आरक्षण विरोधी पार्टी	788–ई/24, यूनियन बैंक के सामने, नजदीक पुरानी कचहरी, रोहतक रोड, सोनीपत –131001, हरियाणा।
1356.	इंडियन कातिकारी लहर	मुहल्ला टुडी वाला, बाजीगर बस्ती, फरीदकोट, जिला–फरीदकोट, पंजाब ।
1357.	इंडियन पीपुल्स कॉफ्रेंस पार्टी	मखदूम साहिब, मकान नं0 –51, रैनावारी, श्रीनगर, कश्मीर, जम्मू एण्ड कश्मीर ।
1358.	जन लोकमत पार्टी	2, हसरत बिल्डिंग, आध्यात्मिक नगर, रेलवे फ्लाई ओवर के नीचे, डासना, गाजियाबाद – 201 302, उत्तर प्रदेश।
1359.	भारतीय मूल निवासी समाज पार्टी	77/129, भगत सिहँ कालोनी, तरला अधोईवाला, देहरादून, उत्तराखण्ड।

1360.	पब्लिक डेवलेपमेंट पार्टी	गुरुद्वारा सिंह सलाह तकिया, चिनहट, लखनऊ, उत्तर प्रदेश।
1361.	समर्थ किसान पार्टी	प्रबंधक – मदर टेरेसा कान्वेंट स्कूल, ग्राम व पोस्ट – मनौरी, तहसील – चायल, जनपद – कौशाम्बी, उत्तर प्रदेश।
1362.	सर्व जनता पार्टी	सेन्ट्रल पार्टी ऑफिस # 17, जावाली (ग्राम), पिलंगिरी (पोस्ट), शिमोगा (तालुक), जिला – शिमोगा – 577 227, कर्नाटक।
1363.	विजय भारत मक्कल (पीपुल) पार्टी	70, द्वितीय तल, ब्रोड बाज.ार स्ट्रीट, अम्बूर–635802, जिला– वेल्लौर, तमिलनाडु
1364.	यूनाईटेड पीपुल्स फ्रंट	सिटी रेजेंसी बिल्डिंग, आर.के.बी. रोड, डिब्रुगढ़, असम–786001
1365.	इंडिया मक्कल मुन्नेत्र कॉची	95, कावेरी स्ट्रीट, भवानी–638301 जिला इरोड़, तमिलनाडु
1366.	ऑल इंडिया स्त्री शक्ति	।।–257/1, कॉपरेटिव सोसायटी कालोनी, मदनापल्ले–517325, चित्तूर, आंध्र प्रदेश ।

";

(iii) क्रम सं0 1115 के सामने स्तम्भ सं0 2 पर विद्यमान, नाम से संबंधित प्रविष्टि को, प्रविष्टि " पब्लिक पार्टी " से प्रतिस्थापित किया जाएगा ।

3. उक्त अधिसूचना से संलग्न सारणी –IV(मुक्त प्रतीकों की सूची) से निम्नलिखित प्रविष्टि को विलोपित किया जाएगा :–

"30. मुकुट" ।

आदेश से,

(के0 एफ0 विल्फ्रेड)
प्रधान सचिव
भारत निर्वाचन आयोग

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 336

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] TUESDAY, OCTOBER 23, 2012/KARTIKA 1, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૨.

આદેશ

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧-(૧૫) નો. ૨. નં. ૧૪-૧૦૨૦૧૨-ક.- રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવારો ઉભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષોની નોંધણી કરવા આયોગે તા. ૧૯-૧૧-૨૦૧૧ નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા-૪ માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

૧.	પક્ષનું નામ	: **ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) સી. પી. આઈ. (એમ.)**
૨.	સરનામું	: ગુજરાત રાજ્ય સમિતિ, પ્રાર્થના સમાજ, રાયખડ ચાર રસ્તા, અમદાવાદ
૩.	પક્ષના રાજ્ય મંત્રીનું નામ/સરનામું	: શ્રી અરૂણભાઈ મહેતા, ગુજરાત રાજ્ય સમિતિ, પ્રાર્થના સમાજ, રાયખડ ચાર રસ્તા, અમદાવાદ
૪.	અનામત રાખવા માંગણી કરેલ પ્રતિકની વિગત :	: હથોડો, દાતરડું અને તારો

ઉપરોક્ત અરજદાર પક્ષની અરજી અનુસંધાને રાજકીય પક્ષ તરીકે નોંધણી માટે રજુઆત કરનાર અરજદારની વિગતો આયોગે ચકાસણી કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઉભા રાખી ચૂંટણી લડવા માટે ઉક્ત અરજદારને નીચેની શરતોએ **ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) સી. પી. આઈ. (એમ.)** ને માન્ય રાજકીય પક્ષ તરીકે નોંધાયેલ પક્ષ તરીકે ગણવા તથા **'હથોડો', દાતરડું, અને તારો'** પ્રતિક અનામત તરીકે રાખવા આથી આદેશ કરે છે.

(૧) ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજ્ય ચૂંટણી આયોગ ગુજરાતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો/સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુક્ત, ન્યાયી, શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાના હેતુથી રાજ્ય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજ્ય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાના હોદેદારો/ પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજ્ય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજ્ય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના નિયુક્ત ચૂંટણી અધિકારીને પક્ષે ઉભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યકિતના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક-ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષે ઉભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવાર દીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ પૂરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સંદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજ્યની કોઈપણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં કોઈપણ પદાધિકારી/હોદા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનું નામ તથા તેમાં હોદો ધરાવતાં સભ્યો/પદાધિકારીઓની સંખ્યાની વિગતો મોકલશે.

(૧૦) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા, અથવા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન બળવત્તર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનું પાલન કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા. ૧૯-૧૧-૨૦૧૧ના ફકરા ક્રમાંક : ૫ માંની જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોક્ત શરતો તથા રાજ્ય ચુંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ/આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

પી. એસ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 337

REGISTERED NO. L2/RNP/G/ GNR/ 84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] THURSDAY, OCTOBER 25, 2012/KARTIKA 3, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi -110001

Dated : 19th October,2012
28 Asvina, 1934 (Saka)

NOTIFICATION

No.429/GJ-LA/2012 (1) – In pursuance of the provisions of sub-section (1) of section 13B of the Representation of the People Act, 1950 (43 of 1950), the Election Commission hereby directs, that the following amendments shall be made in its Notification No.429/GJ-LA/2008(2), dated 12.05.2008 as amended from time to time relating to the appointment of Assistant Electoral Registration Officer for the Assembly Constituencies in the State.

In Table appended to the said Notification under Column 2 against the Assembly Constituency No.53-Maninagar of Column 1 the following corresponding entry shall be substituted -

INDEX

TABLE

No. & Name of Assembly Constituency	Assistant Electoral Registration Officer
(1)	(2)
53-Maninagar	1.Mamlatdar, Ahmedabad City Taluka (East), District Ahmedabad

By Order,

HARBANS SINGH
SECRETARY TO THE
ELECTION COMMISSION OF INDIA

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi -110001

Dated : 19th October,2012
28 Asvina, 1934 (Saka)

NOTIFICATION

No. 434/GJ-LA/2012(2) .- In exercise of the powers conferred by sub-section (1) of section 22 of the Representation of the People Act, 1951 (43 of 1951), the Election Commission hereby directs that the following amendment shall be made in the Notification No. 434/GJ-LA/2012(2) dated 22nd Jun,2012 as amended from time to time relating to the appointment of Assistant Returning Officers for Assembly Constituencies in the Gujarat State.

In Table appended to the said Notification under column 2 against Assembly Constituency No.53-Maninagar &164-Udhna of Column 1 the following corresponding entry shall be substituted: -

TABLE

No. & Name of the Assembly Constituencies	Assistant Returning Officer
(1)	(2)
53-Maninagar	1. Mamlatdar, Ahmedabad City Taluka (East), District Ahmedabad
164-Udhna	3. Assistant District Registrar, District Panchayat, Surat

By Order,

(HARBANS SINGH)
SECRETARY TO THE
ELECTION COMMISSION OF INDIA

INDEX

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi -110001

Dated : 19th October,2012
28 Asvina, 1934 (Saka)

NOTIFICATION

No. 434/GJ-LA/2012(2) .- In exercise of the powers conferred by sub-section (1) of section 22 of the Representation of the People Act, 1951 (43 of 1951), the Election Commission hereby directs that the following amendment shall be made in the Notification No. 434/GJ-LA/2012(2) dated 22nd Jun,2012 as amended from time to time relating to the appointment of Assistant Returning Officers for Assembly Constituencies in the Gujarat State.

In Table appended to the said Notification under column 2 against Assembly Constituency No. 159, 161, 162, 163, 164, 165, 166 & 167 of Column 1, the following entries shall be deleted: -

TABLE

No. & Name of the Assembly Constituencies	Assistant Returning Officer
(1)	(2)
159-Surat East	2.Executive Engineer, North Central Zone, SMC, Surat
161-Varachha Road	3.Executive Engineer, (B), Varachha Zone, SMC, Surat
162-Karanj	4.Executive Engineer (A) Varachha Zone, S.M.C., Surat
163-Limbayat	1.Executive Engineer, Limbayat Zone, SMC, Surat
164-Udhna	2.Executive Engineer, Udhana Zone, SMC, Surat
165-Majura	2.Executive Engineer, Athwa Zone, SMC, Surat
166-Katargam	2.Executive Engineer, Katargam Zone, SMC, Surat
167-Surat West	1. Mamlatdar Jamabandhi, Audit & Inquiry Unit, Surat 2.Executive Engineer, Rander Zone, SMC, Surat

By Order,

HARBANS SINGH
SECRETARY TO THE
ELECTION COMMISSION OF INDIA

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 338

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] TUESDAY, OCTOBER 30, 2012/KARTIKA 8, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
ગાંધીનગર
જાહેરનામું

નંબર : ડીસી/વશી/૮૫૫૭ થી ૮૬૩૭/૨૦૧૨.- ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૨૧ અન્વયે ગુજરાત સરકારે તા. ૨૨-૯-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૫/સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ, તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૯/સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ તથા તા. ૧૮-૧૦-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.થી થી રાજયમાં જયારે જયારે ભારતના ચૂંટણી પંચ ધ્વારા લોકસભા કે રાજય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રેરીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફીસરશ્રીઓ, ફ્લાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જરૂરી જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે ભોગવવા અને આ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂક આપવી તે અંગેનો નિર્ણય સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ કરવા તથા જાહેરનામા અન્વયે મળેલ સત્તાનો દુરૂપયોગ અથવા ખોટી રીતે અમલ ન થાય તેવી જોગવાઈઓ સાથે જાહેરનામું બહાર પાડેલ છે.

વાસ્તે હું પી. સ્વરૂપ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આ સાથે પરિશિષ્ટમાં દર્શાવેલ અધિકારી/કર્મચારીઓને અગાઉ અત્રેના તા. ૬-૧૦-૨૦૧૨ના જાહેરનામાં નં. ડીસી/વશી/૭૬૮૦ થી ૭૭૬૫/૨૦૧૨ થી આપેલ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના કાર્યક્ષેત્રમાં અને નિમણૂકમાં થયેલ ફેરફાર અનુસાર પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને સરકારશ્રીના ઉક્ત જાહેરનામા અનુસાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ "ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ" તરીકે અધિકૃત કરી અને કાયદાની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો ભોગવવા અધિકૃત કરેલ છે, તે મુજબ આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અન્વયે ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં સમાવિષ્ટ ૩૪-ઉહેગામ, ૩૫-ગાંધીનગર (દક્ષિણ),

૩૬-ગાંધીનગર (ઉત્તર), ૩૭-માણસા અને ૩૮ કલોલ વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીના કામે આ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન/ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે સમયગાળા સુધી સરકારશ્રીના ઉક્ત જાહેરનામાને આધીન પરિશિષ્ટના કોલમ-૨માં દર્શાવેલ અધિકારી/કર્મચારીઓને પરિશિષ્ટના કોલમ-૫ માં દર્શાવેલ વિસ્તાર માટે ભોગવવા હુકમ કરું છું.

આજ તા. ૨૨-૧૦-૨૦૧૨ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યા.

તા. ૨૨મી ઓક્ટોબર, ૨૦૧૨.

પી. સ્વરૂપ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

પરિશિષ્ટ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ માટે નિમણૂક કરેલ "ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રી" ઓની વિગત (જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરના તા. ૬-૧૦-૨૦૧૨ના હુકમ નં. ડીસી-વશી-૭૬૮૦ થી ૭૭૬૫/૨૦૧૨)

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદ્દો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સીઆરપીસી ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
	શ્રી કે. કે. પટેલ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ગાંધીનગર	જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ, ગાંધીનગર જિલ્લાના મહેસૂલ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી નરેશભાઈ જે. પટેલ સી. આર. સી. ઓફીસર	સી. આર. સી. ભવન, દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ) ૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જી. એસ. પટેલ અ.મ.ઈ.શ્રી	તાલુકા પંચાયત દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી સી. કે. પટેલ અ.મ.ઈ.શ્રી	તાલુકા પંચાયત દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી આર. એસ., પુજારા નાયબ હિસાબનીશશ્રી	તાલુકા પંચાયત દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી એસ. કે. ગજજર અ.મ.ઈ.શ્રી	નર્મદા યોજના નહેર પેટા વિભાગ નં. ૩/૬ દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી બી. એમ. દેસાઈ વહીવટી અધિકારીશ્રી	બ્લોક હેલ્થ કચેરી, સેકટર-૧૬, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ) ૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી આર. એસ. પટેલ નાયબ ચિટનીશશ્રી	ડી. આર. ડી. એ. શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી એ. એન. પટેલ અ.મ.ઈ.શ્રી	જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી વાય. ડી. મોમીન અ.મ.ઈ.શ્રી	જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી એમ. એમ. શેખ નાયબ ચિટનીશશ્રી	આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ

INDEX

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદ્દો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સીઆરપીસી ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૫	શ્રી એ. એમ. વાસણવાળા નાયબ હિસાબનીશશ્રી	હિસાબી શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૬	શ્રી પી. કે. વણકર આંકડા મદદનીશશ્રી	આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૭	શ્રી પી. આર. રાઓલ સિનિયર ક્લાર્ક	જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૮	શ્રી ડી. ટી. પટેલ મ. ખે. નિ.શ્રી	ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી એમ. જી. મિસ્ત્રી મદદનીશ ઈજનેરશ્રી	કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ) ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી એમ. બી. ભગોરા હિસાબનીશશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી પી. જે. ઠક્કર સબ ઓડીટરશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી એલ. બી. માહલા ઓડીટરશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી પી. પી. મહેતા શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૫	શ્રી આર. એમ. બાથાણી શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૬	શ્રી એસ. એસ. શાહ શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી ડી. કે. પટેલ મેન્ટેનન્સ સર્વેયરશ્રી	સીટી સર્વે કચેરી, માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ) ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ

INDEX

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સીઆરપીસી ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	શ્રી આર. એ. પટેલ વિસ્તરણ અધિકારી (ખેતી)	તાલુકા પંચાયત માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી જી. વી. પટેલ વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી)	તાલુકા પંચાયત માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી એન. ઓ. દેસાઈ ગ્રામ સેવક (ખેતી)	તાલુકા પંચાયત માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી એમ. એસ. પ્રજાપતિ ગ્રામસેવક (ખેતી)	તાલુકા પંચાયત માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી પ્રદિપ દવે કચેરી અધિક્ષકશ્રી	નગર પાલિકા કચેરી, કલોલ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (સ્ટેટીક સર્વેલન્સ ટીમ) ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી પી. એન. પટેલ વિસ્તરણ અધિકારીશ્રી	તાલુકા પંચાયત કલોલ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી પી. એમ. પરમાર વિસ્તરણ અધિકારીશ્રી	તાલુકા પંચાયત કલોલ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી વાય. ડી. બારીયા વિસ્તરણ અધિકારીશ્રી	તાલુકા પંચાયત કલોલ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી પી. એન. પટેલ વિસ્તરણ અધિકારીશ્રી	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના પેટા વિભાગ ૬/૭ કલોલ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
રીઝર્વ ટીમ- ૧	શ્રી એસ. જે. વ્યાસ ગ્રામ સેવક	તાલુકા પંચાયત કચેરી, દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૨	શ્રી આર. આર. પટેલ આ.મ.ઈ.શ્રી	માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, દહેગામ	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૩	શ્રી સી. કે. પટેલ આ.મ.ઈ.શ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૪	શ્રી જે. પી. પટેલ વિસ્તરણ અધિકારી	તાલુકા પંચાયત કચેરી, માણસા	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૫	શ્રી આર. આઈ. પટેલ નાયબ ચિટનીશશ્રી	કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા પંચાયત ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૬	શ્રી વી. બી. શાહ મદદનીશ ઈજનેરશ્રી	કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા પંચાયત ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૭	શ્રી પી. પી. પટેલ મદદનીશ ઈજનેરશ્રી	કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા પંચાયત ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૮	શ્રી કે. એમ. ગોરાવાલા સીનીયર ક્લાર્ક	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર

INDEX

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદ્દો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સીઆરપીસી ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
રીઝર્વ ટીમ- ૯	શ્રી બી. સી. પટેલ સીનીયર ક્લાર્ક	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	સ્ટેટીક સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
	શ્રી બહાદુરસિંહ સોલંકી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર	જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બહુમાળી ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ, ગાંધીનગર જિલ્લાના મહેસૂલ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી એમ. જી. મનસુરી સીટી સર્વે સુપ્રિ. શ્રી	સીટી સર્વે સુપ્રિ. ની કચેરી, દહેગામ	વિડીયો સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ) ૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જે. એન. વાઘેલા ગ્રામ સેવક	તાલુકા પંચાયત કચેરી, દહેગામ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી કે. એમ. રાઠોડ ખેતીવાડી મદદનીશશ્રી	ફળ સંશોધન કેન્દ્ર, દહેગામ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી ડી. એચ. રાઠોડ તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી	શિક્ષણ શાખા, તાલુકા પંચાયત કચેરી, દહેગામ.	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી એસ. જે. ઝાલા ગ્રામ સેવકશ્રી	આઈ. આર. ડી. શાખા, તાલુકા પંચાયત કચેરી, દહેગામ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી કે. ડી. પ્રજાપતિ વહીવટી અધિકારીશ્રી	આરોગ્ય શાખા જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ) ૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જી. એચ. ડામોર સિનીયર ક્લાર્કશ્રી	આરોગ્ય શાખા જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી મણીભાઈ પરમાર સિનીયર ક્લાર્કશ્રી	સિંચાઈ પેટા વિભાગ, સેકટર-૭, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી ડી. બી. ઠાકોર સિનીયર ક્લાર્કશ્રી	આરોગ્ય શાખા જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૫-ગાંધીનગર (દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી એન. વી. ચૌધરી મદદનીશ ઈજનેરશ્રી	કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧ ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ) ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી સી. એમ. કડીયા શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ

INDEX

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદ્દો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સીઆરપીસી ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૨	શ્રી આર. કે. ગોસાઈ શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી એસ. એસ. દરજી શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી જે. પી. પટેલ વિસ્તાર અધિકારી (IRDP)	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ) ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જી. કે. પટેલ આંકડા મદદનીશશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી આર. કે. શાહ સિનિયર ક્લાર્કશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી આર. એમ. ચૌધરી સીનીયર ક્લાર્કશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી ડી. જે. ચૌધરી સીનીયર ક્લાર્કશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
	શ્રી કે. એસ. ચાવડા બી.આર.સી. કો. ઓર્ડીનેટર	બી. આર. સી. ભવન, કલોલ	વિડીયો સર્વેલન્સ ટીમ	મદદનીશ નોડલ અધિકારીશ્રી (વિડીયો સર્વેલન્સ ટીમ) ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જે. બી. દવે આંકડા મદદનીશશ્રી	તાલુકા પંચાયત કચેરી, કલોલ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૨	શ્રી બી. જે. પ્રજાપતિ સ. ઈ. શ્રી.	તાલુકા પંચાયત કચેરી, કલોલ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૩	શ્રી પી. આઈ. પ્રજાપતિ સીનીયર ક્લાર્કશ્રી	બ્લોક હેલ્થ કચેરી, કલોલ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
૪	શ્રી કે. એલ. દેસાઈ સીનીયર ક્લાર્કશ્રી	બ્લોક હેલ્થ કચેરી, કલોલ	વિડીયો સર્વેલન્સ ટીમ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
રીઝર્વ ટીમ- ૧	શ્રી આર. આર. પટેલ શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૨	શ્રી એસ. એમ. ગુર્જર સિનિયર ક્લાર્કશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર

INDEX

ટીમ નંબર	કર્મચારી/અધિકારીશ્રીનું નામ/હોદ્દો	કચેરીનું નામ	નિમણૂક કરવામાં આવેલ ટીમની વિગત	સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના અધિકારનો હકુમત વિસ્તાર
૧	૨	૩	૪	૫
રીઝર્વ ટીમ- ૩	શ્રી એચ. એન. સુથાર સિનિયર ક્લાર્કશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૪	શ્રી એમ. કે. વાઘેલા સિનિયર એકાઉન્ટ ક્લાર્કશ્રી	હિસાબી શાખા જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૫	શ્રી એ. એમ. પરમાર સિનિયર ક્લાર્કશ્રી	શિક્ષણ શાખા જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૬	શ્રી વી. એન. પ્રજાપતિ ગ્રામ સેવકશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૭	શ્રી એસ. આર. ભાટી ગ્રામ સેવકશ્રી	તાલુકા પંચાયત કચેરી, માણસા	વિડીયો સર્વેલન્સ ટીમ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
	શ્રી એમ. એચ. શેખ મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી	મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, જિલ્લા સેવા સદન, ગાંધીનગર	ફ્લાઈંગ સ્કોવડ	નોડલ અધિકારીશ્રી (ફ્લાઈંગ સ્કવોડ), ગાંધીનગર જિલ્લાના મહેસૂલ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી ડી. આર. ખન્ના અ.મ.ઈ.શ્રી	તાલુકા પંચાયત કચેરી, દહેગામ	ફ્લાઈંગ સ્કવોડ	૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જે. એમ. ઠાકોર સર્કલ ઈન્સ્પેકટરશ્રી	તાલુકા પંચાયત કચેરી, ગાંધીનગર	ફ્લાઈંગ સ્કવોડ	૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી જે. એમ. મલેક શિરસ્તેદારશ્રી	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર	ફ્લાઈંગ સ્કવોડ	૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી એસ. આર. ભાટી ગ્રામસેવક	તાલુકા પંચાયત કચેરી, માણસા	ફ્લાઈંગ સ્કવોડ	૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ
૧	શ્રી વી. આર. બારોટ વિસ્તરણ અધિકારીશ્રી	તાલુકા પંચાયત કચેરી, કલોલ	ફ્લાઈંગ સ્કવોડ	૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ
રીઝર્વ ટીમ- ૧	શ્રી જી. એસ. પરમાર કચેરી અધિક્ષકશ્રી	નિયામકશ્રી, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગર	ફ્લાઈંગ સ્કવોડ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર
રીઝર્વ ટીમ- ૨	શ્રી બી. એમ. પંચાસરા સિનિયર ક્લાર્કશ્રી	નિયામકશ્રી, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગર	ફ્લાઈંગ સ્કવોડ	જરૂરિયાતના પ્રસંગે ફરજો સોંપવામાં આવે તે વિસ્તાર

તા. ૨૨-૧૦-૨૦૧૨

પી. સ્વરૂપ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 339

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] TUESDAY, OCTOBER 30, 2012/KARTIKA 8, 1934

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

નંબર : ડીસી/વિ.સા.ચૂં.૨૦૧૨/વશી/૮૨૪૪-૮૨૮૦/૨૦૧૨.-ભારતના ચૂંટણી પંચ ધ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૨ બે તબક્કામાં યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ ગુજરાત વિધાનસભાની (૧) ૩૪-દહેગામ, (૨) ૩૫-ગાંધીનગર (દક્ષિણ), (૩) ૩૬-ગાંધીનગર (ઉત્તર) (૪) ૩૭-માણસા અને (૫) ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગની પાંચ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ બીજા તબક્કામાં યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા. ૨૩-૧૧-૨૦૧૨, મતદાનની તારીખ : ૧૭-૧૨-૨૦૧૨, મતગણતરીની તા. ૨૦-૧૨-૨૦૧૨ અને ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તારીખ : ૨૪-૧૨-૨૦૧૨ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૧૨, તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાનાર છે. ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે **હું ડૉ. એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** જિલ્લો, ગાંધીનગર તે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

INDEX

તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત પ્રચાર માટે કરવો.

(૨) મતદારોને ધામ-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપુર્વક વિનંતિ કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચૂંટણી પંચે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારને લાગુ પડશે.
